અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:9, Issue: 215, Dt.24-06-2024 (Monday)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti
Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2024-26,VALID UP TO 31-12-2026 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

સુવિચાર

જીવનમાં થતી બધી ભૂલોમાંથી અડધી ભૂલો માત્ર એક વસ્તુ ને કારણે થાય છે અને એ છે લાગણી!

સંસદ સત્રમાં NEET કૌભાંડનો વિરોધ

૨૦૧૪ અને ૨૦૧૯ની સરખામણીએ આ વખતે ભાજપ પાસે પૂર્ણ બહુમતીવાળી સરકાર નથી

નવી દિલ્હી, તા.૨૪

૧૮મી લોકસભાનું પ્રથમ સત્ર શરૂ થઈ ગયું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ લોકસભાના સભ્ય તરીકે શપથ લીધા. જ્યારે શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનનું નામ શપથ માટે બોલાવવામાં આવ્યું ત્યારે વિપક્ષે નારા લગાવ્યા. વિપક્ષે NEET પેપર હેરાફેરી મામલે તેમના રાજીનામાની પણ માગ કરી છે.

સત્રની શરૂઆત પહેલા સંસદ પહોંચેલા વડાપ્રધાન મોદીએ કહ્યું દેશ ચલાવવા માટે દરેકની સહમતિ જરૂરી છે. અમે બધાને સાથે લઈ આગળ વધવા ઇચ્છીએ છીએ. અમે બંધારણની મર્યાદાઓનું પાલન કરીને દેશને આગળ લઈ જવા માગીએ છીએ. દેશને જવાબદાર વિપક્ષની જરૂર છે. નવા સાંસદો આજે અને આવતીકાલે સંસદમાં શપથ લેશે. આ દરમિયાન સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુ રાષ્ટ્રપતિ ભવનમાં હાજર હતા.

બાડમેર લોકસભા મત વિસ્તારમાંથી નવા ચૂંટાયેલા સાંસદ ઉમેદરામ બેનીવાલે સૌપ્રથમ સંસદ ભવનની સીડી પર પ્રણામ કર્યા. આ પછી બિલ્ડીંગમાં પ્રવેશ્યા. તેમના હાથમાં 'ભારતનું બંધારણ' પુસ્તક હતું. શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ઉડિયામાં શપથ લીધા. તેમનું નામ બોલતાની સાથે જ વિપક્ષે શેમ-શેમના નારા લગાવીને NEET પેપરની હેરાફેરીનો વિરોધ કર્યો હતો. વડાપ્રધાન મોદીએ કહ્યું દેશને એક સારા અને જવાબદાર વિપક્ષની જરૂર છે. જે સાંસદો જીત્યા છે તે લોકોની અપેક્ષાઓ પૂર્ણ કરશે. ૨૫ કરોડ નાગરિકોને ગરીબીમાંથી બહાર કાઢવા, એ વિશ્વાસ પેદા કરે છે કે અમે ભારતને ગરીબીમાંથી મુક્ત કરવામાં જલ્દી જ સફળતા પ્રાપ્ત કરીશું.

અમારી ત્રીજી ટર્મમાં અમે પહેલા કરતા ત્રણ ગણી વધુ મહેનત કરીશું. અમે ત્રણ ગણું વધારે પરિણામ લાવીને રહીશું. દેશને સાંસદો પાસેથી પણ ઘણી અપેક્ષાઓ છે. હું સાંસદોને વિનંતી કરીશ કે તેનો દેશના હિતમાં ઉપયોગ કરે. જનહિતમાં દરેક શક્ય પગલાં ભરો. દેશની જનતા વિપક્ષ પાસેથી સારા પગલાની અપેક્ષા રાખે છે. અત્યાર સુધી જે નિરાશા મળી છે, વિપક્ષ આ વખતે ખરો ઉતરે ઈમરજન્સીનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું આવતીકાલે ૨૫મી જૂન છે. ૫૦ વર્ષ પહેલા આ દિવસે બંધારણ પર કાળો ડાઘ લગાવવામાં આવ્યો હતો. અમે એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરીશું કે ફરી ક્યારેય આવું ના થાય

દેશ ચલાવવા માટે દરેકની સંમતિ જરૂરી છે. અમે બધાને સાથે લઈ જવા માંગીએ છીએ. અમે બંધારણની મર્યાદાઓનું પાલન કરીને દેશને આગળ લઈ જવા માંગીએ છીએ. ગૃહમાં યુવા સાંસદોની સંખ્યા સારી છે તે ખુશીની વાત છે. આઝાદી બાદ પહેલીવાર સતત ત્રીજી વખત જનતાએ સરકારને તક આપી. આ તક ૬૦ વર્ષ પછી આવી. જનતાએ ત્રીજી ટર્મ માટે તક આપી છે ત્યારે જનતાએ સરકારની નીતિઓ અને નિયત ઉપર વિશ્વાસ બતાવ્યો છે. આ માટે હું દેશવાસીઓનો આભાર વ્યક્ત કરૂ છું. ૨૦૪૭ સુધીમાં શ્રેષ્ઠ ભારત અને વિકસિત ભારતનું નિર્માણ કરવાના ઉદ્દેશ્ય સાથે ૧૮મી લોકસભા આજથી શરૂ થઈ રહી છે. વિશ્વની સૌથી મોટી ચૂંટણી સૌથી મહત્ત્વપૂર્ણ રીતે યોજવી એ દરેક ભારતીય માટે ગર્વની વાત છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું સંસદીય લોકશાહીમાં આજનો દિવસ ગૌરવશાળી છે. આ વૈભવનો દિવસ છે. આઝાદી પછી પહેલીવાર આ શપથ સમારોહ આપણી નવી સંસદમાં થઈ રહ્યો છે. અત્યાર સુધી જૂના ગૃહમાં પ્રક્રિયા થતી હતી, આ મહત્ત્વપૂર્ણ દિવસે હું તમામ નવા ચૂંટાયેલા સાંસદોનું સ્વાગત કરૂ છું અને મારી શુભેચ્છાઓ આપું છું.

૧૮મી લોકસભાનું પ્રથમ સત્ર અગાઉની ૧૭મી લોકસભા કરતાં ૩૦ દિવસ ટૂંકું છે. ૨૦૧૯માં, નરેન્દ્ર મોદીએ ૩૦ મેના રોજ વડાપ્રધાન પદના શપથ લીધા હતા અને સંસદનું પ્રથમ સત્ર ૧૭ જૂને શરૂ થયું હતું. જો કે તેમાં નવી સરકારના બજેટ સત્રનો પણ સમાવેશ થાય છે. આ વખતે ઝખએ ૯ જૂને શપથ લીધા અને ૧૫ દિવસ પછી વહેલું સત્ર શરૂ થયું. વિપક્ષના નેતાને (જુઓ.પાનું.૫)

NEETની તપાસ માટે ગોધરામાં CBI ટીમ

સર્કિટ હાઉસમાં CBI ટીમે પૂછપરછ શરૂ કરી, તપાસમાં મોટા ખુલાસા થવાની શક્યતા

પંચમહાલ, તા.૨૪

પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે આવેલી જય જલારામ શાળા ખાતે નીટ પરીક્ષામાં પાસ કરાવવાના મામલાના પડઘા દેશભરમાં પડ્યા હતા. ત્યારે ગોધરા ખાતે આ મામલે તાલુકા પોલીસ મથકે ફરિયાદ પણ નોંધાઈ હતી. તેમજ આ મામલે કેટલાક પાંચ જેટલા આરોપીઓને પકડી પાડવામા આવ્યા હતા. જો કે આ મામલે હવે રાજ્ય સરકાર સમગ્ર મામલાની તપાસ CBIને સોંપવાનો નિર્ણય કર્યો છે. ત્યારે આજરોજ ગોધરા શહેરના સર્કીટ હાઉસ ખાતે CBIના પાંચથી વધારે અધીકારીઓ આવી પહોંચ્યા છે અને સમગ્ર મામલે પૂછપરછ શરૂ કરી છે. આ સાથે પંચમહાલ જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી પણ ગોધરા સર્કિટ હાઉસ ખાતે પહોંચ્યા છે.

આ અંગે પંચમહાલ જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકીએ જણાવ્યું હતું કે, હાલમાં તો કેસ CBIને હેન્ડઓવર કરવાની કામગીરી ચાલી રહી છે. હવે કેસ CBIના હાથમાં છે અને તેમને જે મદદની જરૂર પડશે તે અમે કરી રહ્યા છીએ. CBIની ટીમ હાલ તપાસ કરી રહી છે.

સમગ્ર ભારત દેશમા ચકચાર જગાવનાર NEET UG -2024ની તારીખ ૫ મે, ૨૦૨૪ના રોજ લેવાયેલી પરીક્ષામાં ગેરરીતિઓ અંગે ડાયરેક્ટર, ડિપાર્ટમેન્ટ ઓફ હાયર એજ્યુકેશન ભારત સરકાર દ્વારા પોલીસ ફરિયાદ કરવામાં આવેલી છે. આ અંગેની તપાસ સી.બી.આઇ. દ્વારા કરવામાં આવી રહી છે. આ પરીક્ષામાં થયેલી ગેરરીતિ અંગેની ફરિયાદ ગોધરા તાલુકા પોલીસ મથકમાં તારીખ ૮ મે, ૨૦૨૪ના રોજ નોંધવામાં આવી છે.

આ સમગ્ર બાબતમાં વિસ્તૃત તપાસ થઈ શકે તે માટે ગોધરા તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલી FIRની તપાસ પણ રાજ્ય સરકારે સી.બી.આઇ.ને સોંપવાનો નિર્ણય કર્યો છે. ત્યારે આજરોજ ગોધરા શહેરના સર્કિટ હાઉસ ખાતે CBIની ટીમ આવી પહોંચી હતી. સાથે સાથે પંચમહાલ જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી પણ ગોધરા સર્કિટ હાઉસ ખાતે આવી પહોંચ્યા હતાં. આ તપાસમાં મોટા ખુલાસો થવાની શક્યતા છે.

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં રેડ એલર્ટ

પાંચ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી

અમરેલી, તા.૨૪

આ વર્ષે ચોમાસુ ગુજરાતમાં પ્રવેશ્યા બાદ નવસારીમાં અટવાઈ ગયું હતું જે હવે સૌરાષ્ટ્ર તરફ આગળ વધી રહ્યું છે. જેને કારણે સૌરાષ્ટ્રના ખેડૂતો માટે સારા સમાચાર સામે આવ્યા છે. હવે દક્ષિણ ગુજરાતની સાથે સૌરાષ્ટ્રમાં પણ ચોમાસાએ એન્ટ્રી લીધી છે. આજે વહેલી સવારથી જ રાજ્યના અનેક જિલ્લામાં મેઘરાજા હેત વરસાવી રહ્યા છે. ત્યારે હવામાન વિભાગે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લામાં રેડ એલર્ટ આપ્યું છે. આજે સવારે ૬ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધીમાં રાજ્યના ૯૨ તાલુકામાં મેઘરાજાની એન્ટ્રી થઈ છે. તો બીજી તરફ જામનગરના કાલાવડમાં પૂલ તૂટ્યો હતો. જેથી એક સ્કૂલ બસ અટવાઈ હતી. જેને પગલે બાળકો ફસાઈ ગયા હતા. જેથી ગ્રામજનોએ બાળકોનું રેસ્ક્યૂ કર્યુ હતું. જ્યારે ઉપરવાસમાં ભારે વરસાદને પગલે કવાંટની કરા અને અશ્વિન નદી બે કાંઠે વહેતી થઈ હતી. તેમજ સંખેડાની એના નદીમાં પૂર આવ્યું હતું. જેથી ડાયવર્ઝન ધોવાઈ જતા રસ્તો બંધ થયો હતો. બરવાળાના ચોકડી ગામે વીજળી પડતાં યુવાનનું મોત થયું હતું.

આ વર્ષે ચોમાસુ ગુજરાતમાં પ્રવેશ્યા બાદ નવસારીમાં અટવાઈ ગયું હતું જે હવે સૌરાષ્ટ્ર તરફ આગળ વધી રહ્યું છે. જેને કારણે સૌરાષ્ટ્રના ખેડૂતો માટે સારા સમાચાર સામે આવ્યા છે. હવે દક્ષિણ ગુજરાતની સાથે સૌરાષ્ટ્રમાં પણ ચોમાસાએ એન્ટ્રી લીધી છે. હવામાન વિભાગ દ્વારા હાલમાં દક્ષિણ ગુજરાત તરફ સાઇક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું હોવાથી રાજ્યના વિવિધ ભાગોમાં હળવાથી મધ્યમ તો ક્યાંક ભારેથી અતિભારે વરસાદની શક્યતાઓ વ્યક્ત કરાઈ છે. હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસને લઇને વરસાદ બાબતે આગાહી કરવામાં આવી છે જેમાં આજે સૌરાષ્ટ્રના દરિયા કાંઠાના વિસ્તારો તથા દક્ષિણ ગુજરાતના ભાગોમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

આજે સૌરાષ્ટ્રના દેવભૂમિ દ્વારકા, જામનગર તેમજ દક્ષિણ ગુજરાતના વલસાડ, દમણ, દાદરા અને નગર હવેલીમાં રેડ એલર્ટ (જુઓ.પાનું.૫)

પેટ્રોલ અને ડીઝલ ભાવમાં ઘટાડો થઇ શકે

નવી દિલ્હી,તા. ૨૪

પેટ્રોલ-ડીઝલને લાંબા સમયથી જીએસટી હેઠળ લાવવાની માંગ કરવામાં આવી રહી છે. જો તેમ થાય તો દેશમાં પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં મોટો ઘટાડો થઈ શકે છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે શનિવારે યોજાયેલી જીએસટી કાઉન્સિલની બેઠક બાદ મીડિયા સાથે વાતચીતમાં એક સવાલના જવાબમાં કહ્યું કે કેન્દ્ર સરકાર પેટ્રોલ-ડીઝલને ગુડ્સ એન્ડ સર્વિસ (GST)હેઠળ લાવવા ઈચ્છે છે. હવે રાજ્યોએ તે વિશે નિર્ણય લેવાનો છે અને તે સાથે આવી દર નક્કી કરે.

હકીકતમાં પેટ્રોલ અને ડીઝલ પર કેન્દ્ર સરકાર તરફથી એક્સાઇઝ ડ્યૂટી લગાડવામાં આવે છે. તો રાજ્ય સરકાર દ્વારા વેટ વસૂલવામાં આવે છે. આ સિવાય ટ્રાન્સપોર્ટેશન ખર્ચ અને ડીલર કમીશનનો સરવાળો કરી અંતિમ કિંમત નક્કી થાય છે.

ઉદાહરણ માટે વર્તમાન સમયમાં દિલ્હીમાં પેટ્રોલની બેઝ પ્રાઇઝ ૫૫.૪૬ રૂપિયા છે. તેના પર ૧૯.૯૦ રૂપિયાની એક્સાઇઝ ડ્યૂટી, ૧૫.૩૯ રૂપિયાનો વેટ લાગે છે. ત્યારબાદ પરિવહન ખર્ચ અને ડીલર કમીશન ક્રમશઃ ૨૦ પૈસા અને ૩.૭૭ રૂપિયા લાગે છે. તેવામાં અંતિમ કિંમત ૯૪.૭૨ રૂપિયા થાય છે.

તો દિલ્હીમાં ડીઝલની બેઝ પ્રાઇઝ ૫૬.૨૦ રૂપિયા છે. તેના પર ૧૫.૮૦ રૂપિયાની એક્સાઇઝ ડ્યૂટી, ૧૨.૮૨ રૂપિયાનો વેટ લાગે છે. ત્યારબાદ પવિવહન ખર્ચ અને ડીલર કમીશન ક્રમશઃ ૨૨ પૈસા અને ૨.૫૮ રૂપિયા લાગે છે. તેવામાં અંતિમ કિંમત ૮૭.૬૨ રૂપિયા થાય છે.

જો પેટ્રોલ-ડીઝલને જીએસટી હેઠળ લાવવામાં આવે તો ઘણો ફાયદો થશે, કારણ કે જીએસટીનો મહત્તમ દર ૨૮% છે. દિલ્હીમાં પેટ્રોલની બેઝ પ્રાઇઝ ૫૫.૪૬ રૂપિયા છે. તેના પર જીએસટી લગાવવામાં આવે તો ટેક્સ ૧૫.૫૮ રૂપિયા થાય છે. જો પરિવહન ખર્ચ અને ડીલર કમિશન અનુક્રમે ૨૦ પૈસા અને રૂ.૩.૭૭ ઉમેરવામાં આવે, તો અંતિમ કિંમત રૂ. ૭૫.૦૧ થાય છે. આવી સ્થિતિમાં પેટ્રોલ ૧૯.૭ રૂપિયા પ્રતિ લીટર સસ્તું થઈ શકે છે.

ઓઢવની ફેક્ટરીમાં બ્લાસ્ટ બાદ આગઃ બેના મોત

ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા

અમદાવાદ, તા.૨૪

અમદાવાદના ઓઢવ વિસ્તારમાં આવેલા અરિહંત ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં એક ફેક્ટરીમાં બ્લાસ્ટ થતાં આગ લાગવાની ઘટના બની છે. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવતા પાંચ જેટલી ગાડીઓ તાત્કાલિક ઘટના સ્થળે રવાના કરવામાં આવી છે. ફેક્ટરીમાં કામ કરતાં બે લોકોના ઘટના સ્થળે જ મોત થયા છે, જ્યારે બે લોકોને ઈજાઓ થતા તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, ફાયર બ્રિગેડ કંટ્રોલ રૂમને મેસેજ મળ્યો હતો કે ઓઢવ વિસ્તારમાં રીંગ રોડ પર શબરી હોટલની ગલીમાં અરિહંત ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં એક ફેક્ટરીમાં બ્લાસ્ટ થયો છે અને આગ લાગી છે. જેથી તાત્કાલિક ફાયર બ્રિગેડની પાંચ ગાડીઓ અને એમ્બ્યુલન્સ ઘટના સ્થળે રવાના કરવામાં આવી છે. ફાયર બ્રિગેડના અધિકારીઓ અને કર્મચારીઓએ પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી છે. ફાયર બ્રિગેડની ટીમ ત્યાં પહોંચી હતી, ત્યારે બે વ્યક્તિઓ બ્લાસ્ટના કારણે ગંભીર રીતે ઈજા થતા ઘટનાસ્થળે જ મૃત હાલતમાં મળી આવ્યા હતા. બે લોકોને આગ લાગવાના કારણે ઈજાઓ થઈ હતી, જેથી તેઓને એમ્બ્યુલન્સમાં તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

કેન્દ્ર સરકારે મેટરનિટી લીવના મામલે મોટો ફેરફાર કર્યો

હવે ૧૮૦ દિવસની પ્રસૂતિ રજા

નવી દિલ્હી, તા.૨૪

કેન્દ્ર સરકારે મેટરનિટી લીવના મામલે મોટા ફેરફારો કર્યા છે. કેન્દ્ર સરકારે સરોગસી સંબંધિત નિયમોમાં સુધારો કર્યો છે. સરકારના આ નિર્ણય બાદ હવે સરકારી કર્મચારીઓ ૧૮૦ દિવસ સુધીની રજા મેળવી શકશે. ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનિંગે ૧૮ જૂને આ સંદર્ભમાં એક નોટિફિકેશન બહાર પાડ્યું હતું. આ મુજબ, કેન્દ્ર સરકારની આવી મહિલા કર્મચારીઓ જેમણે સરોગસી દ્વારા બાળકને જન્મ આપ્યો છે તેઓ હવે છ મહિનાની પ્રસૂતિ રજા માટે હકદાર બનશે. આવી મહિલા કર્મચારી માટે, જો ગર્ભ (સરોગેટ મધર) આપનારી મહિલા પણ કેન્દ્રની કર્મચારી હશે, તો બંને માતાઓને છ મહિનાની પ્રસૂતિ રજા મળશે. જો કે તેની શરત એ હશે કે આવી મહિલાઓના જીવતા બાળકોની સંખ્યા બે કરતા ઓછી હોવી જોઈએ.

નવા નિયમો હેઠળ સરોગેટ માતાની સાથે બીજી માતાને સરોગેટ મધર તરીકે ઓળખવામાં આવી છે. કસ્ટોડિયલ માતા બાળકની સંભાળ રાખવા માટે બે વર્ષની બાળ સંભાળ રજા માટે પાત્ર હશે, જે બાળક ૧૮ વર્ષનું થાય ત્યાં સુધી મેળવી શકાય છે. જો બાળકના વાલી પિતા પણ સરકારી કર્મચારી હોય તો તે પણ ૧૫ દિવસની પિતૃત્વ રજા માટે પાત્ર બનશે. નવા નિયમો ૧૮ જૂનથી લાગુ થઈ ગયા છે.

કેન્દ્ર સરકાર દ્વારા જારી કરવામાં આવેલા નોટિફિકેશન મુજબ, સરોગસી દ્વારા બાળકોને જન્મ આપનારી માતાઓ અને બાળકોને દત્તક લેનાર માતા-પિતા માટે રજાઓની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સરકારે મોટો નિર્ણય લીધો છે. સરકારે કહ્યું છે કે હવે સરોગસીના મામલામાં ૧૮૦ દિવસ સુધી મેટરનિટી લીવ લઈ શકાશે. કેન્દ્ર સરકારના કર્મચારી જે સરોગેટ છે તે ૧૮૦ દિવસની રજા મેળવી શકશે. સંશોધિત નિયમોની સૂચના કર્મચારી મંત્રાલય દ્વારા જારી કરવામાં આવી છે. આ મુજબ હવે સરોગેટની સાથે સરોગેટ મધર (જૈવિક માતા) પણ ૧૮૦ દિવસની રજાની સુવિધા મેળવી શકશે.

નવા નિયમોને અસર કરવા માટે સરકારે સેન્ટ્રલ સિવિલ સર્વિસીસ (લીવ) નિયમો, ૧૯૭૨માં સુધારો કર્યો છે. હવે કેન્દ્રીય કર્મચારીઓને તેનો લાભ મળશે. (જુઓ.પાનું.૫)

સોનું મોંઘુ અને ચાંદી થઈ સસ્તી

સોનાની કિંમતમાં ૧૩૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામનો વધારો નોંધાયોઃ ચાંદીના ભાવમાં ૧૦૦ રૂપિયાનો ઘટાડો

નવી દિલ્હી, તા.૨૪

મલ્ટી કોમોડિટી એક્સચેન્જ એમસીએક્સ પર સોમવારે ૫ ઓગસ્ટે વાયદા ડિલિવરી સોનું ૭૧૭૧૯ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના ભાવે વેપાર કરી રહ્યું છે. જ્યારે ૪ ઓક્ટોબરનું વાયદા ડિલિવરી ગોલ્ડ ૭૧૯૯૪ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર ટ્રેડ કરી રહ્યું છે. કારોબારના પહેલા દિવસે એટલે કે સોમવારે સોના અને ચાંદીના ભાવમાં થોડો વધારો જોવા મળ્યો હતો. ૨૪ જૂને સવારે ૯ વાગ્યે સોનાની કિંમતમાં ૧૩૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામનો વધારો જોવા મળ્યો છે, જ્યારે ચાંદીના ભાવમાં ઘટાડો થયો છે. ચાલો જાણીએ કે આજે દેશમાં સોના અને ચાંદીના નવીનતમ ભાવ શું છે.

સોમવારે, મલ્ટી કોમોડિટી એક્સચેન્જ MCX પર, ૫ ઓગસ્ટે ભાવિ ડિલિવરી સાથે સોનું ૭૧૭૧૯ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના દરે ટ્રેડ થઈ રહ્યું છે, જ્યારે ૪ ઑક્ટોબરે ભાવિ ડિલિવરી સાથેનું સોનું ૭૧૯૯૪ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના દરે ટ્રેડ થઈ રહ્યું છે. આ સિવાય ૫ ડિસેમ્બરે ભાવિ ડિલિવરી માટે સોનામાં ઘટાડો નોંધવામાં આવ્યો છે. સોમવારે તે ભાવ લગભગ ૬૦૦ રૂપિયા નબળો પડ્યો છે, ત્યારબાદ તે ૭૨૩૭૫ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના ભાવ પર ટ્રેડ કરી રહ્યું છે.

આ પહેલા શુક્રવારના રોજ ૫ ઓગસ્ટે ભાવિ ડિલિવરી માટે સોનું ૭૧૫૮૪ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના દરે બંધ થયું હતું, જ્યારે ૪ ઓક્ટોબરે ભાવિ ડિલિવરી માટે સોનું ૭૧૮૯૯ રૂપિયા પ્રતિ (જુઓ.પાનું.૫)

અમદાવાદ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

ડોગ-સ્કવોડ અને બોમ્બ-સ્કવોડ દ્વારા તપાસ હાથ ધરાઈ, સઘન ચેકિંગ હાથ ધરાયું

અમદાવાદ, તા.૨૪

આજે અમદાવાદના એરપોર્ટને ફરી એક વખત બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. જેને પગલે અમદાવાદ એરપોર્ટ ઉપર ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. CISFની ડોગ-સ્કવોડ અને બોમ્બ-સ્કવોડ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ એરપોર્ટને ૬ મહિનામાં ત્રીજીવાર બોમ્બથી ઉડાવી દેવાની ધમકીનો ઈ-મેઈલ મળ્યો છે.

દર ૧૦થી ૧૫ દિવસે ઈ-મેઇલ દ્વારા દેશનાં વિવિધ એરપોર્ટને ઉડાવી દેવાની ધમકી મળી રહી છે. જો કે ઈ-મેઈલ દ્વારા મળતી ધમકી તપાસના અંતે ખોટી સાબિત થઈ રહી છે. આ પહેલાં ગત ૧૨ મે, ૨૦૨૪ના રોજ પણ અમદાવાદ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. મંગળવારે (૧૮ જૂન) વડોદરા એરપોર્ટ પર પણ બોમ્બની ધમકીના ઈ-મેઈલ મળ્યા હતા. 'એરપોર્ટમાં એક બોમ્બ છે, (જુઓ.પાનું.૫)

૧૩ વર્ષની સગીરા પર દુષ્કર્મ ગુજારનાર આરોપીને આજીવન કેદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૪

થોરાળા પોલીસ સ્ટેશનમાં ભાવનગર રોડ ઉપર આવેલ અમુલ સર્કલ પાસે ફટપાથ ઉપર રહેતા ફરિયાદીએ ફરિયાદ લખાવેલ કે તેમની ૧૩ વર્ષની સગીર વયની દીકરીને આરોપી બીગનકુમાર ઉર્ફે ધર્મેન્દ્ર ઉર્ફે છોટુ રામનરેશ શાહ રહેવાસી ગામ મારવા જિલ્લો સીતા મઢી બિહાર રાજ્ય વાળો અપહરણ કરી લઈ જઈ તેના ઉપર દુષ્કર્મ ગુજારીયાની ફરિયાદ લખાવેલ તે ફરિયાદના આધારે પોલીસે આરોપી બીગનકુમાર ઉર્ફે ધર્મેન્દ્ર ઉર્ફે છોટુ રામનરેશ શાહની ધરપકડ કરી જેલ હવાલે કરેલ અને આરોપી વિરૂદ્ધ પૂરતો પુરાવો મળી આવતા પોક્સો અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ ચાર્જશીટ થયા બાદ કેસ પોકસો અદાલતમાં શરૂ થતા પ્રોસિક્યુસન દ્વારા આ કેસના ફરિયાદી તેમજ ભોગબનનાર સગીરાની જુબાની લેવામાં આવેલ અને તેઓની જુબાનીમાં તેઓએ બનાવની સંપૂર્ણ હકીકતને સમર્થન કરતા જુબાની આપેલ તેમજ પ્રોસિક્યુસન દ્વારા ડોક્ટર અને કેસની તપાસ કરનાર પોલીસ અધિકારીની જુબાની લેવામાં આવેલ અને પ્રોસિક્યુસન દ્વારા દસ્તાવેજી પુરાવાઓ જેવાકે ફરિયાદ મેડિકલ સર્ટિફિકેટ એફએસએલનો

અહેવાલ વિગેરે દસ્તાવેજી પુરાવાઓ પોક્સો અદાલતમાં રજૂ કરવામાં આવેલ તેમજ સરકાર તરફે રોકાયેલ સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા દ્વારા વિસ્તૃત દલીલ કરવામાં આવેલ અને દલીલમાં જણાવેલ કે આરોપી સામે સમાજ વિરોધી ગુનો છે અને આરોપી એક પરણીત પુરૂષ છે અને તેઓ તેર વર્ષની સગીરાને લઈ જઈ તેના ઉપર દુષ્કર્મ આચરેલ છે અને સગીરાએ અદાલતમાં તેમની જુબાનીમાં આરોપી વિરૂદ્ધ જુબાની આપેલ છે અને આરોપીએ જે દુષ્કર્મ આચરેલ છે તે બાબતની હકીકત અદાલતમાં જણાવેલ છે.

આમ ફરિયાદી તેમજ ભોગબનનારની જુબાનીથી અને ડોક્ટર તથા પોલીસ અધિકારીની જુવાનથી તેમજ દસ્તાવેજી પુરાવાઓથી પ્રોસીકયુષને તેમનો કેસ સાબિત કરેલ છે તે બાબતની વિસ્તૃત દલીલ પ્રોસીકયુશન દ્વારા કરવામાં આવેલી આ તમામ હકીકત ને ધ્યાને લઇ પોક્સો અદાલતના સેશન્સ જજ જે.ડી. સુથારે આરોપી બીગનકુમાર ઉર્ફે ધર્મેન્દ્ર ઉર્ફે છોટુ રામનરેશ શાહને આજીવન કેદની અંતિમ શ્વાસ સુધીની સજા ફરમાવેલ છે આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ જી પીપળીયા રોકાયેલ હતા.

રાજકોટ: વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા એક પેડમાં કે નામ અભિયાનની શરૂઆત કરેલ. જેના અંતર્ગત ગૃહમંત્રી અમિત શાહ દ્વારા તેમના સ્વ.માતાના નામે વૃક્ષારોપણ કર્યું.

ખોટો પુરાવો આપવાના કેસમાં આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકતી કોર્ટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૪

રાજકોટનાં પંચનાથ પ્લોટ વિસ્તારમાં રહેતા જમીન-મકાનનાં ધંધાર્થી પ્રવિણચંદ્ર લીલાધરભાઈ જોષીને ત્યાં ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટ દ્વારા આઈ.ટી. એકટની કલમ-૧૩૫ હેઠળ રેડ કરી, સર્ચ હાથ ધરવામાં આવતા ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટએ રોકડ રકમ, ફીકસ ડીપોઝીટ, ઉપરાંત અમુક લુઝ પેપર્સ તથા બુક ઓફ એકાઉન્ટ કબજે કરવામાં આવેલ. ઈન્કમટેક્ષની આ સર્ચ ઓપરેશન દરમ્યાન લાખો રૂપિયાની છૂપાવેલી આવક પ્રવિણચંદ્ર જોષીએ તેઓના સોગંદ ઉપરના નિવેદનમાં જાહેર કરેલ.

ત્યારબાદ ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટના આકારણી અધિકારીએ કબજે કરેલ મુદામાલનું વેરીફીકેશન કરતા પ્રવિણચંદ્ર જોષીએ જાહેર કરેલ રકમ કરતા પણ વધારે રકમની આવક હોવાનું જાહેર થતાં જે તે અધિકારીએ તે સંદર્ભે પ્રવિણચંદ્ર જોષીનો ખુલાસો પુછતા પ્રવિણચંદ્ર જોષીએ પોતાના લેખીત જવાબમાં તથા મૌખિક રીતે તે વ્યવહાર પોતે નંદનભાઈ તથા હમીરભાઈ વતી કરેલ હોવાનું જણાવેલ. પરંતુ પોતાના ખુલાસા સંદર્ભે કોઈ સંતોષજનક પુરાવો અધિકારી સમક્ષ રજુ કરી શકેલ નહી.

જેથી આકારણી અધિકારીએ તે રકમ જમીનના સોદામાંથી મેળવેલ હોવાનું જાહેર કરેલ હતું અને ત્યાર-બાદ પ્રવિણચંદ્ર જોષી વિરૂધ્ધ ઈન્કમટેક્ષ એકટની કલમ-૨૭૧(૧)(સી) હેઠળ પેનલ્ટી પ્રોસીડીંગ્સ દાખલ કરેલ હતા જે સામે પ્રવિણચંદ્ર જોષીએ કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષ સમક્ષ અપીલ દાખલ કરતા ઈન્કમટેક્ષ કમિશ્નરે પણ તેમની અપીલ નામંજુર કરતો હુકમ ફરમાવેલ હતો.

ત્યારબાદ પ્રવિણચંદ્ર જોષીએ ઈન્કમટેક્ષ ટ્રીબ્યુનલમાં સેકન્ડ અપીલ દાખલ કરેલ હતી જે અપીલ પેન્ડીંગ હતી તે દરમ્યાન રાજકોટનાં ઈન્કમટેક્ષ ઓફિસરે આરોપી-પ્રવિણચંદ્ર જોષી વિરૂધ્ધ જાણી જોઈને પોતાના બુક ઓફ એકાઉન્ટમાં સાચી વિગતો છુપાવી ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ કરેલ હોય તથા સર્ચ દરમ્યાન પણ આકારણી અધિકારી સમક્ષ સોગંદ ઉપર ખોટી હકીકતો જાહેર કરેલ હોવાના આરોપસર કોર્ટમાં બીજી ફરીયાદ દાખલ કરેલ. બન્ને ફરીયાદના કામે ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટ ધ્વારા પોતાની ફરીયાદના સમર્થનમાં ઈન્કમટેક્ષ ડિપાર્ટમેન્ટના જવાબદાર અધિકારીની જુબાની તથા જરૂરી દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલ.

ત્યારબાદ ફરીયાદ સુનવણી ઉપર આવતા આરોપીના એડવોકેટએ ફરીયાદીની ઉલટ તપાસમાં ખુલેલા વિરોધાભાષો તથા કાનુની જોગવાઈઓ સંદર્ભેની દલીલો તથા તેના સમર્થનમાં સર્વોચ્ચ અદાલત તથા અન્ય વડી અદાલતોના ચુકાદાઓ રજુ કરી આરોપી-પ્રવિણચંદ્ર જોષીને છોડી મુકવા રજુઆતો કરેલી.

ત્યારબાદ બન્ને પક્ષોની દલીલ પુરી થતા રાજકોટના મહે. જયુ. મેજી. (ફ.ક.) એ ''ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ સાબીત કરવામાં નિષ્ફળ નિવડેલ હોય'' એવું ઠરાવી આરોપી પ્રવિણચંદ્ર જોષીને શંકાનો લાભ આપી બન્ને કેસોમાં છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે.

આ કામમાં બચાવ પક્ષે ધારાશાસ્ત્રી શ્યામલભાઈ સોનપાલ, મનોજભાઈ તંતી, નિલેશભાઈ વેકરીયા, મલ્હાર સોનપાલ તથા લીગલ આસીસ્ટન્ટ તરીકે દિવ્યા જાની રોકાયેલ હતા.

શહેર ભાજપ કમલમ કાર્યાલય ખાતે કટોકટી દિવસ અંગે ભરતભાઈ બારોટ દ્વારા વક્તવ્યનો કાર્યક્રમ યોજાશે

તમામ શ્રેણીના કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા અનુરોધ કરતા મુકેશ દોશી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૪

શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાની એક સંયુકત યાદીમાં જણાવ્યું હતું કે દેશની રાજનીતિમાં તા.૨૫ જૂન, ૧૯૭૫ એ કલંકિત અને કાળા દિવસ તરીકે ઓળખવામાં આવે છે. કોંગ્રેસના વડાપ્રધાન સ્વ. ઈન્દિરા ગાંધીએ મંત્રીમંડળની પરવાનગી વગર તત્કાલિન રાષ્ટ્રપતિ પાસે રાતોરાત અધ્યાદેશ પર હસ્તાક્ષર કરાવી દેશમાં ''કટોકટી'' જાહેર કરી હતી. આ કટોકટી અંતર્ગત આખાયે દેશને એક ''જેલખાનું'' બનાવી દેવામાં આવ્યો હતો. દેશનો કોઈ પ્રજાજન પોતાના વિચારો જાહેરમાં વ્યકત કરી શકતો નહોતો. અખબારો પર સેન્સરશીપ લગાવવામાં આવી હતી. સંસદસભ્યો તેમજ સંસદની કાર્યવાહી પર પણ સેન્સરશીપ લગાવી એક સરમુખત્યાર શાસનનો દેશમાં અમલ કરાયો હતો. આ કટોકટીનો સામનો જનસંઘ અને જનતા પાર્ટીના મોટા ભાગના નેતાઓએ લોકશાહીના જતન માટે જેલવાસ કર્યો હતો. અનેક કાર્યકર્તાઓને તેમના પરિવારથી અલગ કરીને તેમનું મનોબળ તોડવાનો પ્રયત્ન કોંગ્રેસ સરકારે કર્યો હતો.

રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશીએ જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીએ લોકશાહી તંત્રને ભારત દેશમાં જીવંત રાખવાનું કામ કાર્ય કરે છે. કટોકટી નાખીને કોંગ્રેસ સરમુખત્યારશાહી કરીને તેના નેતાઓ લોકશાહીને ખતમ કરી રાજ કરવામાં માંગતા હતા. આ કટોકટીને ધ્યાનમાં લઈ તા.૨૫ જૂન કટોકટી દિવસની ઉજવણી કરવાનો દિવસ હોઈ ભાજપ પક્ષ રાજકોટના દરેક વોર્ડમાં પોસ્ટરો સહિતની માહિતી પ્રદર્શની તરીકે દર્શાવી અને કોંગ્રેસ દ્વારા કરેલ કૃત્યની વાત જનમાનસ સુધી પહોંચે તેવા પ્રયત્ન કરવામાં આવશે અને કોંગ્રેસે કરેલા અત્યાચારોને ઉજાગર કરવામાં આવશે.

તા.૨૫ જૂન કટોકટી દિવસ અંતર્ગત રાજકોટ શહેરના તમામ મીસાવાસીઓનું સન્માન ભાજપના આગેવાનો દ્વારા કરવામાં આવશે. કટોકટી દિવસ અંતર્ગત રાજકોટ મહાનગર શહેર ભાજપ કમલમ ખાતે સાંજે ૬ કલાકે વરિષ્ટ આગેવાન અને પૂર્વ મંત્રી ભરતભાઈ બારોટનું વક્તવ્ય યોજાશે. આ વકતવ્યમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી અશ્વિન મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલાએ રાજકોટના તમામ શ્રેણીના કાર્યકર્તાઓને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

કટોકટી-કાળો દિવસને કોંગ્રેસના સ્વ.ઈન્દિરા ગાંધીએ લીધેલ કટોકટીના નિર્ણયના વિરોધ માટે દર વર્ષે ભારતીય જનતા પાર્ટી દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે અને કરતો રહેશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભાજપના સૌરાષ્ટ્રના પ્રવકતા રાજુભાઈ ધ્રુવ, કોષાધ્યક્ષ મયુરભાઈ શાહ અને કાર્યાલય મંત્રી હરેશભાઈ જોષીએ જવાબદારી સંભાળી છે.

શહેર યુવા ભાજપ દ્વારા રકતદાન કેમ્પ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૪

પ્રદેશ યુવા ભાજપ પ્રમુખ ડો. પ્રશાંતભાઈ કોરાટના માર્ગદર્શન હેઠળ ગુજરાતભરમાં ભાજપ યુવા મોરચા દ્વારા ડો. શ્યામાપ્રસાદ મુખરજી બલિદાન દિવસ નિમિતે રકતદાન કેમ્પનુ આયોજન કરવામાં આવેલ હોય, બલિદાન સામાહ અંતર્ગત તા.૨૩ જૂનના વોર્ડ નં. ૧,૫,૧૦, ૧૬ ખાતે રાજકોટ શહેર ભાજપ યુવા મોરચા દ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીના માર્ગદર્શન હેઠળ શહેરના વિવિધ વોર્ડમાં તબકકાવાર મેગા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ અને આ રકતદાન કેમ્પો થકી બહોળી સંખ્યામાં રક્ત એકત્ર કરવામાં આવેલ.

ત્યારે યુવા મોરચાના પ્રમુખ કિશન ટિલવાની આગેવાનીમાં વોર્ડ નં. ૧,૫,૧૦, ૧૬ માં રકતદાન કેમ્પ યોજાયેલ આ રક્તદાન કેમ્પમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, ધારાસભ્ય ઉદય કાનગડ, રમેશભાઈ ટીલાળા, પ્રદેશ ભાજપ યુવા મોરચાના પ્રમુખ ડો. પ્રશાંત કોરાટ, શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, પૂર્વ પ્રમુખ કમલેશ મિરાણી, કોર્પોરેટર નરેન્દ્રસિંહ વાઘેલા, જયોત્સનાબેન ટીલાળા, ડો.રાજેશ્રીબેન ડોડીયા, શહેર ભાજપ ઉપપ્રમુખ રાજદિપસિંહ જાડેજા, શહેર ભાજપ મંત્રી વિજયભાઈ પાડલીયા, હરેશભાઈ કાનાણી, પુજાબેન પટેલ, કાર્યાલય મંત્રી હરેશભાઈ જોષી, શહેર યુવા ભાજપ મોરચાના પ્રમુખ કિશન ટીલવા, મહામંત્રી મીલન લીંબાશીયા, સહદેવ ડોડીયા, પૂર્વ કોર્પોરેટર અશ્વિન ભોરણીયા, વોર્ડ નં.૧૬ ના કોર્પોરેટર રૂચિતાબેન જોષી, કંચનબેન સિધ્ધપુરા, વોર્ડ પ્રમુખ રાજેશભાઈ લીલા, મહામંત્રી હસુભાઈ કાચા, વોર્ડ નં.૧ ના કોર્પોરેટર દુર્ગાબા જાડેજા, વોર્ડ નં.૧ ના પ્રભારી કાચડભાઈ ડાંગર, પ્રમુખ કાનાભાઈ ખાણધર, મહામંત્રી નાગજીભાઈ વરૂ, ગૌરવભાઈ મહેતા, બક્ષીપંચ મોરચાના પ્રમુખ લલીતભાઈ વાડોલીયા સહીતના અગ્રણીઓએ ઉપસ્થિત રહી દીપ પ્રાગટ્ય કરી રકતદાન કેમ્પનો પ્રારંભ કરાવ્યો હતો. આ રકતદાન કેમ્પમાં શહેર મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, દેવિકાબેન રાવલ, દક્ષાબેન વાઘેલા, સેજલબેન ચૌધરી, વોર્ડ નં.૧૦ પ્રભારી રઘુભાઈ ધોળકીયા, મહામંત્રી રત્નદીપસિંહ જાડેજા, મેહુલ નથવાણી, હેમતસિંહ ડોડીયા, મયુરીબેન ભાલાડા, વોર્ડ નં.૧ ના રામદેવભાઈ આહીર, જયદીપસિંહ જાડેજા, પૃથ્વીસિંહ વાળા, જયરાજસિંહ જાડેજા, નરેન્દ્રભાઈ સરવૈયા, નિલેશ ચાવડા, રમાબેન વાઘેલા, મથુરબા પરમાર, પાયલ સંચાણીયા, રમેશભાઈ ઉઘાડ, મનોજ ચાવડા, લાલભાઈ હુંબલ, હિરેન ગોસ્વામી, કાનાભાઈ ગરૈયા, ફુલદીપસિંહ જાડેજા, હાર્દિકભાઈ કુંગશીયા, વોર્ડ નં.૧૬ યુવા મોરચા પ્રભારી અનિરૂધ્ધસિંહ હેરભા, વોર્ડ યુવા મોરચા જયદીપ કાકડીયા, વોર્ડ યુવા મોરચા મહામંત્રી ઘનશ્યામભાઈ મહેતા, વોર્ડ યુવા મોરચા કારોબારી પિયુષભાઈ જળુ સહિત ચારેય વોર્ડના પ્રભારી, પ્રમુખ, મહામંત્રી, કારોબારી સભ્ય સહિત બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ રકતદાન કેમ્પને સફળ બનાવવા કિશન ટીલવાની આગેવાનીમાં મહામંત્રી મીલન લીબાશીયા, સહદેવ ડોડીયા, સહીતના યુવા મોરચાના હોદેદારો અને કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી હતી.

પાંચ વર્ષ સુધીના ૧,૬૯,૪૨૨ બાળકોને પોલિયો વિરોધી રસી અપાઈ

રસીકરણ ઝુંબેશમાં ૩ હજારથી વધારે કર્મચારીઓ જોડાયા હતા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૪

ભારત સરકારશ્રીના બાળ લકવા નાબુદી અભિયાન અંતર્ગત પોલિયો વિરોધી રસી આપવા માટે મહાનગરપાલિકા દ્વારા પોલિયો દિવસ અન્વયે શહેરના ૨૩ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મારફત રસીકરણ કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. શહેરના કુલ ૨૩ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મારફત સંચાલિત કુલ-૭૦૦ બુથ પર જન્મથી શરૂ કરીને પાંચ વર્ષ સુધીના કુલ ૧,૬૯,૪૨૨ બાળકોને પોલિયો વિરોધી રસી આપવામાં આવી. આ રસીકરણ ઝુંબેશમાં કુલ-૩૦૦૦થી વધારે કર્મચારીઓ જોડાયા હતા.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા બાળ લકવા નાબુદી અભિયાન અંતર્ગત શહેરના વોર્ડ નં.૨માં બજરંગવાડી સર્કલ પાસે આવેલ બજરંગવાડી શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તથા વોર્ડ નં.૧૬માં પ્રણામી ચોક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે પોલિયો વિરોધી રસી આપવા માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. વોર્ડ નં.૨માં ૭૦-વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા તેમજ વોર્ડ નં.૧૬માં ૬૮-વિધાનસભા મતવિસ્તારના ધારા-સભ્ય ઉદયભાઈ કાનગડના વરદ હસ્તે દિપ પ્રાગટ્ય કરી રસીકરણ કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવેલ.

બજરંગવાડી શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતેના રસીકરણ કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના કાર્યકારી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડીયા, આરોગ્ય સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલ, શિશુ કલ્યાણ, ખાસ ગ્રાંટ સંચાલિત યોજનાઓ અને અગ્નિ શામક દળ સમિતિ ચેરમેન દિલીપભાઈ લુણાગરિયા, આરોગ્ય સમિતિ સભ્ય ડો.દર્શનાબેન પંડ્યા, શહેર ભાજપ મહિલા મોરચા પ્રમુખ કિરણબેન માંકડીયા, આરોગ્ય અધિકારી ડો.જયેશ વંકાણી, ડો.લલિત વાંઝા, નાયબ આરોગ્ય અધિકારી ડો.હાર્દિક મેતા, ડો.ભૂમિબેન કમાણી તથા મેડીકલ ઓફિસરો અને અન્ય સ્ટાફ હાજર રહેલ હતા. પ્રણામી ચોક ખાતેના શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના રસીકરણ કાર્યક્રમમાં ૬૮-વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, શહેર ભાજપ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, કોર્પોરેટર નરેન્દ્રભાઈ ડવ, કંચનબેન સિધ્ધપુરા, રૂચિતાબેન જોશી તથા મેડીકલ ઓફિસરો અને અન્ય સ્ટાફ હાજર રહેલ હતા.

ઉપરોક્ત વિગતે રાજકોટ મહાનગર પાલિકા વિસ્તારમાં આવેલ ૨૩ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે પોલિયો વિરોધી રસીકરણ કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં, મહાનગર પાલિકાના લગત વોર્ડના કોર્પોરેટરઓ, વોર્ડ સંગઠનના હોદેદારો, વિસ્તારના અગ્રણીઓ, લગત આરોગ્ય કેન્દ્રના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહેલ હતા.

આ રસીકરણ કાર્યક્રમમાં કુલ ૮૭% જેટલા બાળકોને રસી આપવામાં આવી. આ રસીકરણ કાર્યક્રમ પૈકી રસીકરણથી બાકી રહેતા બાળકોને મેડીકલ સ્ટાફ મારફત આગામી ચાર દિવસમાં તેમના ઘરે જઈને પોલિયો વિરોધી રસી આપી સુરક્ષિત કરવામાં આવનાર છે.

તંત્રી લેખ

રિસાયેલી પ્રકૃતિ...

ઉત્તર ભારતમાં જ્યારે ૪૭ ડિગ્રી સેલ્સિયસથી ઉપર તાપમાન પહોંચી ગયું છે અને હવામાન વિભાગ ગરમીના રેકોર્ડ હજુ વધુ તૂટશે તેવી જાહેરાત કરી રહ્યું છે, તે જ સમયે, ઉત્તર-પૂર્વ સિક્કિમમાં મુશળધાર વરસાદથી થયેલા ભૂસ્ખલનને કારણે લગભગ બે હજાર પ્રવાસીઓને એરલિફ્ટ કરવાનો સમય આવી પડયો છે. ભૂસ્ખલનને કારણે નેશનલ હાઈવે-૧૦ને નુકસાન થવાને કારણે બંગાળ અને સિક્કિમનો રોડ કનેક્ટિવિટી તૂટી ગઈ છે. એક તરફ અસહ્ય ગરમીને કારણે લોકો જીવ ગુમાવી રહ્યા છે, તો બીજી તરફ ભૂસ્ખલનને કારણે લોકો મૃત્યુ પામ્યા હોવાના અહેવાલો છે. વહીવટી તંત્રની પરીક્ષા એટલા માટે કે પાણી અને વીજળીનો અવિરત પુરવઠો એ તમામ રાજ્ય સરકારો સામે એક મોટો પડકાર બની ગયો છે, અને શહેરીજનોની કસોટી એ અર્થમાં કે આપણે ચોમાસાની ધીરજપૂર્વક રાહ જોઈને પર્યાવરણને વધુ ન બગાડવાના શું કોઈ પાઠ શીખ્યા છીએ? લગભગ નહીં.

સમગ્ર વિશ્વના ભૂગોળવેત્તાઓ અને ખગોળશાસ્ત્રીઓ દાયકાઓથી ચેતવણી આપી રહ્યા છે કે પૃથ્વીનું વાતાવરણ ઝડપથી આડે પાટે ચડી રહ્યું છે. વૈજ્ઞાનિકોએ એવાં કારણો પણ સમજાવ્યાં છે શાના શાના કારણે પૃથ્વીનું વાતાવરણ બદલાઈ રહ્યું છે અને શેના કારણે ચક્રવાતી તોફાનો અને અતિશય વરસાદ અથવા દુષ્કાળની આવૃત્તિ વધી રહી છે. પરંતુ ન તો વિશ્વની રાજકીય નેતાગીરીએ આ અંગે પૂરતી ગંભીરતા દાખવી છે કે ન તો વિશેષાધિકૃત વસ્તી સંવેદનશીલ બની છે. વિકસિત દેશો કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે સતત પગલાં લઈ રહ્યા છે અને સ્થિતિ એવી છે કે માત્ર એક વર્ષ પહેલાં જ સંયુક્ત રાષ્ટ્રસંઘે કહ્યું હતું કે ૧૯૯૭ અને ૨૦૨૨ વચ્ચે માત્ર યુરોપના ગ્લેશિયર્સમાં લગભગ ૮૮૦ ક્યુબિક કિલોમીટર બરફ પીગળી ગયો છે. હવે જ્યારે કટોકટી ઘરઆંગણે છે, ત્યારે પર્યાવરણને બચાવવા માટે યુદ્ધના ધોરણે પગલાં લેવામાં આવશે તેવી હજુ પણ કોઈ નક્કર ખાતરી નથી.

જોકે ઉત્તર ભારત ચોમાસાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યું છે. તેની ઝડપ પર નજીકથી નજર રાખી રહેલા હવામાનશાસ્ત્રીઓનું કહેવું છે કે આ મહિનાના અંતમાં ઉત્તર ભારતીય રાજ્યોમાં ચોમાસું સંપૂર્ણ રીતે સક્રિય થયા પછી જ ગરમીમાંથી રાહત મળશે. જોકે તે પહેલાં હળવા વરસાદથી રાહત મળી શકે છે. આ વર્ષે સારા ચોમાસાની આગાહી ખેડૂતો માટે સારા સમાચાર છે, ત્યારે તે ફરી એકવાર શહેરી સંસ્થાઓના પ્રેક્ટિશનરોની કસોટી કરશે. દેશ વર્ષોથી સ્માર્ટ સિટીનું સપનું જોઈ રહ્યો છે, પરંતુ કમનસીબે, આપણાં શહેરો માત્ર પાણી ભરાવા અને લાંબા ટ્રાફિક જામ માટે હેડલાઈન્સમાં રહે છે. તેવી જ રીતે, મકાન બાંધકામ વિભાગે પણ શહેરોમાં જર્જરિત ઈમારતોની ઓળખ કરવી જોઈએ અને જરૂરી સાવચેતીના પગલાં લેવા જોઈએ. જોકે ખરાબ હવામાનથી ગરીબ લોકો સૌથી વધુ પ્રભાવિત થાય છે, શનિ-રવિના દિવસે કોંક્રીટનાં શહેરી જંગલોમાંથી પહાડો તરફ ભાગી જનારાઓ માટે બહુ રાહત નથી, કારણ કે મસૂરી, દેહરાદૂન, મનાલી જેવાં સ્થળો પણ હવે તપવા લાગ્યાં છે.

ટંકારાના લખધીરગઢ ગામેથી વડોદરા જવાનું કહીને યુવાન ગુમ

મોરબી તા ૨૪

ટંકારા તાલુકાના લખધીરગઢ ગામે રહેતા અમરશીભાઈ ડાયાભાઈ જાતે પટેલ (૬૦)એ હાલમાં ટંકારા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે તેનો દીકરો વિજયભાઈ અમરશીભાઈ જાતે પટેલ (૩૨) ગુમ થયો હોવા અંગેની ગુમસુધા ફરિયાદ ટંકારા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે જેમાં તેને જણાવ્યુ છે કે,તેનો દીકરો દિગ્વિજયભાઈ ઘરેથી વડોદરા કામ હોવાથી ત્યાં જાય છે.તેવું કહીને નીકળ્યો હતો અને ત્યારબાદ તેનો કોઈ જગ્યાએથી પતો લાગ્યો નથી અને તેનો મોબાઈલ ફોન પણ બંધ આવી રહ્યો છે જેથી કરીને ગુમ થયેલા યુવાનના પિતાએ નોંધાવેલ ગુમસુધા ફરિયાદના આધારે પોલીસે ગુમ થયેલા યુવાન દિગ્વિજયભાઈને શોધવા માટે થઈને જુદી જુદી દિશામાં તપાસ શરૂ કરી છે અને આ અંગેની આગળ વધુ તપાસ આઈ.ટી. જામ ચલાવી રહ્યા છે.

ચેક રીર્ટન કેસમા આરોપીને ૧ વર્ષ અને ૬ માસની સજા

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ,તા.૨૪

ફરીયાદી ગંગા લક્ષ્મી સિલ્વરના નામથી ચાંડીના દાગીના બનાવી હોલસેલનો વેચાણનો ધંધો કરે છે અને આરોપી મારૂતી ઓરનામેન્ટના નામથી ચાંદીના દાગીનાનો લે-વેચનો ધંધો કરે છે જેથી ફરીયાદી અને આરોપી એક જ ધંધા સાથે સંકળાયેલ હોય જેથી બન્ને વચ્ચે વેપારીક સંબંધો છે અને જરૂરીયાત મુજબના ફરીયાદી પાસેથી મીકસ સિલ્વર ઔરનામેન્ટની ખરીદી ઈનવોઈસ કુલ રૂા.૧૩,૦૭,૩૮૪ ના માલની ખરીદી કરેલ અને તે રકમ આરોપીના ચોપડે બાકી લેશા નીકળતા હતા જે રકમની અવાર-નવાર ઉધરાણી કરતા આરોપીએ ચેક આપેલો અને ચેક બેન્કમાં વટાવવા નાંખતા ફંડસ ઈન્સફીશીયન્ટના શેરા સાથે પરત ફરેલ હતો જેથી ફરીયાદીએ તેના એડવોકેટ અર્જુન એસ. પટેલ મારફતે કોર્ટ સમક્ષ ફરીયાદ દાખલ કરેલ હતી.

ફરીયાદીએ તેનો કેસ પુરવાર કરવા માટે આરોપીએ આપેલ ચેક, મેક રીર્ટન થતા આરોપીને આપેલ ડિમાન્ડ નોટીસ જરૂરી પુરાવાઓ કોર્ટ સમક્ષ રજુ કરેલા અને આ કેસ અદાલતમાં ચાલી જતા ફરીયાદીના એડવોકેટ અર્જુન એસ. પટેલે એવી ધારદાર દલીલો કરેલ કે તહોમતદારે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળ ગુન્હો આચરેલ છે તહોમતદારે ફરીયાદી પાસેથી માલની ખરીદી કરેલ જે રકમની અવાર-નવાર ઉપરાલી કરતા તે રકમ ચુકવવા કરીયાદીના નામનો ચેક આપેલો જે ચેકમાં તહોમતદારની સહી છે અને આ ચેક તહોમતદારની બેન્કનો જ છે અને તહોમતદારની સુચના બાદ ફરીયાદીએ તેની કાયદેસરની લેણી રકમ મેળવવા આ ચેક તેની બેન્કમાં વટાવવા નાખેલો અને આ ચેક ઈન્સફીસીયન્ટ ફંડસ ના ઘેરા સાથે પરત ફરેલ છે અને ફરીયાદીને અવાર નવાર માંગણી કરવા છતા તહોમતદારે આ રકમ ચુકવવાની કોઈ દરકાર કરેલ નથી તેમજ તેઓને રજીસ્ટર એડી મારફત લીગલ નોટીસ મોકલવામાં આવેલ હતી તેનો પણ કોઈ પત્યુતર આપેલ નહી આમ તહોમતદાર વિરૂધ્ધ તમામ પુરાવા આ કામે રજુ કરવામાં આવેલ હોય અને તહોમતદારે કાયદેસરના માલના પેટે ચૂકવવા આપેલો ચેક પરત કરવો તે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની જોગવાઈ અન્વયે સજાને પાત્ર ગુન્હો છે.

જે દલીલોને ધ્યાને લઈને કોર્ટે આરોપી વલ્લભભાઈ કાનજીભાઈ વેકરીયાને ૧ વર્ષ અને ૯ માસની સાદી કેદની સજા અને દિવસ-અ૦ માં વળતરના રૂા. ૧૨,૮૭,૩૮૪ ચુકવવાનો હુકમ કરેલ હતો. આ કેસમા ફરીયાદી ગંગા લક્ષ્મી સિલ્વરના પોપરાઈટર ગણેશભાઈ હરજીભાઈ રામાણી વતી એડવોકેટ તરીકે રાજકોટના વિદ્વન ધારાશાસ્ત્રી અર્જુન એસ. પટેલ, મહેન એમ. ગોંડલીયા, વીન સોલંકી રોકાયેલ હતા.

ફરજ રૂકાવટના ગુન્હામાં આરોપીને નિર્દોષ છોડી મુકવા કોર્ટનો આદેશ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય)

રાજકોટ,તા.૨૪

ફરિયાદી- શબ્બીર મોહમદરફીક નાગોરી તથા સાહેદ તોફીક ગુલાબભાઈ સુમરા કે જેઓ બર્ને સાંજના આશરે સાતેક વાગ્યે એસીબીની ઓફિસ પાસે એસબીઆઈ ચોકમાં ટ્રાફિક પોઈન્ટ ઉપર ટ્રફિક વોર્ડન તરીકે ફરજ પર હાજર હતા તે વખતે તોરલ બિલ્ડીંગની સામે શાસ્ત્રી મેદાનના વળાંક પાસે હોન્ડા મો.સા. આડુ પડેલ હતું અને આરોપી જાહેરાત બોર્ડમાં કામ કરતા હતા. સાહેદ તોફીકભાઈએ આરોપીને હોન્ડા સાઈડમાં લેવાનું કહેતા આરોપીએ તોફીકને ગાળ આપેલી પછી બર્ને વચ્ચે ઝઘડો થયેલો અને ફરિયાદીએ બર્નેને જુદા પડાવેલા બાદમાં આરોપી જતા રહેલા અને પાંચ દસ મીનીટ પછી આરોપી પાછા આવેલા અને હોન્ડા મો.સા.આડુ રાખીને સાહેદ તોફીકને ગાળો આપેલી અને ફરિયાદી, સાહેદ અને આરોપી ત્રણેય બથમબથ આવી ગયેલા અને જેમાં ફરિયાદીને આરોપીએ પહેરેલ કડુ હોઠ ઉપર અને માથામાં મારીને ઈજા પહોચાડેલ તે દરમ્યાન માણસો ભેગા થઈ ગયેલા અને કંટ્રોલ રૂમમાં ફોન કરીને પીસીઆર વાન બોલાવેલી ત્યારબાદ મુળ ફરિયાદીએ, આરોપી - વિરાજભાઈ અશ્વીનભાઈ જાની વિરૂધ્ધ એ. ડીવિઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલ

સદર કામમાં ચાર્જશીટ થાય બાદ કેસ બોર્ડ પર આવતા સદર કામ રાજકોટના મહે. એડી. ચીફ. જયુ. મેજી. સમક્ષ ચાલતાં ફરિયાદપક્ષ તરફથી ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવતા રજીસ્ટ્રરમાં મુળફરિયાદી-શબ્બીર મોહમદરફીક નાગોરી તથા સાહેદ તોફીક ગુલાબભાઈ સુમરા કે જેઓ બર્ને બનાવ સ્થળે ફરજ બજાવતા હોય તે અંગેની તેઓએ સહી કરેલ હોય તે અંગેનું કોઈ હાજરી પત્રક રજીસ્ટર રજુ કરેલ નથી. ફરિયાદીના જણાવ્યા મુજબ બનાવ સાંજના આશરે સાતેક વાગ્યે બનેલાનું સોગદ ઉપર જણાવેલ જયારે એફ.આઈ.આર. માં ગુનો જાહેર થયાનો સમય ૨૦:૨૦ દર્શાવવામાં આવેલ છે એટલે કે સાંજના આશરે ૧૭:૦૦ કલાકે બનેલો છે જેની જાહેરાત ફરીયાદી કલાક ૨૦:૨૦ ના એટલે કે કલાક ૧૦ વાગ્યે અને ૨૦ મીનીટે જાહેર કરી રહયા છે અને ૩ કલાક મોડી ફરિયાદ કરવા ફરીયાદીએ પોતાની જુબાનીમાં કોઈ ખુલાસો કે સ્ટષ્ટતા કરતા નથી અને ઉલ્ટું ફરિયાદ કેટલા વાગ્યે આપેલી તે મને ખ્યાલ નથી તેવી હકીકત જાહેર કરેલી. તેમજ ફરિયાદીના જણાવ્યા મુજબ બનાવ આશરે સાતેક વાગ્યે બનેલો. જયારે ફરિયાદી સાથેના સાહેદ તોફીકભાઈના જણાવ્યા મજબ બનાવ રાતના સાડા આઠથી સાડા નવ વચ્ચે બનેલો. આમ, ફરિયાદી અને તેઓ સાથે હાજર સાહેદ કે જેઓએ પ્રથમ વખત આરોપીને વાહન લઈ લેવા જણાવેલું અને તેથી જ બનાવની શરૂઆત થયેલી તે બર્નેની જુબાનીમાં બનાવ સમય બાબતે વિરોધાભાસ રેકર્ડ પર આવેલો. તેમજ ફરિયાદીના મેડીકલ સર્ટીફીકેટમાં તા.૧૬/૦૧/૧૬ ની દર્શાવવામાં આવેલ છે અને ઓ.પી.ડી. કેસ પેપરમાં તા.૧૬/૧૨/૧૫ ની દર્શાવવામાં આવેલ છે જે હકીકતોના વિરોધાભાસ બાબતે કોઈ સ્પષ્ટતા ફરિયાદપક્ષ દ્વારા કરવામાં આવેલ નથી તે ઉપરાત મુળ ફરિયાદી તથા સાહેદને રાજય સરકાર કે પોલીસ ડીપાર્ટમેન્ટ દ્વારા પગાર ચુકવવામાં આવતો હોય તેવો કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી વિગેરે જેવી અતિ મહત્વ હકીકતો રેકર્ડ પર આવેલ હતી. તે સિવાય સદર કામે ફરિયાદ પક્ષ દ્વારા તેમની ફરિયાદને સમર્થન આપવા માટે વધુ સાહેદોને જુબાનીઓ લેવામાં આવેલ હોય તે સાહેદો પૈકી સાહેદોની જુબાનીઓમાં વિસંગતતાઓ તથા વિરોધાભાસ રેકર્ડ પર જોવા મળેલ હોય અને સાહેદોએ ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતો પરાવો આપેલો નથી. આમ, ફરિયાદપક્ષના રજુ પુરાવાથી ફરિયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નહિ તેમજ આરોપી તરફે રોકાયેલા વકીલ અજયસિંહ ચૌહાણ મારફત કરવામાં આવેલ દલીલો તથા ઉચ્ચ ન્યાયાલયના પ્રસ્થાપિત ચુકાદાઓને ધ્યાને લઈને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવેલ હતો.

આ કેસમાં આરોપી તરફે ધારાશાસ્ત્રી અજયસિંહ ચૌહાણ તથા ડેનિશ જે. મહેતા (એડવોકેટ) રોકાયેલા હતા.

એલસીબીએ ૪૦૦ લીટર દારૂ પકડ્યો

રાજકોટ. તા.૨૪

ગોંડલના બિલિયાળા પાસેથી રૂરલ એલસીબીએ ફિલ્મી ઢબે સ્કોર્પિયો કારનો પીછો કરી ૪૦૦ લીટર દારૂ સાથે ચોટીલાના ડાકવડલા ગામના વિપુલને દબોચી રૂ.૨.૦૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જયારે દારૂ મોકલનાર ખાટડીના દોલું ગોવાળિયાનું નામ ખુલતાં તેની શોધખોળ હાથ ધરી હતી.

લાખાણી સરોવર અને કોપર એલીગેન્સ સરોવર ઓવરફલો

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૪

સૌરાષ્ટ્ર ગુજરાતમાં અલગ-અલગ જીલ્લામાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૮૦ થી વધુ ચેકડેમ રિપેરિંગ, ઊંડા અને ઊંચા કરવા તેમજ નવા બનાવેલ છે. જેમાં રાજકોટ શહેર માં સ્પીડવેલ પાર્ટી પલોટ ની સામે પોલિસ હેડકવાટર ખાતે હરીશભાઈ લાખાણીના આર્થિક સહયોગથી બનેલ લાખાની સરોવર અને બાબુ લાઈમ (લુણાગારીયા)પરિવાર તથા હરિભાઈ ચૌહાણ પરિવારના આર્થિક સહયોગથી બનેલ કોપર એલીગેન્સ સરોવર સીજનના પેલા જ અમૃત સમાન વરસાદથી વિશાળ પાણી આવવાથી બને સરોવર ઓવરફલો થયેલ છે. જેનાથી આજુબાજુના વિસ્તારોમાં જમીન ના તળમાં ખારું,તુળું અને કડચુ પાણી નું લેવલ ૧૫૦૦ થી ૨૫૦૦ ફૂટ હોય તે ખુબજ ઝડપથી ૨૫ થી ૫૦ ફૂટે મીઠું અને શુદ્ધ પાણી ઉપર આવી જશે જેનાથી લોકો ના અરોગયમાં ફાયદો થશે તેમજ આર્થિક દ્રષ્ટીએ પણ ખુબ મોટો ફાયદો થાશે. સાથેસાથે પ્રકૃતિ ની રક્ષા થવાથી પશુ પક્ષી અને જીવજંતુને સર્વેની રક્ષા થશે.

રાજકોટ શહેરમાં સંપૂર્ણ લોકભાગીદારીથી ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા વરસાદી પાણી રોકવા હોકળા માં ગટર નું ગંદુ પાણી બંધ કરાવી ને ૧૦ થી વધુ ચેકડેમો બનાવેલ છે. જેમાંથી હાલમાં પેલા વરસાદમાં ૨ ચેકડેમ ઓવરફલો થયેલ છે. જો લોકો દબાણ ન કરે કે કચરો ન નાખે અને કોર્પોરેશન દ્વારા ગટર ના ગંદા પાણી બંધ કરવામાં આવે અને લોકો આર્થિક સહયોગ આપે તો વરસાદી પાણી રોકાય તેના માટે ૧૨૫ થી વધુ ચેકડેમ બને તેમ છે. જો આ કાર્ય સફળ થાય તો બેંગ્લોર દિલ્લી અને આફ્રિકા જેવી હાલત પાણી માટે ન થાય .

આ સરોવર બનાવા માટે ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખિયા, પ્રકૃતિ પ્રેમી દિનેશભાઈ પટેલ, જમનભાઈ ડેકોરા, પ્રતાપભાઈ પટેલ, અમુભાઈ ભારદીયા, વિરાભાઈ હુંબલ, ગોપાલભાઈ બાલધા,કોંપર એલીગેન્સ ના પ્રમુખ મકવાણાભાઈ ,બાબુ લાઈમ (લુણાગારીયા પરિવાર),મિતલ ભાઈ ખેતાણી, હરિભાઈ ચૌહાણ પરિવાર , રમેશભાઈ જેતાણી અશોકભાઈ મોલિયા, મનીષભાઈ માયાણી, રતિભાઈ ઠુમ્મર, વિઠ્ઠલભાઈ બાલધા, વસંતભાઈ લીંબાસીયા,શૈલેશભાઈ જાની, પ્રવીણભાઈ ભુવા, ધીરુભાઈ કાનાબાર, ભરતભાઈ ભીમાણી, હરીશભાઈ લાખાણી, રમેશભાઈ ઠક્કર, કિશોરભાઈ કાથરોટિયા, કાન્તીભાઈ ભૂત,પ્રકાશભાઈ કનેરિયા ,સતીશભાઈ બેરા, વગેરે ઘણા ભાઈઓ અને બહેનો જોડાયા હતા.

ધોળકિયા સ્કૂલમાં યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી

રાજકોટ : ધોળકિયા સ્કૂલના પ્રાંગણમાં વિદ્યાર્થીઓ યોગ દિવસની ઉજવણીમાં જોડાયા. સૂર્યના ઉર્જામય કિરણોની હાજરીમાં તન-મનને ઉર્જાનો સ્ત્રોત મળી રહે તે હેતુથી યોગ દિવસની ઉજવણી થઈ. વિવિધ આસનો દ્વારા યોગ જીવનનું મહત્વ વિશે સમજ કેળવી.

શાળા દ્વારા વિવિધ કાર્યક્રમોનું પણ સાથે આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ સંગીત સાથે યોગ-આસનો રજૂ કર્યા. શાળાના ટ્રસ્ટીઓ તથા શિક્ષકઓ પણ આ કાર્યક્રમમાં જોડાયા.

સરદાર પટેલ સોશ્યલ ગ્રૂપ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૪

સરદાર પટેલ સોશ્યલ ગૂપ, પડધરી મારફત તાલુકા ના લેઉવા પટેલ ના બાળકો કે જે ધોરણ ૯ થી ૧૨ અને કોલેજ મા ગત સાલે સારા માર્કે સાથે પાસ થયેલ હોય તેનો મેરીટના ધોરણે સરસ્વતી સન્માન સમારોહ યોજવા નુ નકકી કરેલ છે.

આ માટે વિદ્યાર્થીઓના મેરીટ આધારીત પત્રકો તાલુકા ની હાઇસ્કુલ અને કોલેજ માથી મંગાવવામા આવશે તેના પરથી પ્રથમ ત્રણ ને શીલ્ડ અને ભેટ આપવામા આવશે. ચોથા અને પાંચમા ક્રમે આવતા વિદ્યાથીને, પ્રમાણ પત્ર અને ભેટ આપી સન્માન કરવામા આવશે.

ઉપરાંત ધોરણ ૯ થી ૧૨ મા અભ્યાસ કરતા તાલુકા ના લેઉવા પટેલ જ્ઞાતિ જનો ના જે બાળકો તાલુકા બહાર અભ્યાસ કરતા હોય અને રહેતા હોય તાલુકા મા તેને ૭૦ ટકા થી વધુ માર્કેસ મેળવેલ હોય તેઓ પણ માર્કે શીટ મોકલી શકશે.

પડધરી તાલુકાના વતની હોય અને તાલુકા બહાર રહેતા હોય તેવા ધોરણ ૧૦ અને ૧૨ મા અભ્યાસ કરતા બાળકોને ૯૦ ટકા કે તેથી વધુ માર્કે મેળવનાર વિદ્યાર્થીનુ વિશિષ્ટ સન્માન કરવામા આવશે તેઓ પણ માર્ક શીટ મોકલી શકશે. . તો તમામ ને વિનંતી કે ઉકત કાઇટેરીયામા આવતા વિદ્યાથી જે ભાગ લેવા માગતા હોય તો તેમની માર્ક શીટ તા. ૨૫/૦૬ પહેલા પટેલ સ્ટેશનરી માટે પડધરી ફોન ૯૪૨૬૭૮૦૨૭૯ ને પહોચતી કરશો.તેમ જણાવ્યુ છે.

લોઢવાં ગામે પોલિયો દિવસની ઉજવણી

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા,તા.૨૩

લોઢવા ગામે ૦ થી ૫ વર્ષના બાળકો ને પોલિયો ના ટીપા પીવડાવાના દિવસ નીમતે લોઢવાં પે. શાળાના બુથએ લોઢવાં જી.પંચાયતના સદસ્ય જયાબેન જાદવભાઈ ભોળાએ હાજરી આપી બાળકોને પોલિયોના ટીપા પીવડાવેલ આ પ્રસંગે આરોગ્યના કર્મચારી સહિત હાજર રહેલ.

વાચકોએ નોંધ લેવી

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી

લીલીયામોટાનાં એસટી બસ સ્ટેન્ડમાં મુસાફરોને પ્રાથમિક સુવિધા મળતી નથી



(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી,તા.૨૪

લીલીયા તાલુકા મથકનું ગામ હોવાથી અહીંથી અન્ય શહેરોમાં જવા મોટી સંખ્યામાં લોકો ગ્રામ્ય વિસ્તારમાંથી અહીં આવે છે બસ સ્ટેન્ડમાં પશુઓ અને ગંદકીનું સામ્રાજય હોવાથી મુસાફરો હેરાન પરેશાન થાય છે. રાજય અને કેન્દ્ર સરકારની વિકાસની ગુલબાંગો વચ્ચે શહેરના એસટી બસ સ્ટેન્ડની દુર્દશા જોવા મળે છે. જેને લઇ મુસાફરો હેરાન પરેશાન છે. લીલીયા તાલુકા મથકનું મુખ્ય ગામ હોય આસપાસનાં ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકો ચીજ વસ્તુની ખરીદી કરવા તેમજ અન્ય શહેરોમાં જવા આવવા માટે અહીં આવતા હોય છે. જેને લઇ બસ સ્ટેન્ડમાં બે મિનિટ રોકાવું મુશ્કેલી ભર્યું છે મોટા ભાગે બસ સ્ટેન્ડમાં પશુઓનાં ધામા અને ગંદકીનું સામ્રાજય હોવાથી માખી મચ્છરનો ઉપદ્રવ જોવા મળે છે. ત્રણ કરોડનાં ખર્ચે બસ સ્ટેન્ડ મંજૂર થઈ ગયા હોવાની ગુલબાંગો સાંભળવા મળી રહે છે.તેવા સમયે નવું બસ સ્ટેન્ડ ક્યારે બનશે તેવો સવાલ લોકોમાં ચર્ચાઈ રહ્યો છે. હાલ બસ સ્ટેન્ડમાં પીવાનાં પાણીની સુવિધા પણ નથી જેને લઇ મુસાફરો ધોમ ધખતા તાપમાં ખૂબ જ અગવડતા અનુભવે છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

વિસામણ ગ્લોબલ સેલ્સ લિમિટેડનો IPO આજે ખુલશે : ૧ જૂલાઇએ લીસ્ટીંગ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૪

સૌરાષ્ટ્ર ક્રાંતિની મુલાકાતે પધારેલ મીલન કોઠારીએ જણાવ્યુ હતુ કે, સ્ટ્રકચરલ સ્ટીલ સપ્લાય અને ટ્રેડીંગના વ્યવસાયમાં અગ્રેસર એવી રાજકોટ બેઇઝ ધરાવતી વિસામણ ગ્લોબલ સેલ્સ લિમિટેડ પ્રાયમરી માર્કેટમાં પ્રવેશ કરી રહી છે. કંપનીનો આઈ.પી.ઓ. ૨૪ જુને ખુલશે અને ૨૬ જુને ક્લોઝ થશે.કંપની માર્કેટમાંથી ૧૬ કરોડ રૂપિયા એકઠા કરવાની ધારણા રાખે છે.

આ આઈ.પી.ઓ. લાવવા પાછળ કંપનીનો હેતુ ગુજરાતના રાજકોટ શહેરમાં પ્રોડકશન યુનિટ સ્થાપવા માટે મૂડી ખર્ચની જરૂરિયાતને પહોંચી વળવા તેમ

જ કંપનીની કાર્યકારી મૂડીની જરૂરિયાતોને ભંડોળ પૂરું પાડવું અને અન્ય સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટેનો છે.

વિસામણ ગ્લોબલ સેલ્સ લિમિટેડના પ્રમોટર્સમાં મિતુલકુમાર સુરેશચંદ્ર વસા, સુરેશચંદ્ર ગુલાબચંદ વસા, અવની એમ.વસા, ઇલાબેન સુરેશચંદ્ર અને કુલર બ્રિજેશ નરેન્દ્રભાઇ છે. કંપની અત્યારે મુખ્યત્વે રાઉન્ડ ટ્યુબ, સ્કવેર પાઈપ્સ, રેકટેંગલ પાઈપ્સ અને ફોકસ પાઈપ્સ ઉપરાંતસ્ટ્રકચરલ સ્ટીલ એમ.એસ.એન્ગલમાં એમ.એસ. ચેનલ, એમ.એસ. એંગલ, એમ.સ. આઈ. બીમ્સ, એમ.એસ. પ્લેટ, એમ.એસ. ચેકવીરેડ પ્લેટસ, એમ.એસ. ફલેટ્સ, એમ.એસ. રાઉન્ડ બાર, એમ.એસ. TMT બાર અને એમ.એસ. સ્કવેર બાર, એમ.એસ. રીટેઈલ, એમ.એસ. તી. બાર્સ, એમ.એસ. CR શીટ, કોઈલમાં BGL કોઈલ, GP (GI) કોઈલ, HR કોઈલ, CR કોઈલ અને કલર કોટેડ કોઈલ તથા શીટ્સમાં એમ.એસ.શીટ્સ, GP એન્ડ GC શીટ્સ, CR શીટ્સ, HR શીટ્સ અને પ્લેટસ, કલર કોટેડ શીટ્સ તથા રુફિંગ પફ પેનલ સપ્લાય કરે છે.

વધુમાં, કંપની વર્તમાન ગ્રાહકોને મૂલ્ય વર્ધિત સેવા તરીકે ક્રેડિટ સુવિધા પણ પૂરી પાડે છે.વધુમાં, ગ્રાહકોની ચોક્કસ જરૂરિયાતને પહોંચી વળવા કસ્ટમાઇઝેશનની સુવિધા પ્રદાન કરે છે. કંપની ફેરફાર અને ફેરફારની પ્રક્રિયા તૃતીય પક્ષને આઉટસોર્સ કરે છે. વધુમાં, ગ્રાહકોને ઉત્પાદનોની ઑનસાઇટ ડિલિવરીની સુવિધા પણ આપે છે.

અગ્નિકાંડ પ્રશ્ને કોંગ્રેસના રાજકોટ બંધના એલાનમાં શાળા - કોલેજ બંધ રાખવા કોંગ્રેસની અપીલ

કાલે સ્વયંભૂ બંધ પાળી મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખની અપીલ

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૪

મહાનગરપાલિકાના બેદરકારી અને ભ્રષ્ટ શાસનને પગલે તારીખ ૨૫ મે ના રોજ બનેલી TRP ગેમ ઝોનની અત્યંત દુઃખદ ઘટનામાં અનેક પરિવારોએ પોતાના વહાલ સોયા માસુમ બાળકો અને પરિવારના સભ્યો ગુમાવ્યા છે. મૃતકોની માસિક પુણ્યતિથિ નિમિત્તે આજરોજ રાજકોટ માં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ રાજ્ય સભાના સાંસદ શક્તિસિંહજી ગોહિલ દ્વારા પત્રકાર પરિષદ સંબોધવામાં આવી હતી જેમાં જણાવ્યું હતું કે રાજકોટમાં ન્યાય મેળવવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અને રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા જે મુદ્દાઓ ઉઠાવેલ છે અને શરૂઆતથી જ રાજકોટ ની જનતાએ સાથ અને સહકાર આપ્યો છે રેસકોષે ખાતે કેન્ડલ માર્ચથી લઈ શ્રદ્ધા સમનમાં રાજકોટ વાસીઓ ઉમટી પડ્યા હતા. રાજકોટમાં લાલજીભાઈ દેસાઈ, જીગ્નેશભાઈ મેવાણી અને પાલભાઈ આંબલીયાની ટીમ દ્વારા જે ઘેર ઘેર ખૂણે ખૂણે જે પત્રિકાઓ પહોંચાડી દેવાઇ તે અભિનંદન ને પાત્ર છે. અગાઉની ઘટનાઓમાં મતદાતાઓનો વિશ્વાસ હલી ગયો છે અને એસઆઇટીએ ફક્ત લિફાફા સિવાય કશું જ નહીં એસઆઇટીની તપાસ એ ચાર્જ સીટ નો ભાગ ન બને કોર્ટ ચાર્જશીટ નો પાર્ટ ન હોય તો કોર્ટમાં ચાલે નહીં. મોરબીની ઘટના, તક્ષશિલા કાંડ, વડોદરા ના હરણીકાંડ માં આજ દિન સુધી લોકોને ન્યાય મળેલ નથી અને રાજકોટમાં ગેમઝોનની ઘટનામાં પણ પરિવારોને ન્યાય મળશે કે કેમ તે શંકા છે ૨૫મી ઘટના એક મહિનો થયો માસિક પુણ્યતિથિ રાજકોટ સ્વયંભૂ બંધ રહે દુકાનદાર વેપારી એસોસિયેશન સંપૂર્ણપણે સાથ આપેલ છે બંધમાં ટીમમાં અમારી ટીમો રસ્તા પર નીકળશે કોઈ જબરદસ્તી નહીં હાથ જોડીને વિનંતી કરાશે માનવતાના ધોરણે જો સહકાર આપે તો ઠીક છે બાકી જે લોકો બંધ નહીં કરે તેવા વેપારીઓના સોશિયલ મીડિયામાં આવા બંધમાં ન જોડાનાર વેપારીઓ ના વિડીયો વાયરલ કરાશે સાગઠીયા ને પકડી લીધા એટલે બધું બરોબર નહીં એના બોસ પણ હતા બોસની પકડીને ધાક બેસાડવી જોઈએ. બંધારણમાં લોકોને જાન, માલ મિલકતની જવાબદારી એ સરકારની છે જ્યાં કમિશનર, કલેકટર, ડીએસપી, મેયર ધારાસભ્ય જાય છતાં પણ કોઈ નાનું અધિકારી પીએસઆઇ કે પીઆઇ દરજ્જાના વ્યક્તિ તેને બંધ ન કરાવી શકે સંવેદનશીલતા મરી પરવારી છે. જે દિવસે ગેમ ઝોનની ઘટના ઘટી તે દિવસે રાહત દરે એન્ટ્રી હોવાથી આ ઘટનામાં મધ્યમ વર્ગના લોકો ભોગ બન્યા છે. સરકાર ઉદ્યોગપતિઓના સોળ લાખ કરોડ માફ કરી શકતી હોય તો વધુ સહાય સરકાર ચૂકવી શકે આવતીકાલે બંધના વેપારીઓનો આભાર વ્યક્ત કરું છું રાજકોટને સૌરાષ્ટ્રનું હૃદય સમાન છે અત્યારે અડધો દિવસ બંધ રાખવા અમારી અપીલ છે. ગુજરાત કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે સતત ૨૬ દિવસથી રાજકોટના ખૂણે ખૂણે અમે લોકો ફરી રહ્યા છે પાનના ગલ્લે વેપારીઓને લોકોને મળ્યા છીએ ડોર ટુ ડોર ૭૦ થી ૮૦,૦૦૦ લોકોનો સંપર્ક કર્યો છે સરકાર ભાજપના ભ્રષ્ટ નેતાઓની ધરપકડ કરવા માગતી નથી અગાઉની જે ઘટનાઓ બની છે તેમાં ભાજપના નેતા ની હોય તેમ પીરિત પરિવારો રાજકોટમાં પણ તપાસ છીન ભિન્ન કરી નાખવા માગે છે એસઆઇટી એ કોથળામાંથી બિલાડું કાઢેલ છે ફક્ત ૨૦ જ લીટર પેટ્રોલ હતું તેમ જણાવેલ છે અધિકારીને બચાવવા એસઆઇટી એ તર્કટ રચ્યું છે પુરાવા સાથે ચેડા કરવા અને પુરાવાનો નાશ કરવા ભારતીય જનતા પક્ષના ભ્રષ્ટ નેતાઓના પાપે આ દુર્ઘટના સર્જાય છે. રાજકોટની જનતા કસોટી એ વિપક્ષની નહીં પીડિત પરિવારનું નહીં રાજકોટના નાગરિકોને ન્યાય મળશે. આવતીકાલે રાજકોટની ભ્રષ્ટ પોલીસ પણ દારૂના અડ્ડાઓ બંધ રખાવે એવી મારી અપીલ છે.

રાષ્ટ્રીય સેવા દરમિયાનના અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે ગુજરાતના ભ્રષ્ટ શાસકોને ચેલેન્જ કરવા માગું છું કે અધિકારીઓની ૧૦ વર્ષ પહેલાંની મિલકત અને આજની મિલકત જાહેર કરે હું રાત્રે સૂતો હોય તો પણ મને વિચાર આવે છે કે આ ઘટનામાં જો મારો દીકરો ૩૦૦૦ ડિગ્રીમાં ભોગ બનેલ હોય તો મારી સ્થિતિ શું થઈ હોય મોરબી સહિતની અનેક ઘટનાઓમાં એક પણ આરોપી જેલમાં નથી આ નિરાશા ગુજરાતમાં ઊભી ન થાય તે માટે રાજકોટમાં લડત લડવા માંગીએ છીએ ન હોય છે. રાજકોટના ખૂણે-કોણે બંધ રહે તો જ સરકારની આંખો ખુલશે.

આજની આ પત્રકાર પરિષદમાં પ્રમુખ શક્તિસિંહજી ગોહિલ, ગુજરાત પ્રેસ કોંગ્રેસ સમિતિના કાર્યકારી અધ્યક્ષ વડગામના ધારાસભ્ય જીગ્નેશભાઈ મેવાણી, પ્રદેશના કાર્યકારી અધ્યક્ષ ચોટીલાના ધારાસભ્ય ઋત્વિકભાઈ મકવાણા, ધારાસભ્ય શૈલેષભાઈ પરમાર, સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈ, વિધાનસભા વિરોધ પક્ષના પૂર્વ નેતા પરેશભાઈ ધાનાણી, પૂર્વ ધારાસભ્ય ઇન્દ્રનીલ રાજગુરુ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા મનીષભાઈ દોશી, રાજકોટમાં પ્રભારી બિપેન્દ્રસિંહ જાડેજા, કિસાન સેલના પ્રદેશ પ્રમુખ પાલભાઈ આંબલીયા, બળદેવભાઈ લુણી, ઇન્દ્રવિજયસિંહ ગોહિલ, રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, સૌરાષ્ટ્ર કચ્છના પ્રવક્તા નિદત ભાઈ બારોટ, જશવંતસિંહ ભટ્ટી ઉપસ્થિત રહ્યા હતા.

ખાનગી કોચિંગ ક્લાસીસ એસોશિયનએ સ્વેચ્છિક બંધના એલાનમાં સમર્થન જાહેર કર્યું

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૪

રાજકોટના અગ્નિકાંડ મુદ્દે કોંગ્રેસ આક્રમક મૂડમા જોવા મળી રહી છે અને આવતીકાલે એટલે ૨૫મી જૂન અને મંગવારે બંધનુ એલાન આપ્યું છે ત્યારે રાજકોટની તમામ શૈક્ષણિક સંસ્થાઓ બંધ રહે તે માટે કોંગ્રેસના શિક્ષણક્ષેત્ર સાથે સંકળાયેલ આગેવાનો- NSUIના પ્રદેશ અગ્રણીઓ ખાનગી શાળા સંચાલક મંડળના અગ્રણીઓને આ મુદ્દે સમર્થન આપવા અપીલ કરી હતી ને તેઓએ રજૂઆતમાં જણાવ્યું હતુ કે આ લડાઈ કોઇ રાજકીય નથી આ લડાઇ ન્યાય માટે રાજકોટના સ્વાભિમાનની કસોટીની છે. રાજકોટ ગેમઝોન અગ્નિકાંડમા અનેક નિર્દોષ નાના ભૂલકાઓ ભુજાયા છે ત્યારે આવી દુર્ઘટનાઓ જો તંત્ર અને સરકારના પાપે થતી હોય તો માનવસમાજની ફરજ બને કે પીડિતોને ન્યાય મળવો જોઈએ અને જે જે જવાબદારો હોય તેઓને કડક સજા મળવી જોઈએ.વિશેષ કોંગ્રેસના આગેવાનો અને સ્કૂલ સંચાલકો વેચ ખાસ ચર્ચા ધો.૧૦-૧૨ બોર્ડની હાલ પૂરક પરીક્ષાઓ ચાલી રહી છે તે અંગે થઈ કે હાલ જે જે કેન્દ્રો પર પરીક્ષાઓ ચાલુ ત્યા અમને કોઇ આપતી નથી જેથી પૂરક પરીક્ષાઓ રાબેતા મુજબ ચાલશે અને તે કેંદ્રો પર વિદ્યાર્થીઓને કોઇ ખલેલ ના પહોંચે તેની ખાસ તકેદારી લેવામાં આવશે તેવુ વિદ્યાર્થી આગેવાનોએ નિર્ણય લીધો હતો.

વધુમા કોંગ્રેસના અગ્રણીઓએ રજૂઆતમા જણાવ્યુ હતુ અમે સબળ વિપક્ષ તરીકે સૂતેલી સરકારને જગાડવી એ અમારી ફરજ છે અને જેથી આવી દુર્ઘટનાઓ ભવિષ્યમા ના બને તે આશયથી જ અમે તમામ શૈક્ષણિક સંસ્થાઓને એક દિવસ સ્વેચ્છિક બંધ રાખે તેવી અપીલ કરી છે. અમે માનવતાની રૂહે પીડિત પરિવારોની પડખે ઊભીને તેઓને ન્યાય અપાવવા માટે આ લડત છેલ્લા એક મહિનાથી લડી રહ્યા છે અને પીડિત પરિવારોને ન્યાય મળે તે જ અમારી પ્રાથમિકતા છે. અમારે લોકોને શૈક્ષણિક સંસ્થાઓ કે રાજકોટ બંધ સફળ રહે તેનો જશ ખાટવાનો જરા પણ રસ નથી કારણ કે આ રાજકોટવાસીઓની કરૂણાંતીની અને સ્વાભિમાનની પરીક્ષા છે આવા દુઃખદ દુર્ઘટનાઓ આપણા શહેરમા બન્યા પછી તો મૃતકોની પ્રથમ માસિક પુણ્યતિથિએ અનેક ન્યાયયીક બાબતોમા કોઇ પક્ષાપક્ષીમા કોણ પડે ! જરાક તો માનવતા જેવું હોય કે નહીં ! અમે તો સતાધારી પક્ષના આગેવાનો અને નેતાઓને પણ અપીલ કરી છે કે તમે આ બંધના એલાનમા તમે પણ સાથે જોડાવો અને સૌને બંધની અપીલ કરવા આવો અમે તમારા સિપાહી બનીશુ અને પીડિતોને ન્યાય નહીં મળે ત્યા સુધી સાથે લડીશુ.

રાજકોટ શહેરની તમામ કોલેજોના સંચાલકો સાથે પણ અમારા આગેવાનોએ વ્યક્તિગત રજૂઆત કરી કે એક દિવસ સ્વેચ્છિક કોલેજો બંધ રાખી પીડિતોને સમર્થન આપો અને તે લોકોએ આવી કરૂણાંતી બાબતે પીડિતોને સમર્થન આપશે તેવો અમને સપૂર્ણ ભરોસો છે. વધુમાં આગેવાનોએ જણાવ્યું હતુ કે અમારો ઇરાદો બાળકોના શૈક્ષણિક કાર્ય બગડે તેવો નથી પરંતુ આ અગ્નિકાંડમા મૃતકો મોટાભાગના નાના ભુલકાઓ અને યુવાનો જ હતા જેથી ખાસ સ્કૂલો-કોલેજોના વિદ્યાર્થીઓએ તેઓના જાનમાલની સુરક્ષા બાબત્તે સરકારની બેદરકારીઓ સામે વહિવટી તંત્રને વધુ સતર્ક-સક્રિય બનાવવા આ એલાનમા સમર્થન આપવું જ જોઈએ જેથી આવી કોઈ ઘટનાઓ આપણાં રાજ્યમાં ના બને. તેમ છતા કોઇ સ્કૂલ-કોલેજ સંચાલકો સતાના ઇશારે કે અહમમા રહી પીડિત પરિવારોની અપીલની ઉપરવટ જઈ શૈક્ષણિક સંસ્થા ચાલુ રાખશે તો અમારા કોઇ કાર્યકર કોઇ સાથે ઘર્ષણમા નહી ઉતરે ! સંચાલકોને બે હાથ જોડીને પીડિત પરિવારોની વ્યથાઓ અને આપવીતી સમજાવીને તેઓને માનવતાની રૂહે એક દિવસ બંધ કરાવવા વિનંતી કરવાની પહેલ જ કરવાની સૂચનાઓ આપી તેવુ જણાવ્યુ હતું.

રાજકોટના ખાનગી કોચિંગ ક્લાસીસ એસોશિયનએ પણ સ્વેચ્છિક આ બંધના એલાનમા સમર્થન જાહેર કર્યું હતુ જેમાં ૩૦૦ થી વધુ કોચિંગ ક્લાસીસોનો સમાવેશ થાય છે.

આ વિગતો કોંગ્રેસના પ્રવક્તા અને પૂર્વ સિન્ડિકેટ સભ્ય નિદતભાઈ બારોટ,પૂર્વ સેનેટસભ્ય રાજદીપસિંહ જાડેજા, NSUI ના પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકી, કોંગ્રેસના પ્રવક્તા અને વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપૂત અને રાજકોટ NSUI ના પ્રમુખ બ્રિજરાજસિંહ રાણા,યુવક કોંગ્રેસના શહેર પ્રમુખ હરપાલસિંહ જાડેજા,જિલ્લા યુવક પ્રમુખ અલ્પેશ સાધરિયાની યાદીમાં વિગતો આપી અપીલ કરી હતી.

રાજકોટ બંધમાં જોડાવા અપીલ કરતાં ગોપાલ અનડકટ, જશવંતસિંહ ભટ્ટી, રણજીત મુંધવા

રાજકોટ : રાજકોટના ટીઆરપી ગેમ ઝોનના અગ્નિકાંડ માં મૃત્યુ પામેલા ૨૮ નિર્દોષ લોકોના જીવ ગયા હતા જેની પ્રથમ માસિક તિથિ હોય જેને લઇ શ્રદ્ધાંજલિ રૂપે રાજકોટ બંધ પાડવાનું હોય તો રાજકોટ વાસીઓને ખાસ વિનંતી કે જે ગેમ ઝોન ની અંદર નિર્દોષ લોકોના જીવ ગયા છે તેમને અને તેમના પીડિત પરિવારની ન્યાય મળે જે સીટની રચના કરવામાં આવી છે એ સીટમાં સારા અને નીડર અધિકારી નિમણૂક થાય વળતર મા વધારો થાય ફાસ્ટ ટ્રેક કોર્ટમા કેસ ચાલે એ હેતુથી જ્યારે કોંગ્રેસ મેદાને આવી હોય અને ભૂતકાળની અંદર જેમ કોંગ્રેસ રાજકોટમાં અને સમગ્ર ગુજરાતમાં લોકોની સાથે રહી છે એ જ રીતે જ્યાં સુધી પીડિત પરિવારને ન્યાય નહીં મળે ત્યાં સુધી કોંગ્રેસ કોઈ પણ ભોગે લડી લેવાના મૂડમાં હોય અને આપણા રાજકોટ વાસીઓની ફરજ બને છે રાજકોટ ની અંદર ઇતિહાસમાં પહેલીવાર જો આવી ગોજારી ઘટના બની હોય એ ઘટનાના નમ્ર આખે અને ભારે હૈયે રાજકોટ વાસીઓએ શ્રદ્ધાંજલિ આપવાની ફરજ પડી હોય એનાથી મોટું દુઃખ કાંઈ પણ ગણી શકાય નહિ ત્યારે રાજકોટ વાસીઓને પોતાના ધંધા રોજગાર બંધ રાખી રાજકોટના આપને બંધમાં જોડાવા અપીલ કરી છિએ ગોપાલા અનડકટ, જશવંતસિંહ ભટ્ટી, રણજીત મુંધવાએ જણાવ્યું છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા

શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૪

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા ૨૬ થી ૨૮ ત્રિ દિવસીય શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાશે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા રાજકોટ શહેરમાં ૫ થી ૧૪ વર્ષનું એકપણ બાળક શાળા પ્રવેરાથી રચિત ના રહે તેવા ૧૦૦% નામાંકનના સંકલ્પ સાથે રાજકોટ શહેરમાં શાળા પ્રવેશાત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો રંગારંગ શુભારંભ કરવામાં આવનાર છે. શાળામાં પ્રવેશ આપવામાં આવશે. આ તકે સરકારના પ્રતિનિધિઓ, સંસદ સભ્યઓ, ધારાસભ્યઓ, મેયર, તેમજ પદાધિકારીઓ, રા.મ્યુ.કો, કોર્પોરેટરઓ, શિક્ષણ સમિતિ સદસ્યઓ, મહાનુભાવો, મહેમાનો, વાલી, વિસ્તારના આગેવાનો શિક્ષણ વિદો, સામાજીક સંસ્થાના પ્રતિનિધિઓ, સ્કૂલ મેનેજમેટ કમિટિના સભ્યો સહિત વિશાળ જન્મ-સમુદાયે ઉપસ્થિત રહેશે. સમગ્ર આયોજન ૧ થી ૧૧ રૂટમાં યોજવામાં આવેલ છે. જેમાં શિક્ષણ સમિતિની વોર્ડ નં. ૧ થી ૧૮ ને આવરી લેતી કુલ ૯૩ શાળાઓ તથા ૩૧ ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓનો સમાવેશ કરીને કાર્યક્રમ યોજવામાં આવશે

આ ત્રિ-દિવસીય પ્રવેશોત્સવ દરમ્યાન આશરે બાલવાટિકામાં ૧૫૧૪ કુમાર ૧૫૫૯ કન્યા એમ કુલ ૩૦૭૩, ધોરણ-૧ માં ૮૨૯ કુમાર ૯૦૦ કન્યા એમ કુલ ૧૭૨૯ બાળકોને પ્રવેશ આપવામાં આવનાર છે. ધુન પ્રવેશ ૨૫૫ બાળકોને પણ આ મહોત્સવ દરમિયાન શાળામાં પ્રવેશ અપાશે. ૧૧ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોર્ડ અર્પણ કરવામાં આવશે.

સમગ્ર આયોજનની વિગત જણાવતા શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પુજારા વા.ચેરમેન ડો. પ્રવીણ નિમાવત શાસનાધિકારી કિરીટસિંહ પરમાર, શિક્ષણ સમિતિના તમામ સદસ્યોએ જણાવેલ છે કે સમગ્ર રૂટમાં ઈન્ચાર્જ કેળવણી નિરિક્ષક, યુ.આર.સી., સી.આર.સી.. આચાર્યઓ તેમજ શાળા પરિવાર સમગ્ર આયોજન સંભાળી રહ્યા છે. આ ત્રિ-દિવસીય આયોજન માટે કેટ્રોલ રૂમ શરૂ કરવામાં આવેલ છે. આ માટે કમ્યુ. કમિશ્નર દેવાંગ દેસાઈની અધ્યક્ષતામાં અમલીકરણ સમિતિની રચના કરવામા આવેલ છે, જેમા શિક્ષણ સમિતિના ચેરમેન શાસનાધિકારી, સંયુક્ત માહિતિ નિયામક નાયબ કમિશ્નર કોર્પોરેશનનો સમાવેશ કરાયો છે.

લીલીયામોટાનો માથાના દુઃખાવારૂપ ભૂગર્ભ ગટરનો પ્રશ્ન ન ઉકેલાયો

ગામજનો, સંસ્થાઓ રજૂઆત અને આંદોલન કરીને થાકયા છતાં પણ પ્રશ્નનું નિરાકરણ નહીં

પુનઃ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ભૂગર્ભ ગટર પ્રશ્ને મામલતદાર કલેકટરને આવેદનપત્ર પાઠવાયું

(વિલાપ રૂપારેલ દ્વારા)
અમરેલી,તા.૨૪

લીલીયા મોટાના ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ગટરના ગંધાતા પાણી બાબતે કલેકટર અમરેલીને લીલીયા મામલતદાર મારફત આવેદનપત્ર પાઠવેલ. જેમાં જણાવેલ કે, લીલીયા ગામની ગટર હાલ ભયંકર રીતે ઉભરાય છે અને તેના ગંદા પાણી લીલીયાની બજારોમાં નીકળે છે. લીલીયાના લોકોને ખરીદી કરવા ગટરના ગંદા પાણીમાં ચાલીને નીકળુંવું પડે છે. લીલીયાની મોટાભાગની ગટરની કુંડીઓ જામ થઇ ગયેલ હોય અવાર નવાર લીલીયાની ગ્રામ પંચાયતને રજુઆત કરેલ છે. લીલીયા પંચાયત પાસે ગટરની સફાઈ બાબતે જેટીંગ મશીન ફાળવવામાં આવેલ ના હોય ગટરની સાફ સફાઈ આજ સુધી થયેલ નથી અને ગટર બાબતે કોઈ સંતોષકારક કામગીરી થયેલ નથી. ગટરના ગંદાપાણીના હિસાબે લીલીયાના વેપારીઓ પાસેથી ખરીદી કરવા આવતા લોકોને ગટરના ગંદા પાણીમાં ચાલવું પડે છે અને દુકાનદાર પાસેથી ખરીદી કરવા કોઈ આવતા નથી અને અમુક કુંડીનું પાણીએટલી દુર્ગંધ મારે છે કે દુકાનદારને પણ દુકાનમાં બેસી શકાતું નથી. તો આપને લીલીયાના વેપારીઓ વતી અમારી નમ્ર અરજ છે કે આપ લીલીયા ગામની ગટર બાબતે લીલીયાની જનતાની મુશ્કેલીમાં યોગ્ય રસ્તો કરી આપશો. ગટરના પાણીથી રોગચાળો ફેલાય તેવી સ્થિતિ હાલ જોવા મળી રહી છે.

આ તકે વેપારી એસોસિએશનના પ્રમુખ પરીન સોની, ઘનશ્યામ બારૈયા, રસિકભાઈ પંકજ પાન, જગદીશભાઈ હોથી સહિતના વેપારીઓ જોડાયા હતા

સમસ્ત રાવળ સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભૂમિ પૂજન અને માપણીનો કાર્યક્રમ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતિ કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૪

સરકાર દ્વારા વિચરતી વિમુકત જાતિ મા સમાયેલા રાવળ સમાજ ના ૧૭૪ પરિવારોને રાજકોટ જિલ્લાના પીપડીયા ગામ ખાતે પ્લોટ ફાળવાયા આ તકે રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશીની અધ્યક્ષતામા પીપડીયા ગામ ખાતે માપણી અને ભૂમિપૂજન ભવ્ય કાર્યક્રમ યોજાયો

આ તકે વિશેષ ઉપસ્થિત રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશી તથા આસિસ્ટન્ટ કલેક્ટર નિશા ચોધરી રાજકોટ ૨ તથા તેમની ટીમ. સરપંચ કાનાભાઈ તથા તલાટી સોનલબેન ડોબરીયા વગેરે ઉપસ્થિત રહ્યા

આ આયોજન ને સફળ બનાવા સમસ્ત રાવળ સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટ ના પ્રમુખ ગોપાલ બોરાણા તથા તેમની ટીમ રાજુભાઈ બોરાણા, મહેશભાઈ ગોહેલ, કમલેશભાઈ મચ્છોયા, રાજેન્દ્રભાઇ સોઢા, નરેશભાઈ મેર, ધર્મેશભાઈ સોઢા, નીરવભાઈ વાણીયા, સુનિલ પેથાનિ, મેહુલભાઈ ગોહેલ, લખમણભાઇ પરમાર, અમુભાઈ સોઢા, ખીમજીભાઈ સોઢા, દિવ્યેશ ભોજક, જીતુંભાઈ બોડા, દીપકભાઈ બોડા, મૂકેશભાઈ બોડા, મૂકેશભાઈ ભોજક વગેરે રાવળ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા.

આજથી ખડેરી-પડધરી રેલવે પડધરી સેક્શનમાં બ્લોકથી ૩૦ જૂન સુધી રેલ વ્યવહારને મોટી અસર પડશે

રાજકોટ,તા.૨૪

રાજકોટ ડિવિઝનમાં આવેલા રાજકોટ-ખડેરી-પડધરી સેક્શનમાં ડબલ ટ્રેકના કામ માટે બ્લોક લેવામાં આવેલ છે, જેના કારણે ૩૦ જૂન, ૨૦૨૪ સુધી રેલ વ્યવહાર ને અસર થશે. રદ કરાયેલી ટ્રેનોમાં વેરાવળ-ગાંધીનગર કેપિટલ ઇન્ટરસિટી ૨૪.૦૬.૨૦૨૪ થી ૨૯.૦૬.૨૦૨૪ સુધી રદ.

ગાંધીનગર કેપિટલ-વેરાવળ ઇન્ટરસિટી ૨૫.૦૬.૨૦૨૪ થી ૩૦.૦૬.૨૦૨૪ સુધી રદ. રાજકોટ-પોરબંદર એક્સપ્રેસ ૨૪.૦૬.૨૦૨૪ થી ૩૦.૦૬.૨૦૨૪ સુધી રદ. પોરબંદર-રાજકોટ એક્સપ્રેસ ૨૪.૦૬.૨૦૨૪ થી ૩૦.૦૬.૨૦૨૪ સુધી રદ.

આંશિક રીતે રદ કરાયેલી ટ્રેનો:

રાજકોટ-વેરાવળ લોકલ ૨૩.૦૬.૨૦૨૪ થી ૨૯.૦૬.૨૦૨૪ સુધી ભક્તિનગરથી વેરાવળ સુધી. વેરાવળ-રાજકોટ લોકલ ૨૩.૦૬.૨૦૨૪ થી ૨૯.૦૬.૨૦૨૪ સુધી વેરાવળથી ભક્તિનગર સુધી. રાજકોટ-વેરાવળ લોકલ ૨૪.૦૬.૨૦૨૪ થી ૩૦.૦૬.૨૦૨૪ સુધી ભક્તિનગરથી વેરાવળ સુધી. વેરાવળ-રાજકોટ લોકલ ૨૩.૦૬.૨૦૨૪ થી ૨૯.૦૬.૨૦૨૪ સુધી વેરાવળ થી ભક્તિનગર સુધી. પોરબંદર-રાજકોટ એક્સપ્રેસ ૨૩.૦૬.૨૦૨૪ થી ૨૯.૦૬.૨૦૨૪ સુધી પોરબંદરથી ભક્તિનગર સુધી.

રાજકોટ-પોરબંદર એક્સપ્રેસ ૨૩.૦૬.૨૦૨૪ થી ૨૯.૦૬.૨૦૨૪ સુધી ભક્તિનગરથી પોરબંદર સુધી ચલાવવામાં આવશે. આ રીતે આ ટ્રેન રાજકોટ-ભક્તિનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

ઓખા-રાજકોટ લોકલ ૨૩.૦૬.૨૦૨૪ થી ૨૯.૦૬.૨૦૨૪ સુધી ઓખાથી હાપા સુધી ચલાવવામાં આવશે. આ રીતે આ ટ્રેન હાપા-રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

રાજકોટ-ઓખા લોકલ ૨૪.૦૬.૨૦૨૪ થી ૩૦.૦૬.૨૦૨૪ સુધી હાપાથી ઓખા સુધી ચલાવવામાં આવશે. આ રીતે આ ટ્રેન રાજકોટ-હાપા વચ્ચે આંશિક રીતે રદ રહેશે. રોજ બરૌની થી દોડતી ટ્રેન નંબર ૦૯૫૭૦ બરૌની-રાજકોટ સ્પેશિયલ બરૌનીથી સુરેન્દ્રનગર સુધી ચલાવવામાં આવશે.

આ રીતે આ ટ્રેન સુરેન્દ્રનગર-રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ૨૮.૦૬.૨૦૨૪ ના રોજ, રાજકોટ-બરૌની સ્પેશિયલ સુરેન્દ્રનગરથી બરૌની સુધી ચલાવવામાં આવશે. આ રીતે આ ટ્રેન રાજકોટ-સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૨૪.૦૬.૨૦૨૪ ના રોજ રેવાથી દોડતી ટ્રેન નંબર ૨૨૯૩૮ રેવા-રાજકોટ એક્સપ્રેસ રેવાથી સુરેન્દ્રનગર સુધી દોડશે. આ રીતે આ ટ્રેન સુરેન્દ્રનગર-રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૨૭.૦૬.૨૦૨૪ ના રોજ રાજકોટથી ચાલતી રાજકોટ-દિલ્હી સરાય રોહિલ્લા એક્સપ્રેસ સુરેન્દ્રનગરથી દિલ્હી સરાય રોહિલ્લા સુધી દોડશે. આ રીતે આ ટ્રેન રાજકોટ-સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૨૮.૦૬.૨૦૨૪ ના રોજ દિલ્હી સરાય રોહિલ્લા થી ચાલતી દિલ્હી સરાય રોહિલ્લા-રાજકોટ એક્સપ્રેસ દિલ્હી સરાય રોહિલ્લા થી વાંકાનેર સુધી દોડશે. આ રીતે આ ટ્રેન વાંકાનેર-રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૨૫.૦૬.૨૦૨૪ ના રોજ જડચેરલાથી દોડતી જડચેરલા-રાજકોટ સ્પેશિયલ જાડચેરલાથી વાંકાનેર સુધી ચલાવવામાં આવશે. આ રીતે આ ટ્રેન વાંકાનેર-રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૨૪.૦૬.૨૦૨૪ અને ૨૫.૦૬.૨૦૨૪ના રોજ સિકંદરાબાદથી ચાલતી સિકંદરાબાદ-રાજકોટ એક્સપ્રેસ સિકંદરાબાદથી વાંકાનેર સુધી દોડશે. આ રીતે આ ટ્રેન વાંકાનેર-રાજકોટ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૨૬.૦૬.૨૦૨૪ અને ૨૭.૦૬.૨૦૨૪ના રોજ રાજકોટથી ચાલતી રાજકોટ-સિકંદરાબાદ એક્સપ્રેસ વાંકાનેરથી સિકંદરાબાદ દોડશે. આ રીતે આ ટ્રેન રાજકોટ-વાંકાનેર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

ભાવનગર-ઓખા એક્સપ્રેસ ૧૦.૦૬.૨૦૨૪ થી ૨૮.૦૬.૨૦૨૪ સુધી ભાવનગરથી સુરેન્દ્રનગર ચાલશે. આ રીતે આ ટ્રેન સુરેન્દ્રનગર-ઓખા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

ઓખા-ભાવનગર એક્સપ્રેસ ૧૧.૦૬.૨૦૨૪ થી ૨૯.૦૬.૨૦૨૪ સુધી સુરેન્દ્રનગરથી ભાવનગર સુધી દોડશે. આ રીતે આ ટ્રેન ઓખા-સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૨૪.૦૬.૨૦૨૪ અને ૨૭.૦૬.૨૦૨૪ ના રોજ, બાંદ્રા થી ચાલતી બાંદ્રા-જામનગર હમસફર એક્સપ્રેસ બાંદ્રાથી સુરેન્દ્રનગર સુધી ચલાવવામાં આવશે. આ રીતે આ ટ્રેન સુરેન્દ્રનગર-જામનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૨૫.૦૬.૨૦૨૪ અને ૨૮.૦૬.૨૦૨૪ ના રોજ જામનગર-બાંદ્રા હમસફર એક્સપ્રેસ સુરેન્દ્રનગરથી બાંદ્રા સુધી ચલાવવામાં આવશે. આ રીતે આ ટ્રેન જામનગર-સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

વડોદરા-જામનગર ઇન્ટરસિટી એક્સપ્રેસ ૦૯.૦૬.૨૦૨૪ થી ૨૮.૦૬.૨૦૨૪ સુધી વડોદરાથી સુરેન્દ્રનગર સુધી ચલાવવામાં આવશે. આ રીતે આ ટ્રેન સુરેન્દ્રનગર-જામનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

જામનગર-વડોદરા ઇન્ટરસિટી એક્સપ્રેસ ૧૦.૦૬.૨૦૨૪ થી ૨૯.૦૬.૨૦૨૪ સુધી સુરેન્દ્રનગરથી વડોદરા સુધી ચલાવવામાં આવશે. આ રીતે આ ટ્રેન જામનગર-સુરેન્દ્રનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

ડાયવર્ટ કરેલા રૂટ પર દોડતી અને રીશેડ્યુલ કરેલ ટ્રેનોમાં ઓખા-વેરાવળ એક્સપ્રેસ ૨૫.૦૬.૨૦૨૪ થી ૨૮.૦૬.૨૦૨૪ ના રોજ ડાયવર્ટ કરેલા રૂટ વાયા કાનાલુસ-વાંસજાળીયા-જેતલસર-વેરાવળ થઈને ચલાવવામાં આવશે. આ ટ્રેન ને રીશેડ્યુલ કરવામાં આવેલ છે. આ ટ્રેન ઓખા થી તેના નિર્ધારિત સમય થી ૧ કલાક અને ૪૮ મિનિટ મોડી એટ્લે કે ૦૨.૦૦ વાગ્યે ઉપડશે.

વેરાવળ-ઓખા એક્સપ્રેસને ૨૫.૦૬.૨૦૨૪ થી ૨૮.૦૬.૨૦૨૪ના રોજ ડાયવર્ટ કરેલા રૂટ વાયા જેતલસર-વાંસજાળીયા-કાનાલુસ થઈને ચલાવવામાં આવશે. આ ટ્રેન ને રીશેડ્યુલ કરવામાં આવેલ છે. આ ટ્રેન ઓખાથી તેના નિર્ધારિત સમય થી ૩ કલાક અને ૫૫ મિનિટ મોડી એટ્લે કે ૦૩.૦૦ વાગ્યે ઉપડશે.

રીશેડ્યુલ કરેલ ટ્રેનોમાં વેરાવળ-જબલપુર એક્સપ્રેસને ૨૬.૦૬.૨૦૨૪ ના રોજ વેરાવળ ૨ કલાક ૩૦ મિનિટ મોડી એટ્લે કે ૧૨.૩૫ કલાકે ઉપડવા માટે રીશેડ્યૂલ કરવામાં આવી છે.

વેરાવળ-બાંદ્રા સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસને ૨૬.૦૬.૨૦૨૪ ના રોજ વેરાવળ થી ૧ કલાક ૩૦ મિનિટ મોડી એટ્લે કે ૧૩.૨૦ કલાકે ઉપડવા માટે રીશેડ્યૂલ કરવામાં આવી છે.

તિરુવનંતપુરમ - વેરાવળ એક્સપ્રેસને ૨૪.૦૬.૨૦૨૪ ના રોજ તિરુવનંતપુરમ થી ૬ કલાક મોડી એટ્લે કે ૨૧.૪૫ કલાકે ઉપડવા માટે રીશેડ્યૂલ કરવામાં આવી છે.

ઈન્દોર-વેરાવળ મહામના એક્સપ્રેસને ૨૫.૦૬.૨૦૨૪ના રોજ ઈન્દોરથી ૫ કલાક મોડી એટ્લે કે ૨૬.૦૬.૨૦૨૪ના રોજ ૦૩.૨૦ કલાકે ઉપડવા માટે રીશેડ્યૂલ કરવામાં આવી છે.

જબલપુર-વેરાવળ એક્સપ્રેસને ૨૫.૦૬.૨૦૨૪ ના રોજ જબલપુર થી ૪ કલાક મોડી એટલે કે ૧૮.૦૦ કલાકે ઉપડવા માટે રીશેડ્યૂલ કરવામાં આવી છે.

માર્ગ માં રેગ્યુલેટ (મોડી થનાર) ટ્રેનોમાં શ્રી માતા વૈષ્ણો દેવી કટરાથી ચાલતી ટ્રેન નંબર ૧૨૪૭૮ શ્રી માતા વૈષ્ણોદેવી કટરા-જામનગર એક્સપ્રેસ માર્ગ માં ૩ કલાક મોડી થશે.

૨૪.૦૬.૨૦૨૪ ના રોજ શ્રી માતા વૈષ્ણો દેવી કટરાથી ચાલતી શ્રી માતા વૈષ્ણો દેવી કટરા-હાપા એક્સપ્રેસ માર્ગ માં ૩ કલાક મોડી થશે.

રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરી શરૂ કરે અને ટ્રેન ના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે w.enquiry.indianrail.gov.in ની મુલાકાત લે જેથી કરીને કોઈ અસુવિધા ન થાય.

પ્રૌઢાએ ઓનલાઇન ગાદલાના બે કવર મગાવ્યા અને રૂ.૮૫ હજાર ગુમાવ્યા

રાજકોટ,તા.૨૪

સાયબર ગઠિયાઓ યેનકેન પ્રકારે છેતરપિંડી આચરતા હોય છે, રાજકોટ શહેરમાં રહેતા એક યુવકને ન્યૂ કોલ આવ્યા બાદ દિલ્હી પોલીસના નામે ધમકાવી તેની પાસેથી ૮૪૬૭૨ પડાવવામાં આવ્યા હતા, એક પ્રૌઢાએ ઓનલાઇન ગાદલાના કવર મગાવ્યા હતા અને પાર્સલ નહીં મળતાં રિફંડ માટે એપ્લિકેશન ડાઉનલોડ કરતાં જ પ્રૌઢાએ રૂ.૮૫ હજાર ગુમાવ્યા હતા એ જ રીતે એક યુવકે ઓનલાઇન ઈન્વેસ્ટમેન્ટ ટાસ્કના નામે રૂ.૯૫૭૦૦ ગુમાવ્યા હતા, જોકે આ ત્રણેય કેસમાં રાજકોટ સાયબર ક્રાઇમ પોલીસે જહેમત ઉઠાવી કુલ રૂ.૧,૫૯,૯૭૨ પરત મેળવી ભોગ બનનારને પરત અપાવ્યા હતા.

શહેરમાં રહેતા અને કંપનીમાં નોકરી કરતાં ૨૪ વર્ષના યુવકના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક મોબાઇલ નંબર પરથી ચેટિંગ શરૂ કરવામાં આવ્યું હતું, સામાપક્ષેથી ચેટિંગ કરનાર યુવતી હતી, ત્રણેક દિવસ ચેટિંગ બાદ એક દિવસે ન્યૂ કોલ આવ્યો હતો, ન્યૂ કોલ આવતાં જ યુવક સજાગ થઇ ગયો હતો અને તુર્ત જ કોલ કટ કરી નાખ્યો હતો, જોકે ત્યાં સુધીમાં તેનો ચહેરો ગઠિયાઓએ કેપ્ચર્ડ કરી લીધો હતો અને તેના ચહેરા સહિતનો ફોટો મોર્ફ કરી યુવકને તેવી તસવીરો મોકલવાનું શરૂ કર્યું હતું, થોડીવાર બાદ ફોન શરૂ થયા હતા અને દિલ્હી પોલીસની ઓળખ આપી ન્યૂ વીડિયો કોલ બાબતે ધરપકડ વોરન્ટ નીકળ્યું છે અને આઠ વર્ષની સજા થશે તેમ કહી ધમકાવી યુવક પાસેથી રૂ.૮૪૬૭૨ પડાવ્યા હતા, પોતાની સાથે ફ્રોડ થયાનું સ્પષ્ટ થતાં જ યુવકે તેના મિત્રો સાથે વાતચીત કર્યા બાદ સાયબર ક્રાઇમ પોલીસમાં જાણ કરી હતી,

રાજકોટના હેડ કોન્સ્ટેબલ હરીભાઇ સોંદરવા સહિતની ટીમે જે તે બેંક અધિકારી સહિતનાઓનો સંપર્ક કર્યો હતો, ગઠિયાઓ તમામ રકમ હાથવગી કરી લે તે પહેલા રૂ.૪૫૧૭૨ સીઝ કરાવી પોલીસે તે રકમ ભોગ બનનાર યુવકને પરત કરાવી હતી.

આવું જ કંઇક કાશીવિશ્વનાથ પ્લોટમાં રહેતા અનુપમાબેન દોશી નામના ૬૮ વર્ષના પ્રૌઢા સાથે બન્યું હતું, પ્રૌઢાએ ગાદલાના બે કવરની ઓનલાઇન ખરીદી કરી હતી, પરંતુ એક જ કવરનું પાર્સલ તેમને મળતા તેમણે એ કંપનીના નામની સાઇટ સર્ચ કરી હતી તે સાથે જ ગઠિયાઓનો ભેટો થઇ ગયો હતો, પ્રૌઢાએ સાઇટમાં વાર્તાલાપ કરતાં ગઠિયાઓએ કવરના પૈસા પરત આપવાનું કહી પ્રૌઢા પાસેથી ઓટીપી માગ્યો હતો, અને પ્રૌઢાએ ઓટીપી મોકલતાં જ તેમના બેંક એકાઉન્ટમાંથી રૂ.૮૫ હજાર ઉપડી ગયા હતા, પ્રૌઢાએ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી, એએસઆઇ ફરીદભાઇ શેખ સહિતની ટીમે જરૂરી તમામ કાર્યવાહી કરી તમામ રૂ.૮૫ હજાર ગઠિયાઓને હાથ આવવા દીધા નહોતા અને પ્રૌઢાને તે રકમ પરત કરાવી હતી. આવું જ કંઇક અન્ય એક યુવક સાથે બન્યું હતું, ઓનલાઇન ઈન્વેસ્ટમેન્ટ ટાસ્કના નામે યુવક સાથે રૂ.૯૫૭૦૦ની છેતરપિંડી થઇ હતી, હેડ કોન્સ્ટેબલ દેવેન્દ્ર બાબરિયા સહિતની ટીમે આ યુવકને રૂ.૨૯૮૦૦ પરત અપાવ્યા હતા.

સાયબર ગઠિયાઓ યેનકેન પ્રકારે છેતરપિંડી આચરતા હોય છે, રાજકોટ શહેરમાં રહેતા એક યુવકને ન્યૂ કોલ આવ્યા બાદ દિલ્હી પોલીસના નામે ધમકાવી તેની પાસેથી ૮૪૬૭૨ પડાવવામાં આવ્યા હતા, એક પ્રૌઢાએ ઓનલાઇન ગાદલાના કવર મગાવ્યા હતા અને પાર્સલ નહીં મળતાં રિફંડ માટે એપ્લિકેશન ડાઉનલોડ કરતાં જ પ્રૌઢાએ રૂ.૮૫ હજાર ગુમાવ્યા હતા એ જ રીતે એક યુવકે ઓનલાઇન ઈન્વેસ્ટમેન્ટ ટાસ્કના નામે રૂ.૯૫૭૦૦ ગુમાવ્યા હતા, જોકે આ ત્રણેય કેસમાં રાજકોટ સાયબર ક્રાઇમ પોલીસે જહેમત ઉઠાવી કુલ રૂ.૧,૫૯,૯૭૨ પરત મેળવી ભોગ બનનારને પરત અપાવ્યા હતા.

શહેરમાં રહેતા અને કંપનીમાં નોકરી કરતાં ૨૪ વર્ષના યુવકના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક મોબાઇલ નંબર પરથી ચેટિંગ શરૂ કરવામાં આવ્યું હતું, સામાપક્ષેથી ચેટિંગ કરનાર યુવતી હતી, ત્રણેક દિવસ ચેટિંગ બાદ એક દિવસે ન્યૂ કોલ આવ્યો હતો, ન્યૂ કોલ આવતાં જ યુવક સજાગ થઇ ગયો હતો અને તુર્ત જ કોલ કટ કરી નાખ્યો હતો, જોકે ત્યાં સુધીમાં તેનો ચહેરો ગઠિયાઓએ કેપ્ચર્ડ કરી લીધો હતો અને તેના ચહેરા સહિતનો ફોટો મોર્ફ કરી યુવકને તેવી તસવીરો મોકલવાનું શરૂ કર્યું હતું, થોડીવાર બાદ ફોન શરૂ થયા હતા અને દિલ્હી પોલીસની ઓળખ આપી ન્યૂ વીડિયો કોલ બાબતે ધરપકડ વોરન્ટ નીકળ્યું છે અને આઠ વર્ષની સજા થશે તેમ કહી ધમકાવી યુવક પાસેથી રૂ.૮૪૬૭૨ પડાવ્યા હતા, પોતાની સાથે ફ્રોડ થયાનું સ્પષ્ટ થતાં જ યુવકે તેના મિત્રો સાથે વાતચીત કર્યા બાદ સાયબર ક્રાઇમ પોલીસમાં જાણ કરી હતી,

રાજકોટના હેડ કોન્સ્ટેબલ હરીભાઇ સોંદરવા સહિતની ટીમે જે તે બેંક અધિકારી સહિતનાઓનો સંપર્ક કર્યો હતો, ગઠિયાઓ તમામ રકમ હાથવગી કરી લે તે પહેલા રૂ.૪૫૧૭૨ સીઝ કરાવી પોલીસે તે રકમ ભોગ બનનાર યુવકને પરત કરાવી હતી.

આવું જ કંઇક કાશીવિશ્વનાથ પ્લોટમાં રહેતા અનુપમાબેન દોશી નામના ૬૮ વર્ષના પ્રૌઢા સાથે બન્યું હતું, પ્રૌઢાએ ગાદલાના બે કવરની ઓનલાઇન ખરીદી કરી હતી, પરંતુ એક જ કવરનું પાર્સલ તેમને મળતા તેમણે એ કંપનીના નામની સાઇટ સર્ચ કરી હતી તે સાથે જ ગઠિયાઓનો ભેટો થઇ ગયો હતો, પ્રૌઢાએ સાઇટમાં વાર્તાલાપ કરતાં ગઠિયાઓએ કવરના પૈસા પરત આપવાનું કહી પ્રૌઢા પાસેથી ઓટીપી માગ્યો હતો, અને પ્રૌઢાએ ઓટીપી મોકલતાં જ તેમના બેંક એકાઉન્ટમાંથી રૂ.૮૫ હજાર ઉપડી ગયા હતા, પ્રૌઢાએ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી, એએસઆઇ ફરીદભાઇ શેખ સહિતની ટીમે જરૂરી તમામ કાર્યવાહી કરી તમામ રૂ.૮૫ હજાર ગઠિયાઓને હાથ આવવા દીધા નહોતા અને પ્રૌઢાને તે રકમ પરત કરાવી હતી. આવું જ કંઇક અન્ય એક યુવક સાથે બન્યું હતું, ઓનલાઇન ઈન્વેસ્ટમેન્ટ ટાસ્કના નામે યુવક સાથે રૂ.૯૫૭૦૦ની છેતરપિંડી થઇ હતી, હેડ કોન્સ્ટેબલ દેવેન્દ્ર બાબરિયા સહિતની ટીમે આ યુવકને રૂ.૨૯૮૦૦ પરત અપાવ્યા હતા.

બહુમાળી ભવન પાસે ''નો રી-નીટ''ના સ્લોગન સાથે વાલીઓના સૂત્રોચ્ચાર

રાજકોટ : NEETની પરીક્ષામાં થયેલા કૌભાંડને લઈને દેશભરમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. અનેક લોકો નીટની પરીક્ષા રદ કરીને ફરીથી લેવા માંગણી કરી રહ્યા છે ત્યારે રાજકોટમાં રવિવારે બહુમાળી ભવન પાસે વાલીઓ એકઠા થયા હતા અને નો રી-નીટના સ્લોગન સાથે નીટની પરીક્ષા ફરીથી નહીં લેવા સામે વિરોધ દર્શાવ્યો હતો. વાલીઓ અને વિદ્યાર્થીઓએ કહ્યું હતું કે, આ પરીક્ષા ફરીથી લેવાય તો ખરેખર મહેનત કરી છે તેવા વિદ્યાર્થીઓને અન્યાય થાય તેમ છે. આશરે ૧૧ લાખ છાત્રો ક્વોલિફાય થયા નથી, ૧૦ લાખ છાત્રો એવા છે કે, જેને ૪૦૦-૫૦૦ માર્ક્સ આવ્યા હોવાથી મેડિકલમાં પ્રવેશ મળે તેમ નથી એટલે આ વિદ્યાર્થીઓ પણ ફરીથી પરીક્ષા લેવાનું જણાવે છે. આ બધાની સામે જેન્યુઅન હોય તેવા ત્રણેક લાખ વિદ્યાર્થીઓ હોવાથી તેમનો અવાજ સંભળાતો નથી. એટલે RE-NEET ન જ થવી જોઈએ.

ડોકટર ધ્રુમન ગાંધીએ મહિલા તબીબના બીભત્સ લખાણ સાથે રાજકોટ બસ સ્ટેશનના બાથરૂમમાં ફોન નંબર લખ્યા!

એ-ડિવિઝન પોલીસે ગુનો નોંધ્યો : ઓફિસના વ્હોટ્સ એપ ગ્રુપમાંથી ડો. ગાંધીને રિમુવ કરતાં ખાર રાખી વિકૃત કૃત્ય

રાજકોટ,તા.૨૪

શહેરમાં રહેતા અને બાબરા આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા ડોક્ટરે તેના સાથી મહિલા ડોક્ટરના મોબાઇલ નંબર સાથેના બીભત્સ લખાણ રાજકોટના બસ સ્ટેશનના બાથરૂમની દીવાલો પર લખી વિકૃતિ આચરતા એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી ડોક્ટરને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

આ બનાવમાં તેત્રીસ વર્ષીય પરિણીત મહિલા ડોક્ટરે રાજકોટ એ.ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતાં ડો.ધ્રુમન ગાંધીનું નામ આપ્યું હતું. મહિલા ડોક્ટરે ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા.૬ના તેમના ડોક્ટરોના સોશિયલ મીડિયા ગ્રૂપમાં બાળકોને ધનુરની રસી આપવા અંગેની માહિતી જિલ્લાતંત્ર દ્વારા માગવામાં આવી હતી. ડો.ધ્રુમન ગાંધી સરકારી લેપટોપ ધરાવતા હોય તેમજ તેમણે આ માહિતી મોકલવાની હોવાથી મહિલા તબીબે સોશિયલ મીડિયા ગ્રૂપમાં ડો.ગાંધીને મેસેજ મોકલી માહિતી સબમીટ કરવા કહ્યું હતું. ડો.ગાંધીએ સોશિયલ મીડિયામાં કોઈ પ્રત્યુતર નહી આપતાં મહિલા તબીબે ફોન કરી ડો.ગાંધીને આ અંગે જાણ કરતા ડો.ગાંધી પોતાની પાસે રહેલું લેપટોપ મહિલા તબીબને આપી ગયો હતો.

જેથી મહિલા તબીબે જરૂરી માહિતી તૈયાર કરી જિલ્લા તંત્રને મોકલી આપી હતી. ડો.ધ્રુમન ગાંધીએ સોશિયલ મીડિયામાં પ્રત્યુતર આપ્યો નહીં હોવાથી મહિલા તબીબે ડો.ગાંધીને એ ગ્રૂપમાંથી રીમૂવ કર્યા હતા. ત્યારબાદ ગત તા.૧૩થી મહિલા તબીબના મોબાઇલ પર અલગ અલગ નંબરમાંથી બીભત્સ મેસેજ આવવાનું શરૂ થયું હતું, અલગ અલગ નંબરથી આવા મેસેજનો મારો શરૂ થતાં મહિલા ડોક્ટરને શંકા ઉપજી હતી અને તેમણે આવેલા મેસેજ પૈકીના એક મોબાઇલ નંબર પર ફોન કરી તેમને મહિલા તબીબનો નંબર ક્યાંથી મળ્યો તેવું પૂછતાં તે વ્યક્તિએ રાજકોટ બસ સ્ટેશનના બાથરૂમની દીવાલો પર આ મોબાઇલ નંબર અને બીભત્સ લખાણ લખાયાનું કહ્યું હતું.

આ વાત સાંભળી મહિલા તબીબ ચોંકી ગયા હતા અને તેમણે તેમના ભાઈને રાજકોટ બસ સ્ટેશનના બાથરૂમની દીવાલે જઈને વાતની ખરાઈ કરવાનું કહેતા તેમના ભાઈએ ત્યાં જઇ દીવાલો પર લખેલા લખાણના ફોટા પાડી મોકલ્યા હતા, દીવાલ પર મહિલા ડોક્ટરના નામ સાથે લખાયેલા બીભત્સ લખાણના અક્ષર ડો.ધ્રુમન ગાંધીના હોવાનું મહિલા તબીબે ઓળખી કાઢ્યું હતું, અને ડો.ધ્રુમન ગાંધીને સોશિયલ મીડિયામાંથી રીમુવ કરાતા તેનો ખાર રાખી તેમણે આ કૃત્ય કર્યાનું સ્પષ્ટ થતાં મહિલા ડોક્ટરે ફરિયાદ નોંધાવી હતી, પોલીસે ગુનો નોંધી ડો.ધ્રુમીન ગાંધીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા. પીઆઇ આર. જે. બારોટની રાહબરીમાં પીઆઇ પી. કે. ગામેતી વધુ તપાસ કરે છે.

ચોરીથી મેળવેલ ૧૧ મોબાઈલ ફોન સાથે રાજકોટ રૂરલ ક્રાઈમ બ્રાંચે કેશોદના મેસવાણ ગામના વિક્રમ ઉર્ફે ઈટલીને દબોચી લીધો

૬૪૦૦૦ની કિંમતના ફોન કબ્જે

રાજકોટ,તા.૨૪

ગોંડલ તાલુકા વિસ્તારમાંથી ચોરી કે છળકપટથી મેળવેલ ૧૧ મોબાઈલ ફોન સાથે રાજકોટ રૂરલ ક્રાઈમ બ્રાંચે કેશોદના મેસવાણ ગામના વિક્રમ ઉર્ફે ઈટલીને દબોચી લીધો હતો. રૂ. ૬૪૦૦૦ની કિંમતના મોબાઈલ ફોન કબ્જે કરાયા હતા.

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, રાજકોટ જિલ્લાના નાયબ પોલીસ મહાનીરીક્ષક એસપી જયપાલસિંહ રાઠોડે વણશોધાયેલ મિલકત સંબંધના ગુનાઓ શોધી કાઢવા સુચના આપેલ. જેથી રાજકોટ રૂરલ એલસીબીની ટીમો કાર્યરત હતી. દરમિયાન બાતમી મળતા ગોંડલ તાલુકાના ગોમટા ચોકડી પાસેથી ચોરી કે છળકપટથી મેળવેલ એન્ડ્રોઇડ મોબાઇલ ફોન સાથે આરોપી વિક્રમ ઉર્ફે ઇટલી મનુ મક્કા (ઉ.વ.૩૪, રહે.મેસવાણ, તા.કેશોદ, જિ.જુનાગઢ)ને ઝડપી લીધો હતો.

આરોપીની આગવી ઢબે સરભરા કરી પોલીસે પૂછપરછ કરતા આરોપીએ કબૂલાત આપી હતી કે, દસેક દિવસ પહેલા વહેલી સવારના સમયે ગોંડલ જામવાડી જી.આઇ.ડી.સી. વિસ્તારમાં આવેલ અલગ અલગ કારખાના મજુર બહાર સુતા હોય તેના પાંચ મોબાઈલ ફોનની ચોરી કરી હતી. ત્યાર-બાદ આઠેક દિવસ પહેલા વહેલી સવારના સમયે ગોંડલ તાલુકાના રીબડા ગુંદાસરા વચ્ચે જી.આઇ.ડી.સી. વિસ્તારમાં આવેલ અલગ અલગ કારખાના મજુર બહાર સુતા હોય તેઓના ૩ ફોનની ચોરી કરેલ હતી.

તા.૨૩/૬ના વહેલી સવારના સમયે ગોંડલ તાલુકાના ચરખડી ગામના પાટીયા પાસે આવેલ વાડીમાં સુતેલ એક વ્યક્તિનો ફોન ચોરેલો. તેમજ ગોમટા ગામના રેલ્વે સ્ટેશન પાસે આવેલ વાડીમાં સુતેલા બે વ્યક્તિના ફોનની ચોરી કરેલ હતી.આરોપીને ગોંડલ તાલુકા પોલીસ મથકે સોંપી કાયદેસર કાર્યવાહી કરવામાં આવી હતી. આ કામગીરીમાં એલસીબીના પીઆઈ વી.વી.ઓડેદરા, પીએસઆઇ એચ.સી.ગોહીલ, એ.એસ.આઇ બાલકૃષ્ણભાઇ ત્રિવેદી, હેડ કોન્સ્ટેબલ અનિલભાઇ ગુજરાતી, દિગ્વિજયસિંહ રાઠોડ, વાઘાભાઇ આલ, કોન્સ્ટેબલ મહિપાલસિંહ ચુડાસમા, ભાવેશભાઇ મકવાણા વગેરે ફરજમાં રહ્યા હતા.

અનુસંધાન પહેલા પાનાનું

સંસદ સત્રમાં NEET કૌભાંડનો વિરોધ

ગૃહના નેતા (PM) તરીકે સમાન પ્રાથમિકતા મળે છે. તેઓ ચૂંટણી કમિશનરની નિમણૂક કરતી સમિતિમાં પણ સામેલ છે, જેની અધ્યક્ષતા વડાપ્રધાન કરે છે. રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ, કેન્દ્રીય માહિતી આયોગ, CVC અને CBIના વડાઓની નિમણૂક કરવા માટે વિપક્ષના નેતા પણ સમિતિમાં જોડાય છે. સામાન્ય રીતે વિપક્ષના નેતાને લોકસભાની જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષ પણ બનાવવામાં આવે છે. આ કમિટીને પીએમને પણ બોલાવવાનો અધિકાર છે. ગૃહમાં વિપક્ષની આગળ અને બીજી હરોળમાં કોણ બેસશે તે અંગેનો અભિપ્રાય પણ વિપક્ષના નેતા પાસેથી લેવામાં આવે છે. ૨૦૧૪ અને ૨૦૧૯ની સરખામણીએ આ વખતે ભાજપ પાસે પૂર્ણ બહુમતીવાળી સરકાર નથી. ૧૮મી લોકસભામાં એનડીએની સરકાર છે. ગઠબંધન પાસે ૨૯૩ સાંસદ છે. વડાપ્રધાન મોદી સહિત ૭૨ સાંસદોએ ૯ જૂને શપથ લીધા હતા.

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં રેડ એલર્ટ

આપવામાં આવ્યું છે. તદપરાંત ગુજરાતના દક્ષિણ ભાગના દરિયાકાંઠાના વિસ્તારોમાં માછીમારોને દરિયો ન ખેડવા સૂચના પણ આપવામાં આવી છે. સૌરાષ્ટ્રના જૂનાગઢ અમરેલી ગીર સોમનાથ ભાવનગર સહિત દીવમા ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. દક્ષિણ ગુજરાતના સુરત નવસારી તાપી અને ડાંગમાં પણ ઓરેન્જ એલર્ટ છે. તદુપરાંત ઉત્તર ગુજરાતના અરવલ્લી અને મહીસાગરમાં વરસાદ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અમદાવાદ શહેરમાં પણ આજે ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

હવે ૧૮૦ દિવસની પ્રસૂતિ રજ

રાજકોટ શહેરમાં શરદી-ઉધરસના ૬૪૪ કેસ નોંધાયા

મહાનગરપાલિકાના ચોપડે સામાન્ય તાવના ૩૪૪, ઝાડા-ઉલ્ટીના ૧૯૯ કેસ નોંધાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૪

રાજકોટ મહાનગરપાલિકાના ચોપડે શરદી-ઉધરસના ૬૪૪, સામાન્ય તાવના ૩૪૪, ઝાડા-ઉલ્ટીના ૧૯૯ કેસ નોંધાયા છે.

રાજકોટ મહાનગર પાલિકાના આરોગ્ય તંત્ર દ્વારા ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. આ રોગો માનવીની જીવનશૈલી સાથે સીધા સંકળાયેલા હોવાથી તેમાં લોકોનો સહકાર અત્યંત આવશ્યક છે.

આ રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ સ્તરે ઘનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ તા.૧૭/૬ થી તા.૨૩/૬ દરમ્યાન પોરાનાશક કામગીરી હેઠળ આરોગ્ય કેન્દ્રના આશાવર્કર સહિતની ૩૨૦ ટીમો દ્વારા ૩૮૦૮૮ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવેલ છે તથા ફિલ્ડવર્કરો દ્વારા ૨૮૫ ઘરોમાં ફોગીંગ કામગીરી કરેલ છે.

ડેન્ગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેકસ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળશે તો જગ્યાના માલિક કે ભોગવટો કરનાર કે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણી બાયલોઝ અંતર્ગત તેની વિરૂદ્ધ મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે.

આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૫૫૭ પ્રીમાઇસીસ (બાંધકામ સાઇટ, સ્કૂલ, હોસ્પિટલ, હોટેલ, ઇન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્ષ, ભંગારના ડેલા, સેલર, હોલ / વાડી પેટ્રોલ પંપ, સરકારી કચેરી વગેરે) નો મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે. જેમાં મચ્છર ઉત્પતિ સબબ રહેણાંક માં ૨૩૯ અને કોર્મશીયલ ૨૦૯ આસામીને નોટીસ આપવામાં આવેલ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉત્તર ગુજરાતને મોટી ભેટ

સ્ટેટ હાઈવે ૫૫ પર ૩૯૯ કરોડના ખર્ચે બનશે બે નવા બ્રિજ

મહેસાણા-હિંમતનગર રોડ પર સાબરમતી નદી પર દેરોલ ખાતે ૨૨૦ કરોડના ખર્ચે નવો ૬ લેન બ્રિજ બનશે

અમદાવાદ,તા.૨૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના રોડ નેટવર્ક ઇન્ફ્રાસ્ટ્રક્ચરને વધુ સુદ્રઢ અને વાહન યાતાયાત માટે સરળ બનાવવા ઉત્તર ગુજરાતમાં સ્ટેટ હાઇવે ૫૫ પર બે નવા બ્રિજ નિર્માણ માટે રૂ. ૩૯૯ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીએ રાજ્યમાં જૂના પુલોના - માર્ગોના પુનઃબાંધકામ, મજબૂતીકરણ અને સ્ટ્રક્ચર્સની મરામત હાથ ધરીને સમયાનુકૂલ રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ માટે માર્ગ-મકાન વિભાગને દિશા-નિર્દેશો આપેલા છે.

તદ્અનુસાર, ઉત્તર ગુજરાતમાં રાધનપુર-ચાણસ્મા રોડ - સ્ટેટ હાઇવે-૫૫ ઉપર રાધનપુર નજીક બનાસ નદી ઉપર રૂ. ૧૭૯ કરોડના અંદાજિત ખર્ચે નવો ફોર લેન બ્રિજ બનાવવા તેમણે સૈદ્ધાંતિક અનુમતિ આપી છે.

ચાણસ્માને સરહદી વિસ્તાર રાધનપુર સાથે જોડતા આ અગત્યના માર્ગ પર ગોચનાદ ગામ નજીક બનાસ નદી પર પુલ હાલ હયાત છે. આ પુલ ૧૯૬૫ના વર્ષમાં એટલે કે ૫૯ વર્ષ પહેલાં નિર્માણ થયેલો છે.

આ જૂના પુલનો લાઈફસ્પાન પૂર્ણ થઈ ગયો હોઈ, તેની સામે રોડ સેફ્ટી અને ભવિષ્યના વધતા જતા વાહન ટ્રાફિકને ધ્યાનમાં લઈને નવો ચાર માર્ગીય પુલ બનાવવાની માર્ગ-મકાન વિભાગની દરખાસ્તને મુખ્યમંત્રીએ મંજૂરી આપી છે.

આ નવો બ્રિજ હયાત પુલની બાજુમાં નિર્માણ પામશે તથા આ બ્રિજ બનતા હાલના ટ્રાફિક ભારણના બોટલનેક નિવારી શકાશે. અંદાજે ૪૦ લાખ જેટલા લોકોને પરિવહનમાં સરળતા મળતી થશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ ઉપરાંત અન્ય એક પુલના ઉત્તર ગુજરાતમાં નિર્માણ માટે પણ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

આ અંતર્ગત મહેસાણા-હિંમતનગર ફોર લેન સ્ટેટ હાઇવે-૫૫ ઉપર સાબરમતી નદી પર દેરોલ ખાતે રૂ. ૨૨૦ કરોડના અંદાજિત ખર્ચે નવા સિક્સલેન બ્રિજનું બાંધકામ હાથ ધરવામાં આવશે.

મહેસાણાને હિંમતનગર સાથે જોડતા આ અગત્યના રસ્તા પર દેરોલ ગામ નજીક સાબરમતી નદી પર અત્યારનો જે બ્રિજ કાર્યરત છે તે ૧૯૬૬માં એટલે કે ૫૮ વર્ષ પહેલાં નિર્માણ થયેલો છે.

એટલું જ નહિ, હાલ દ્વિમાર્ગીય બ્રિજ હોવાના પરિણામે ટ્રાફિકજામની વાહન વ્યવહાર પર અસર પડે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ હયાતપુલનો લાઈફ સ્પાન પૂર્ણ થઈ જવા ઉપરાંત રોડ સેફ્ટી અને ટ્રાફિક પરિવહન ધ્યાને રાખીને ૬ માર્ગીય પુલ નિર્માણ માટે અનુમતિ આપી છે.

આ પુલનું નિર્માણ થતાં આસપાસના વિસ્તારના અંદાજે ૫૦ લાખ પ્રજાજનોને પરિવહન સરળતા મળશે.

ગંગોત્રી સ્કૂલ પરિવાર દ્વારા ગોંડલ ખાતે રકતદાન કેમ્પ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૪

ગંગોત્રી સ્કૂલ પરિવાર દ્વારા ગોંડલ ખાતે રકતદાન કેમ્પ યોજાયો હતો.

મહારક્તદાન કેમ્પમાં ટોટલ ૫૯૪ બ્લડની બોટલ્સ એકત્રીત કરવામાં આવેલ, જેમાંથી ખાસ ૪૦૪ બ્લડની બોટલ્સ રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરીયાતમંદ દર્દીઓને અર્પણ કરવામાં આવેલ, સૌરાષ્ટ્રમાં રાજકોટ મેડીકલ ક્ષેત્રે હબ હોય જ્યાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં હજારો દર્દીઓ સારવાર માટે આવે છે, સિવિલમાં આવેલ દર્દી શારીરિક, આર્થિક, તેમજ માનસિક જરૂરીયાતમંદ દર્દીઓ આવતાં હોય છે તેમજ ગ્રામ્ય વિસ્તારમાંથી આવેલ એક દર્દી સાથે એક વ્યક્તિ હોય પણ દર્દીને બ્લડ ન આપી શકતી હોય, તેમજ આખાં સૌરાષ્ટ્રમાથી ૫૦૦ થેલેસિમિયાના બાળકો, કેન્સરના દર્દીઓ, કિડનીના દર્દીઓ, અકસ્માતના દર્દીઓ, પ્રસૂતિઓના દર્દીઓ, ઓપરેશનના દર્દીઓ તેમજ અન્ય જરૂરીયાતમંદ દર્દીઓને વિનામુલ્યે બ્લડ મળી રહે તેવાં શુભઆશયથી મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ. અમો આ તકે ગંગોત્રી ઇન્ટરનેશનલ સ્કુલના ચેરમેન સંદીપભાઈ છોટાળા કે જેઓ પણ રક્તદાન પણ કરેલ તેમજ નિયમિત દર ૬ મહિને રાજકોટ સિવિલ હોસ્પિટલના લાભાર્થે રક્તદાન કેમ્પનું આયોજન કરશે, જો આમ સૌરાષ્ટ્ર અને રાજકોટની ઘણી યુનિવર્સિટીઓ, કોલેજો, સ્કુલો માત્ર જો વર્ષમાં ૨ થી ૩ વાર નિયમિત રાજકોટ સિવિલ હોસ્પિટલના લાભાર્થે રક્તદાનકેમ્પનું આયોજન કરે તો રાજકોટ સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં કોઈ દિવસ બ્લડની અછત ન થાય, તેમજ દિપેનભાઈ છોટાળા, જીતેન્દ્રભાઈ કટારિયા, તેમજ આજે પોતાનો અમુલ્ય સમય આપીને ખાસ રક્તદાતાઓને પ્રોત્સાહિત માટે આવેલ ગોંડલના ધારાસભ્ય ગીતાબા જાડેજા, ગંગોત્રી સ્કુલના પરીવારજન, તેમજ ટ્રસ્ટીગણ, સ્ટાફગણ, શિક્ષકગણ, વાલિગણ તેમજ અન્ય ઘણી સેવાકીય સંસ્થાઓના સાથ-સહકારથી મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

કોઇ વ્યકિત ના જન્મદિવસ કે કોઇ વ્યક્તિના સ્મૃતિરૂપે રક્તદાન કેમ્પનું આયોજન કરવું હોય તો શ્રીમંદ્ર રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી ૯૪૨૮૨-૦૦૬૬૦ માં સપર્ક કરવા જણાવ્યું છે.

અભ્યાસક્રમમાં આયુર્વેદ અને નેચરોપેથીને સામેલ કરો

રાજેશ જે. ભાતેલીયા દ્વારા શિક્ષણ મંત્રીને રજુઆત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૪

રાજયના શિક્ષણ મંત્રી, વન અને પર્યાવરણ વિભાગના નાયબ સચિવને રાજેશ જે. ભાતેલીયાએ પત્ર પાઠવી, રાજયના વિદ્યાર્થીઓને આયુર્વેદ અને ઔષધીય વનસ્પતિનો અને નેચરોપેથીનો પરિચય થાય તે હેતુથી અભ્યાસ ક્રમોમાં આયુર્વેદ અને નેચરોપેથીનો સમાવેશ કરવા વિનંતી કરેલ છે.

રાજેશ જે. ભાતેલીયાએ પાઠવેલ પત્રમાં વધુમાં જણાવ્યું છે કે લુપ્ત થતી આયુર્વેદિક ઔષધિમાં ઉપયોગમાં આવતી વનસ્પતિને બચાવવા માટે ઠેરઠેર ઔષધવનોનું નિર્માણ કરવા સુચન કર્યુ છે. તેમજ વિદ્યાર્થીઓને અને આમજનતાને આયુર્વેદ વનસ્પતિની યોગ્ય ઓળખ અને તેની ઉપયોગીતાનું જ્ઞાન મળે તે હેતુથી તમામ શાળા-કોલેજોમાં ઔષધવનોનું નિર્માણ કરવામાં આવે અને દરેક વનસ્પતિની આગળ રાજયની ભાષા તથા હિન્દી અને અંગ્રેજીમાં તે વનસ્પતિનું નામ અને તેની ઉપયોગીતા દર્શાવતા બોર્ડ મુકવામાં આવે અને આયુર્વેદ પ્રત્યે વિદ્યાર્થીઓમાં રસ જાગે અને આપણી આ પ્રાચીન, સફળ, આડઅસર વગરની પધ્ધતિને વેગ મળે તે માટે સેમીનાર, વિવિધ સ્પર્ધાઓ અને એક્ષપર્ટના વકતવ્યોનું પણ આયોજન થતું રહે. તેવા પ્રયત્નો સ્કુલ,કોલેજ, યુનિવર્સિટીઓ દ્વારા નિયમીત રીતે થતા રહે તે માટે યોગ્ય કરવા વિનંતી કરાય છે.

એઈમ્સ જેવી આયુર્વેદ સાયન્સની વિશાળ હોસ્પિટલો સમગ્ર દેશમાં વ્યાપકપણે ઉભી કરવામાં આવે જેમાં આયુર્વેદ ડોકટરો, હોમિયોપેથી ડોકટરો, નેચરોપેથી નિષ્ણાંત, એક્યુપ્રેસર નિષ્ણાંત અને તિબેટીયન નાડીવૈદ્યની તિબેટીયન દવા સાથે નિમણુંક કરવા અને તેમાં ઔષધવન અને રીસર્ચ સેન્ટર રાખવા તમામ રોગોની એટલે કે કોરોના સહિત જટિલ, અસાધ્ય અને હઠીલા રોગોની અત્યંત નજીવા દરે આંતર રાષ્ટ્રિય કક્ષાની સારવાર મળતી રહે તે જોવા વિનંતી કરાઈ છે. આયુર્વેદ, નેચરોપેથી અને ઔષધિય વૃક્ષોનું જ્ઞાન નાનપણથી લઈને યુવાન સુધી એટલે કે પ્રાથમિકથી લઈને ગ્રેજયુએટ સુધી સમયાંતરે મર્યાદિત માત્રામાં આપવામાં આવે તે માટે વિનંતી કરાય છે.

વાચકોએ નોંધ લેવી
કે કોઈપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી

નીટ-યુજી પેપર લીક કેસની તપાસ સીબીઆઈને સોંપવામાં આવી

નવી દિલ્હી,તા.૨૪

શિક્ષણ મંત્રાલય દ્વારા એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે કે, નીટ-યુજી પેપર લીક કેસની તપાસ સીબીઆઈને સોંપવામાં આવી, જો કે રવિવારેના રોજ યોજાનારી નીટ-પીજી પ્રવેશ પરીક્ષા મોકૂફ રાખવામાં આવી છે. હવે આ પરીક્ષાની નવી તારીખ જાહેર કરવામાં આવશે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) એ ૫ મે, ૨૦૨૪ ના રોજ ઓએમઆર (પેન અને પેપર) મોડમાં નીટ-યુજી પરીક્ષાનું આયોજન કર્યું હતું. પરંતુ આ પરીક્ષામાં ગેરરીતિની ફરિયાદો સામે આવી હતી. પરીક્ષા પ્રક્રિયાના આચરણમાં પારદર્શિતા માટે, ભારત સરકારના શિક્ષણ મંત્રાલયે સમીક્ષા કર્યા બાદ આ બાબતને વ્યાપક તપાસ માટે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ને સોંપવાનો નિર્ણય કર્યો હતો. કેન્દ્ર સરકારે જાહેર પરીક્ષાઓમાં ગેરરીતિ અટકાવવા માટે જાહેર પરીક્ષાઓ અધિનિયમ, ૨૦૨૪ પણ ઘડ્યો છે. સરકાર કહે છે કે તે પરીક્ષાઓની અખંડિતતા સુનિશ્ચિત કરવા અને વિદ્યાર્થીઓના હિતોનું રક્ષણ કરવા પ્રતિબદ્ધ છે. સંદેશ સ્પષ્ટ છે કે પેપર લીક કેસમાં સામેલ કોઈપણ વ્યક્તિ-સંસ્થાને બક્ષવામાં આવશે નહીં અને તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે નીટ-યુજી પરીક્ષા ૫ મેના રોજ દેશભરના ૪,૭૫૦ કેન્દ્રો પર લેવામાં આવી હતી અને લગભગ ૨૪ લાખ ઉમેદવારોએ તેમાં ભાગ લીધો હતો. પરીક્ષાનું પરિણામ ૪ જૂને જાહેર કરવામાં આવ્યું હતું, પરિણામ ૧૦ દિવસ અગાઉ જાહેર કરવામાં આવ્યું હતું. પરીક્ષાના પરિણામો પછી પેપર લીક અને અનિયમિતતાના આક્ષેપો ઉભા થયા હતા, કારણ કે ૬૭ થી વધુ વિદ્યાર્થીઓએ મહત્તમ ગુણ મેળવ્યા હતા, જેમાંથી કેટલાક એક જ પરીક્ષા કેન્દ્રના હતા. પોલીસ દ્વારા કરવામાં આવેલી પ્રાથમિક તપાસમાં બિહારમાં ગેરરીતિ અને પેપર લીકનો મામલો સામે આવ્યો હતો. આ સાથે કેટલાક ઉમેદવારોએ પરીક્ષાના એક દિવસ પહેલા પેપર મળ્યા હોવાનો દાવો કરીને જાહેરમાં સામે આવ્યા છે.

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવનું આમંત્રણ લંડનના વડાપ્રધાન ઋષિ સુનકને આપતા સંતો

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વોચ્ચ તીર્થસ્થાન વડતાલધામના ૨૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે દેશ વિદેશમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વડતાલના વર્તમાન ગાદીપતિ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી, મુખ્ય કોઠારીશ્રી ડો.સંત સ્વામી, ચેરમેન શ્રી દેવપ્રકાશ સ્વામી, પૂ.માધવપ્રિય સ્વામી, પૂ.નિત્યસ્વરૂપ સ્વામી વગેરે સંતો અમેરિકા લંડન જેવા દેશોમાં વસતા સંપ્રદાયના અનુયાયીઓને રૂબરૂ આમંત્રણ પાઠવી રહ્યા છે. આજ રોજ શ્રી કચ્છ સ્વામિનારાયણ મંદિર હેરો મુકામે વડતાલ મંદિરના મુખ્ય કોઠારી ડો.સંત સ્વામી અને પૂ.માધવપ્રિય સ્વામી-છારોડીએ લંડનના પ્રથમ હિન્દુ વડાપ્રધાન ઋષિ સુનકને શ્રીલક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવમાં લાભ લેવા માટે આમંત્રણ આપ્યુ હતુ.

આ સભા બોબ બ્લેકમેન પણ ખાસ ઉપસ્થિત હતા. તેમણે લંડનને પ્રથમ હિન્દુ પ્રાઈમ મિનિસ્ટર મળ્યા છે તેનુ ગૌરવ વ્યક્ત કર્યું હતુ અને કહ્યુ હતુ કે, આ વડાપ્રધાન સતત તમારા સહુ માટે કામ કરે છે અને અમને એમના માટે ગૌરવ છે. આજ ઈંગલેન્ડમા વડાપ્રધાન હોવા છતા હિન્દુ હોવાનું ગર્વ પૂર્વક જાહેરમાં સ્વીકારતા સુનક યુવકોના પ્રેરક - આઈકોન હોવા જોઈએ, એમ ડો.સંત સ્વામીએ જણાવ્યું હતું.. અને સારંગપુર મંદિરના કોઠારી વિવેકસાગર સ્વામી સહિત સંતોએ શ્રીહનુમાનજી ની પ્રતિમા અર્પણ કરી હતી તેનો સહર્ષ સ્વીકાર કરીને કહ્યુ હતુ કે, હનુમાન ચાલીસાનો પાઠ કરતી વખતે આ મૂર્તિ મારી સામે રાખીશ. મંદિરના પ્રમુખ સુરેશભાઈ, સેક્રેટરી રીકીનભાઈ અને સેવકોએ તમામ વ્યવસ્થા ગોઠવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ઘણા ગુજરાતીઓ પણ લંડનના કાઉન્સિલમાં મેમ્બર તરીકે સેવાઓ આપી રહ્યા છે.

અને સાળંગપુર મંદિરના કોઠારી શ્રી વિવેકસાગર સ્વામી સહિત સંતોએ શ્રીહનુમાનજીની પ્રતિમા અર્પણ કરી હતી તેનો સહર્ષ સ્વીકાર કરીને કહ્યુ હતુ કે, હનુમાન ચાલીસાનો પાઠ કરતી વખતે આ મૂર્તિ મારી સામે રાખીશ.

ઓલપાડ તાલુકાનાં પ્રાથમિક શિક્ષકોની સહકારી મંડળીની ૯૯ મી વાર્ષિક સાધારણ સભા મળી

(વિજય પટેલ દ્વારા)
ઓલપાડ,તા.૨૪

ધી ઓલપાડ તાલુકાનાં પ્રાથમિક શિક્ષકોની મર્યાદિત જવાબદારીવાળી પરસ્પર સહકારી શાખવાળી મંડળી લી.,ઓલપાડની ૯૯ મી વાર્ષિક સાધારણ સભા મંડળીનાં ચેરમેન કિરીટભાઈ પટેલનાં અધ્યક્ષસ્થાને યોજવામાં આવી હતી. આ પ્રસંગે મંડળીનાં વાઇસ ચેરમેન બળદેવભાઇ પટેલ, મંડળીનાં ભૂતપૂર્વ સેક્રેટરી ઠાકોરભાઈ પટેલ, ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં મહામંત્રી મહેન્દ્રસિંહ ઠાકોર, મંડળીના કારોબારી સભ્યો ઉપરાંત સભાસદ શિક્ષક ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં. સભાની શરૂઆતમાં તાજેતરમાં રાજકોટ દુર્ઘટનામાં સદગતિ પામેલ મૃતકો તથા અંત્રોલી પ્રાથમિક શાળાનાં અકસ્માતે સદગતિ પામેલ શિક્ષિકાબહેનને બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. મંડળીનાં જોઇન્ટ સેક્રેટરી ભરતભાઈ પટેલે ગત સભાનું પ્રોસિડિંગ વાંચી સંભળાવ્યું હતું જે સર્વાનુમતે બહાલ રાખવામાં આવ્યું હતું. તેમણે સને ૨૦૨૩/૨૪ નું પુંજી-દેવું રજૂ કરી કાર્યસૂચિ મુજબનાં મુદ્દાઓની ચર્ચા કરી હતી. મંડળીની પરંપરા મુજબ આ સભામાં ચાલુ વર્ષે નિવૃત્ત થયેલ શિક્ષક ભાઈ-બહેનોનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત સભાસદ ભાઈ-બહેનોનાં દીકરા-દીકરીઓ કે જેમણે એસ.એસ.સી. તથા એચ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે તેમને રોકડ રકમ અર્પણ કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતાં. અંતમાં સંસ્થાની પ્રગતિ અને સભાસદોનાં હિતનો ભાવ વ્યક્ત કરી આભારવિધિ મંડળીનાં મુખ્ય સેક્રેટરી મહેશભાઈ પટેલે આટોપી હતી. સભાને સફળ બનાવવા બીજા જોઇન્ટ સેક્રેટરી શશીકાંત પટેલે જહેમત ઉઠાવી હતી. તાલુકાનાં પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક યાદીમાં જણાવે છે.

સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓને નોટબુક વિતરણ કાર્યક્રમ યોજાયો

(વિજય પટેલ દ્વારા)
ઓલપાડ,તા.૨૪

ઔદ્યોગિક ગૃહોનાં સામાજિક ઉત્તરદાયિત્વનાં ભાગરૂપે ડેક્કન ફાઈન કેમિકલ્સ ઇન્ડિયા લિમિટેડ દ્વારા સરકારી શાળાઓનાં વિદ્યાર્થીઓને અભ્યાસમાં સહાયરૂપ થવાનાં હેતુસર નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત અંકલેશ્વર શહેરની સ્ટેશન શાળા નંબર ૨૨, મુખ્ય શાળા નંબર ૧, કન્યા શાળા બ્રાન્ચ નંબર ૧, ગોયા બજાર, હાંસોટ તાલુકાની એચ. જે. શેઠ કોમર્સ હાઈસ્કૂલ, એલ. સી. શેઠ હાઈસ્કૂલ, એચ. કે. પટેલ પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓને નિઃશુલ્ક નોટબુક વિતરણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે નિલેશ શાહ, એ.જી.એમ. પ્રોડક્શન, માધવ પ્રજાપતિ, અમન વર્મા, કિશન ગામી, હાર્દિક પટેલ શહીદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અંકલેશ્વરનાં શાસનાધિકારી ડો. દિવ્યેશ પરમાર, સામાજિક અગ્રણી અને શિક્ષક સંઘનાં પ્રમુખ ગજેન્દ્ર પટેલ સહિત શાળાઓનાં મુખ્યશિક્ષકો, શિક્ષકો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૪

સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ વિદ્યા પ્રસારક મંડળ, સ્વ. ડી.એમ. જોષી સ્મૃતિ ટ્રસ્ટ (મેડીકલ), મહિલા પરિષદ દ્વારા આયોજીત ''દશમો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'' નિમિતે અંકિત એજયુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી જે આ ટ્રસ્ટના પ્રણેતા યોગ ગુરૂ એવા જ્ઞાતિના મહિલા દિવ્યાબેન જોષી અને તેમના સહયોગી રૂપલબેન આંબલીયાના માર્ગદર્શન હેઠળ યોગ શીબીર યોજવામાં આવેલ જેમા બાજ ખેડાવાળ બ્રાહ્મણ સમાજની ૨૫ મહિલાઓએ ભાગ લઈ યોગ દિવસની ભવ્ય ઉજવણી કરેલ. જે ફોટામાં દ્રશ્યમાંન થાય છે. તેમજ મહિલા પરીષદ દ્વારા દિવ્યાબેન તેમજ રૂપલબેનનું સન્માન કરેલ.



પ.પૂ.મહંતસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં ઉજવાયો શિક્ષણ દિન

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય રાજકોટનાં યુવકો દ્વારા પ્રેરણાત્મક સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૪

રાજકોટ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની નિશ્રામાં છેલ્લા ૧૪ વર્ષથી છાત્રાલય ચાલી રહ્યું છે, જેમાં રહેતા યુવકો દ્વારા આજે 'પથદર્શક' મધ્યવર્તી વિચાર અંતર્ગત શિક્ષણ દિનની ભવ્યતાપૂર્વક ઉજવણી કરવામાં આવી. સાયંસભામાં આજે અનેક ભક્તોથી પ્રમુખસ્વામી સભાગૃહ હકડેઠઠ જોવા મળ્યો. બી.એ.પી.એસ. રાજકોટ છાત્રાલયના યુવકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયો, જેમાં છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓના વાલીઓ તેમજ શિક્ષણ જગતના અનેક મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

છાત્રાલયના યુવકો દ્વારા 'બ્રહ્માસ્ત્ર' નામક ખૂબજ રસપ્રદ સંવાદની પ્રસ્તુતિ કરવામાં આવી. જેમાં આજના યુવાનો કઠિન પરિસ્થિતિમાં પણ સ્થિર રહી શકે અને સત્સંગની સાથે સાથે જીવનમાં સમજણ પૂર્વકના પગલાં લઈ શકે તેવી પ્રેરણા પ્રાપ્ત થઈ હતી. ત્યાર-બાદ વિશેષ સિદ્ધિ મેળવનાર યુવકોને સંતોએ બિરદાવ્યા હતા. છાત્રાલયના યુવકો દ્વારા એક એક પિસ્તા પર સ્વામિનારાયણ નામ લખીને હાર તૈયાર કરાયો હતો, સાથે સાથે નાડાછડીમાંથી કલાત્મક ચાદર તૈયાર કરાઈ હતી જે સંતો દ્વારા પ.પૂ.મહંતસ્વામી મહારાજ ન અર્પણ કરવામાં આવી હતી.

ત્યારબાદ છાત્રાલયમાં રહેતા યુવકોના સ્વાનુભવો રજૂ થયા. જેમાં તેઓએ જણાવ્યું કે, છાત્રાલયના યોગથી અમે વ્યસનોથી દૂર રહી શક્યા, સભામાં નિયમિત બની શક્યા, અમારી કળાને વેગ અને નવી દિશા આપી શક્યા, અમારા અભ્યાસમાં પૂરતું ધ્યાન આપી શક્યા, મોબાઈલ અને સોશ્યલ મીડિયાથી દૂર રહી શક્યા.

રવિવારે યોજાનાર રવિસભામાં સમર્પણ દિનની ઉજવણી કરવામાં આવશે જેમાં 'સ્વામી સંકલ્પ સાકાર કરી દઈએ' વિષયક વિશિષ્ટ કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવશે તેમજ પ.પૂ. મહંતસ્વામી મહારાજના દર્શન અને આશીર્વચનનો લાભ પ્રાપ્ત થશે.

સ્વથી અલગ થઈને સ્વયંને અર્પણ કરવાની ભાવના સાથે સમર્પણ દિનની ઉજવણી

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર રવિવારની પ્રભાતે સૂર્યદેવના સોનેરી પ્રકાશથી તેમજ ગોંડલ અને કચ્છ - ભુજથી પધારેલા હજારો ભક્તોથી વધુ શોભાયમાન બન્યું હતું. પ.પૂ.મહંતસ્વામી મહારાજની પ્રાતઃ પૂજામાં ગોંડલથી ૧૦ સંતો અને ૫૭૬ જેટલા ભક્તો પદયાત્રા કરીને રાજકોટ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે પધાર્યા હતા. ગોંડલથી પધારેલ બાળકો અને યુવાનોએ બેન્ડ દ્વારા મંદિરના પ્રાંગણમાં પ.પૂ.મહંતસ્વામી મહારાજ સમક્ષ પોતાની કળા પ્રસ્તુત કરી હતી. કચ્છ અને ભૂજથી પણ ૪૨૫ જેટલા હરિભક્તો પ.પૂ.મહંત સ્વામી મહારાજના દર્શને પધાર્યા હતા. સ્વામીશ્રીની પ્રાતઃ પૂજામાં કચ્છના ભક્તો દ્વારા શ્રીહરિના કચ્છના પ્રસંગો સાથે કચ્છી ભાષામાં કીર્તનભક્તિ રજૂ કરવામાં આવી હતી. સાથે ગોંડલ અને ભુજ થી આવેલા હરિભક્તો દ્વારા પ.પૂ.મહંતસ્વામી મહારાજ સાથે પ્રશ્નોત્તરી થઈ હતી જેમાં પ.પૂ.મહંતસ્વામી મહારાજે સર્વે હરિભક્તોને સત્સંગ સાચો છે એ વિશ્વાસ રાખીને દ્રઢતા રાખવી એવા આશીર્વચન પાઠવ્યા હતા.

આજ રોજ મંદિરમાં બિરાજમાન ઘનશ્યામ મહારાજની મૂર્તિના કલાત્મક પુષ્પોના શણગાર ૧૭ કલાક સુધી મહેનત કરીને સંતો અને વલસાડના યુવકો દ્વારા તૈયાર કરવામાં આવ્યા હતા.

સંધ્યા રવિસભામાં ૭૫૦૦ હરિભક્તો સાથે મેઘવર્ષા પણ 'સમર્પણ દિન'ને વધાવવા પધાર્યા હતા. રવિસભાની શરૂઆત મેઘના સૂરો સાથે તાલ મિલાવતાં સંગીતજ્ઞ યુવાવૃંદ દ્વારા ધૂન, પ્રાર્થનાં અને સ્તુતિ દ્વારા થઈ અને પારાયણ પૂજન બાદ, વિચક્ષણ વિચારક એવા વક્તા સંત પૂ. આદર્શજીવન સ્વામીએ બલિરાજાના સમર્પણની ગાથા તેમજ અન્ય સમર્પિત ભક્તોના પ્રસંગો દ્વારા ભક્તોમાં સેવા સમર્પણની પ્રેરણા પાઠવી હતી. બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થાની ગુરુપરંપરા અને હરિભક્તોના અનંત સમર્પણની ગાથા સમજાવતા તેઓએ જણાવેલ કે, 'સર્વે હરિભક્તોએ કરેલ સમર્પણ ફક્ત અનંત ગણું થઈને પાછુ નથી આવતુ પરંતુ ભક્તોના હૃદય સોનાના કરી નાખે છે.' સમર્પણ દિન સ્વામી સંકલ્પ કરી દઈએ એવા મધ્યવર્તી વિચારને લઈને યુવકો દ્વારા સમર્પણની ગાથાને સ્કિટ દ્વારા વર્ણવવામાં આવી હતી જેમાં બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થાના મજબૂત આધારસ્તંભ એટલે કે હરિભક્તો અને સંતોના સમર્પણની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

VYO ના વ્રજરાજકુમારજી આજથી ૬ જુલાઈ સુધી રાજકોટમાં રોકાણ કરશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૪

રાજકોટમાં **VYO** શ્રીનાથ ધામ હવેલી, નાના મવા રોડ ખાતે તારીખઃ- ૨૪ જૂન થી ૬ જુલાઈ દરમ્યાન વૈષ્ણવાચાર્ય પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રીની મંગલ ઉપસ્થિતિમાં શ્રીનાથ ધામ હવેલી ખાતે ૩ જુલાઈ બુધવારના રોજ સવારે ૯:૩૦ કલાકે પૂજ્ય શ્રી દ્વારા ઠાકોરજી પુષ્ટીકરણ કરવામાં આવશે. ૨૪ જૂનથી ૬ જુલાઈ દરમ્યાન રાજકોટ ખાતે દરરોજ પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રીના સ્વમુખેથી સવારે ૭ થી ૭:૩૦ અને રાત્રે ૯:૩૦ થી ૧૦ કલાક ''હરિનામ સંકીર્તન'' અને શ્રી કૃષ્ણ ધ્યાન કરાવવામાં આવશે તેમજ પૂજ્ય શ્રી દ્વારા દરરોજ મંગળા દર્શનમાં શ્રી ગીરીરાજજી પ્રભુને દુગ્ધાભિષેક કરવામાં આવશે. આ દિવસો અંતર્ગત પૂજ્યશ્રીને મળવા એવમ આશીર્વાદ મેળવવાનો સમય રાજભોગ દર્શન આરતી પછી સવારે ૧૧ થી ૧૨ અને શયન દર્શન આરતી પછી સાંજે ૭ થી ૮ કલાક, સત્સંગ અને પધરામણીનો અનેરો લાભ શહેરીજનોને પ્રાપ્ત થશે. ૨૧ જુલાઈ (રવિવાર) ના રોજ સવારે ગુરૂપૂર્ણિમાના શુભ દિવસે પૂજ્યશ્રી દ્વારા શ્રી ઠાકોરજી સમક્ષ ''બ્રહ્મસંબંધ દીક્ષા'' આપવામાં આવશે. પૂજ્યશ્રીના દરેક કાર્યક્રમની વિગતવાર માહિતી ૭૬૦૦૦૭૦૫૫૯ નંબરથી **whatsapp** ગ્રુપમાં મળતી રહેશે. વધુ વિગત માટે ૭૨૨૬૯૯૭૬૬૪ નંબર પર સંપર્ક કરવો. તેમ જણાવ્યું છે.

ગુજરાત કોળી ઠાકોર દ્વારા ગુજરાત પ્રમુખપદે જયેશ ઠાકોરની નિમણુંક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૪

ગુજરાત કોળી ઠાકોર સેના દ્વારા રાજકોટમાં કોળી ઠાકોર સેનાની ગુજરાત પ્રમુખ જયેશ ઠાકોર દ્વારા નિમણુક આપવામાં આવી. જેમાં હાજરી આપી ગુજરાત કોળી ઠાકોરસેના પ્રમુખ જયેશ ઠાકોર ગુજરાત કોળી ઠાકોરસેના મહિલા પ્રમુખ રેખાબેન સગારકા સૌરાષ્ટ્ર પૂર્વ ઝોન પ્રમુખ કલ્પેશભાઈ બાવરીયા ઉદય મેઘાણી ફિલ્મ અભિનેતા રાજકોટ શહેર પ્રમુખ સંજયભાઈ દેરવાડીયા સજકોટ શહેર પ્રમુખ રવીનાબેન ઠાકોર પ્રવિણાબેન સીતાપરા સૌરાષ્ટ્ર પ્રમુખ મીનાબેન જાદવ સૌરાષ્ટ્ર ઉપપ્રમુખ પ્રવિણાબેન રાઠોડ, વોર્ડ નંબર એક મહિલા પ્રમુખ સોનલબેન સુરેલા વોર્ડ નંબર ૩ અનસુયાબેન ધોળકિયા મહિલા પ્રમુખ વોર્ડ નંબર ૨ વિધિબેન ગોહેલ મહિલા પ્રમુખ, વોર્ડ નંબર ૧૩ ઉમિયા એંધાણી, વોર્ડ નંબર ૧૮ ભારતીબેન રોજાસરા, વોર્ડ નંબર ૧૪ રશ્મિતાબેન કટેશીયા, વોર્ડ નંબર ૧૫ પ્રતિ-માબેન કુમારખાણીયા, વોર્ડ નંબર ૩ અંજનાબેન ડાભી, સરદાર તાલુકા પ્રમુખ બકુલભાઈ પરમાર, વોર્ડ નંબર ૧૨ કેતનભાઇ ગોહિલ, વોર્ડ નંબર ૧૧ મયુરભાઈ સરવૈયા, પ્રમુખ મુકેશભાઈ ઓળકિયા, વોર્ડ નંબર ૪ વિજયભાઈ શાંતિભાઈ, વોર્ડ નંબર ૬ ભરતભાઈ ચણિયારા, વોર્ડ નંબર ૧૫ દીપકભાઈ સોરાણી, વોર્ડ નંબર ૧૩ હરેશભાઈ એંધાણી, શહેર ઉપપ્રમુખ અજીતભાઈ કીડિયા રાજકોટ મેટોડા પ્રમુખ દિનેશભાઈ ખવાડીયા, વોર્ડ નંબર ૬ હિતેશભાઈ વાઘોડિયા, વોર્ડ નંબર ૬ ઉપપ્રમુખ રોહિતભાઈ ચણિયારા, વોર્ડ નંબર એક પ્રમુખ અનિલભાઈ મકવાણા, વોર્ડ નંબર ૧૫ ભરતભાઈ કુમારખાણીયા સમસ્ત કોળી સમાજની રાજકોટ ખાતે જિલ્લા અને શહેરમાં વોર્ડ વાઇઝ નિમણૂક આપવામાં આવી છે. કોળી સમાજમાં એકતા જળવાઈ રહે અને સમાજમાં સેના હર હંમેશા તત્પર રહેશે નાનામાં નાના માણસથી લઈ અને બધા જ ને સમાન રીતે સાથે લઈને ચાલનાર કોળી ઠાકોર સેના હર હમેશા કોળી સમાજના તો કામ કરશે જ સાથે સાથે સર્વ સમાજને સાથે લઈ અને સર્વના પ્રશ્નોનું નિરાકરણ લાવશે. તેમ જયેશ ઠાકોરએ જણાવ્યું છે.

પુજીત રૂપાણી ટ્રસ્ટમાં યોગ દિનની ઉજવણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૪

તાજેતરમાં ૨૧ જૂનના રોજ પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટના ભવન કિલ્લોલ ખાતે ટ્રસ્ટના જ્ઞાનપ્રબોધિની પ્રોજેક્ટ અને સ્ટ્રીટચિલ્ડ્રન પ્રોજેક્ટના મયુરનગર સેન્ટરના ૧૨૫ થી ૧૫૦ વિદ્યાર્થીઓ દ્વારા વિશ્વ યોગદિન ઉજવણી સ્વરૂપે વિવિધ યોગ, પ્રાણાયામ, સૂર્ય નમસ્કાર કરવાનો એક કાર્યક્રમ યોજાઈ ગયો.

આજના આ કાર્યક્રમમાં બાળકો દ્વારા અલગ અલગ યોગાસન જેવા કે તાડાસન, ત્રિકોણાસન, સૂર્યનમસ્કાર, પશ્ચિમોતાસન, ગૌમુખાસન વગેરે આસન કરવામાં આવેલ. આસાન પ્રાણાયામ વગર અધુરા હોય બાળકોને બાહ્ય કુંભક, આંતર કુંભક, કુંભક વિશે સામાન્ય માહિતી આપવામાં આવી હતી અને ભસ્ત્રિકા, કપાલભાતિ, ભ્રામરી પ્રાણાયામ, અનુલોમ વિલોમ વગેરે પ્રાણાયામનો અભ્યાસ કરાવવામાં આવેલ હતો. યોગ ભગાડે રોગ જેવા સ્લોગનથી માહિતગાર કરવામાં આવેલ હતા.

મનને એકાગ્ર કરવા, આત્મા સાથે જોડાણ કરવા, ખાસ ધ્યાનનો અભ્યાસ કરાવવા આ સમગ્ર કાર્યક્રમ માટે ટ્રસ્ટના ટ્રસ્ટી અંજલીબેન રૂપાણીના ખાસ માર્ગદર્શન હેઠળ વહીવટી અધિકારી ભાવિનભાઈ ભટ્ટ, કો-ઓર્ડિનેટર સાગરભાઈ પાટીલ, કર્મચારી શિક્ષક પ્રીતીબેન મેહતા, વલ્લભભાઈ વરચંદ, પ્રેમભાઈ જોશી તથા અંજનાબેન રત્નોતર, ધાનીબેન મકવાણા, શિલ્પાબેન કુમારખાણીયાએ જહેમત ઉઠાવેલ અને કાર્યક્રમને સફળ બનાવેલ. આ તકે ટ્રસ્ટના ટ્રસ્ટી અંજલીબેન રૂપાણીએ વિશ્વ યોગ દિનની સર્વેને શુભેચ્છાઓ પાઠવી હતી.

વિશેષ માહિતી માટે ટ્રસ્ટના વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટનો પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ ખાતે રૂબરૂ અથવા ફોન નં.૦૨૮૧-૨૭૦૪૫૪૫ દ્વારા સંપર્ક સાધવા એક યાદીમાં જણાવાયું છે.

રાજુલા વનવિભાગે ટ્રેકર અને રેલ્વે સેવકોનું પ્રશાંતપત્ર આપી સન્માનિત કરાયાં

(ધર્મેશ મહેતા દ્વારા)
રાજુલા,તા.૨૪

રાજુલા શહેરમાં આવેલ વનવિભાગ કચેરી ખાતે નાયબ વન સંરક્ષક શેત્રુંજી વન્યજીવ વિભાગ પાલીતાણાના માર્ગદર્શન હેઠળ રેલ્વે ટ્રેક પર સિંહના સંરક્ષણ માટે ટ્રેન દ્વારા અકસ્માત ન બને તે હેતુથી વન્યજીવ રેન્જ રાજુલા ખાતે ફરજ બજાવતા તમામ રેલ્વે સેવકો અને ટ્રેકર્સ દ્વારા રેલવેટ્રેક પર વન્યપ્રાણી અકસ્માત નીવારવા માટે શ્રેષ્ઠ કામગીરી કરી વન્યપ્રાણીઓનો જીવ બચાવ્યો હતો. જે બદલ રાજુલા વનવિભાગ ટીમ દ્વારા રેલ્વે સેવકો તથા ટ્રેકર્સને એ.સી.એફ તથા આર.એફ.ઓ. યોગરાજસિંહ રાઠોડના વરદહસ્તે પ્રશાંતપત્ર આપી સન્માનિત કરવામા આવ્યાં હતાં.

અન્ય તમામ ટ્રેકર્સ, રેલ્વેસેવકો, રેસક્યુ ટીમ અને સ્ટાફ દ્વારા સુંદર કામગીરી કરેલ તે કામગીરીને બિરદાવવામાં આવી હતી. સાથોસાથ ચોમાસા દરમિયાન રેલ્વેટ્રેક પર સિંહ અકસ્માત નિવારવા માટે સાવચેતી માટે શુ પગલાં ભરવાએ અંગે માર્ગદર્શન આપવામાં આપ્યું હતું. આ તકે જી.એલ.વાઘેલા એ.સી.એફ (અમરેલી), વાય.એમ.રાઠોડ (રેન્જ ફોરેસ્ટ ઓફીસર વન્યજીવ રેન્જ રાજુલા), વનપાલ વીક્ટર કે.કે.મકવાણા, વનપાલ બાબરીયાધાર એચ.જે.સરવૈયા, આર.પી.વઘાસીયા વનપાલ ધારેશ્વર, આઇ.વી.ગોહિલ વનપાલ સુચિત રેસ્ક્યુ ટીમ-૧, વાય.એમ. આસ્કાની વનપાલ રેપીડ એક્શન ફોર્સ, જે.પી.ચૌહાણ વનરક્ષક રાજુલા બીટ-૦૧, એમ.એ.માંગાણી વનરક્ષક રેલ્વેટ્રેક બીટ-૧, એ.આર.ચુડાસમા વનરક્ષક વિક્ટર બીટ, એચ.આર.બારૈયા વનરક્ષક બર્બટાણા બીટ, સી.એસ.ભીલ. વનરક્ષક રેલ્વેટ્રેક બીટ-૨ તેમજ તમામ ટ્રેકર્સ, રેલ્વે સેવકો સહિત વનવિભાગ ટીમ હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

શિશુવિહાર તથા શ્રી સહજાનંદ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફિજીયોથેરાપી યોજિત

ડાયમંડ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલના સહયોગથી સાર્વજનિક નિદાન અને દવા વિતરણ કેમ્પ યોજાયો

(નટવરલાલ ભાતિયા દ્વારા)

ભાવનગરઃ ભાવનગર શહેરની જાણીતી સામાજિક સંસ્થા શિશુવિહાર તથા શ્રી સહજાનંદ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફિજીયોથેરાપી યોજિત ડાયમંડ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલના સહયોગથી સાર્વજનિક નિદાન અને દવા વિતરણ કેમ્પ તા.૨૩ જૂન રવિવારના રોજ સંસ્થા પ્રાંગણમાં યોજાયો. ૨૩૫ થી વધુ દર્દીઓની વિનામૂલ્યે નિદાન કરી જરૂરી દવાઓ તથા ડાયાબિટીસ, બીપી અને ઇ.સી.જી જેવી સુવિધાઓ દર્દીઓને નિઃશુલ્ક લાભ મેળવ્યો હતો. આ પ્રસંગે ભાવનગર રેડક્રોષ બ્લડ બેંક દ્વારા ખાસ રક્તદાન શિબિર યોજવામાં આવેલ. જેમાં ભાગ લેવા યુવા રક્ત દાતાઓને રકતદાન કર્યું હતું.

શહેર ભાજપ દ્વારા ડો. શ્યામાપ્રસાદ મુખરજી બલીદાન દિવસ અંતર્ગત પુષ્પાંજલી અર્પણ કરાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૪

ભારતીય જનસંઘના સ્થાપક ડો. શ્યામાપ્રસાદ મુખરજી એક રાજનિતિજ્ઞ, વિચારક અને દેશભકત હતા. ત્યારે ડો. શ્યામાપ્રસાદ મુખરજી 'બલિદાન દિવસ' શહેર ભાજપ દ્વારા ભકિતનગર સર્કલ પાસે આવેલ રમેશભાઈ ટીલાળાના કાર્યાલયમાં ડો.શ્યામાપ્રસાદ મુખરજીના ફોટાને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી. આ તકે પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, ધારાસભ્ય ઉદય કાનગડ, રમેશભાઈ ટીલાળા, પ્રદેશ યુવા મોરચા અધ્યક્ષ ડો.પ્રશાંતભાઈ કોરાટ, શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિહ ઝાલા, પૂર્વ પ્રમુખ

કમલેશ મિરાણી, શહેર ભાજપના ઉપપ્રમુખ, મંત્રી, કોષાધ્યક્ષ, કાર્યાલય મંત્રી, શહેર મોરચાના પ્રમુખો, કારોબારી સભ્યો સહીતના સાથે વિવિધ શ્રેણીના આગેવાનો અને કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશભાઈ જોષીએ જહેમત ઉઠાવી હતી. તેમ જણાવ્યું છે.

રાજકોટ મનપામાં પદાધિકારીઓ બદલાશે કે મનપા સુપરસિડ થશે?

- મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વચ્ચે ચાલી એક કલાક લાંબી બેઠક
- ચૂંટણી સમયે ભાજપના નેતાઓ દ્વારા કરાયેલ કામગીરીનો રિપોર્ટ સોંપાયો

ગાંધીનગર, તા.૨૪

૯ જૂનના વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીએ ત્રીજી વખત શપથ લઈ ઈતિહાસ રચ્યો હતો. ત્યારબાદ શનિવાર ૨૨ જૂનના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દિલ્હી પહોચ્યાં હતાં જ્યાં તેમને વડાપ્રધાન મોદીએ અભિનદન પાઠવ્યા હતા. પરંતુ આ બેઠક અભિનંદન અને શુભેચ્છા પૂરતું સિમિત ન હતી. એક કલાકની લંબાણપૂર્વક ચર્ચામાં ગુજરાતના રાજકારણ, મંત્રીમંડળ વિસ્તરણ અને રાજકોટ અગ્નિકાંડ વિશે વિશેષ ચર્ચા થઈ હતી.

૨૫ મેના રાજકોટ અગ્નિકાંડમાં ૨૭ લોકોના મૃત્યુ થયા હતા. ત્યારબાદ કોંગ્રેસ સ્થાનિક થી લઇ દિલ્હી સુધી આક્રમક રહી છે. શનિવારે કોંગ્રસ સાંસદ અને પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પણ પીડિત પરિવાર સાથે ઝૂમ દ્વારા વિડિયો કોન્ફરન્સ વાતચીત કરી હતી. આ મામલો સંસદમાં પણ લઈ જવા તૈયારી દર્શાવી છે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે થયેલ વાતચીતમાં અગ્નિ કાંડ બાદ સરકાર દ્વારા કેવા પગલાં લેવાયા તેની વિસ્તૃતમાં ચર્ચા થઈ હતી.

આ ઉપરાંત રાજકોટ મનપાના ટીપીઓ, ફાયર સહિતના વિભાગોના અધિકારીઓ જેલમાં છે તો અમુક રિમાન્ડ પર છે. તો શું હવે મનપાના પદાધિકારીઓ પણ છાંટા ઉડશે તેવી એક ચર્ચા જાગી છે. એવું મનાય રહ્યું છે કે વડાપ્રધાન આકરા પગલાં લેવાની તૈયારીમાં છે. ઉલ્લેખનિય છે કે મોરબી ઝૂલતો પુલ તૂટ્યા બાદ આખી નગરપાલિકા સુપર સિડ કરવામાં આવી હતી. રાજકોટ મનપામાં શું પદાધિકારીઓ બદલાશે કે આખી મનપા સુપર સિડ થશે તે ટુંક સમયમાં જોવાનું રહ્યું.

હવે ટૂંક સમયમાં અષાઢી બીજ ની રથયાત્રા બાદ રાજ્યના કેબિનેટ મંત્રીમંડળમાં ફેરબદલ થશે. વધુ મંત્રીઓ ઉમેરાશે તો અમુક કપાશે તો આ બાબતે મુખ્યમંત્રીએ વડાપ્રધાનનું માર્ગદર્શન મેળવ્યું હોય તેવું સૂત્રો જણાવે છે. ઉલ્લેખનિય છે કે આગામી સમયમાં હવે પંચાયતની ચૂંટણીઓ યોજાશે અને ત્યારબાદ એક વર્ષમાં અલગ અલગ મનપાની પણ ચૂંટણી આવશે તેથી હવે તે રીતે મંત્રી મંડળમાં ફેરફાર કરાશે.

હાલમાં જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ દ્વારા રાજ્યના તમામ સાંસદો અને ઉમેદવારો સાથે લોકસભા ચૂંટણી અંગે બેઠક યોજી હતી જેમાં કોને કેવી કામગીરી કરી તેનો રિપોર્ટ મેળવ્યો હતો. આ ચૂંટણી દરમ્યાન જેને ભાજપ વિરૂધ્ધ કામગીરી તેનો રિપોર્ટ પણ પ્રધાનમંત્રીને સોંપાયો હતો. સમગ્ર રિપોર્ટ બાદ હવે વડાપ્રધાન મોદી અને ગૃહ મંત્રી અમિત શાહ પગલાં લેશે તેવું મનાઈ રહ્યું છે.

જૂનાગઢના સાંસદ સામે ભાજપના જ કાર્યકરે નોંધાવી પોલીસ ફરિયાદ

ભાજપના કારોબારી સભ્ય રાકેશ દેવાણીએ કરી ફરિયાદ

જૂનાગઢ, તા.૨૪

જૂનાગઢના સાંસદ રાજેશ ચુડાસમા સામે ફરિયાદ કરવામાં આવી છે. જેમાં ભાજપના જ કાર્યકરે પોલીસ ફરિયાદ નોંધાવી છે. તેમાં ભાજપના કારોબારી સભ્ય રાકેશ દેવાણીએ ફરિયાદ કરી છે. સાંસદની ખુલ્લી ધમકીથી પોતે દહેશતમાં હોવાની રજુઆત કરી છે. જેમાં ડો.અતુલ ચગ આપઘાત કેસમાં સાંસદનો વિરોધ કર્યો હતો.

ભાજપના કારોબારી સભ્ય રાકેશ દેવાણીએ મળતીયા મારફતે હુમલો કરાવે તેવી દહેશત વ્યક્ત કરી છે. જેમાં જાહેર મંચ પરથી ધમકી બાદ મામલો ગરમાયો છે. તેમાં મને જે નડ્યા છે તેને હું નહીં મુકુની ધમકી આપી હતી. જેમાં ધમકી મામલે તેમની સામે કાયદેસર કાર્યવાહી કરવા માગ કરવામાં આવી છે. જેમાં જૂનાગઢના સાંસદ રાજેશ ચુડાસમા વિરુદ્ધ ભાજપના જ કાર્યકર દ્વારા પોલીસમાં ફરિયાદ કરવામાં આવી છે. તેમાં રાજેશ ચુડાસમાની જાહેર મંચ પરથી ધમકી બાદ મામલો ગરમાયો છે. ભાજપ હિસાબ કરે કે ના કરે પરંતુ મને જે નડ્યા છે તેને હું નહીં મુકુ તેમ સાંસદ રાજેશ ચુડાસમાએ પ્રાચી ખાતે જાહેર કાર્યક્રમમાં વિરોધીઓ માટે આ ધમકી ઉચ્ચારી હતી.

જિલ્લા ભાજપના કારોબારી સભ્ય અને લોહાણા અગ્રણી રાકેશ દેવાણીએ આ મામલે પોલીસ ફરિયાદ કરી છે. જેમાં જિલ્લા પોલીસ વડાને લેખિત ફરિયાદ આપી છે. તેમાં સાંસદની ખુલ્લી ધમકીથી પોતે દહેશતમાં હોવાની રજુઆત કરી છે. ગત ચૂંટણી માં ડો.અતુલ ચગ આત્મહત્યા મામલે સાંસદનો વિરોધ કર્યો હતો. જેમાં સાંસદ ચુડાસમા તેના મળતીયા મારફતે હુમલો કરાવે તેવી દહેશત વ્યક્ત કરવામાં આવી છે. સાંસદના જાહેર ધમકી મામલે તેની વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવા માગ પણ કરાઇ છે.

રાજકોટમાં સેન્ટ્રલ જેલમાંથી દુષ્કર્મના કેસના આરોપીનો દીવાલ કૂદી ભાગવાનો પ્રયાસ

રાજકોટ, તા.૨૪

રાજકોટ સેન્ટ્રલ જેલમાં કાચાકામના કેદીનો જેલની દીવાલ કૂદી નાસી છુટવાના પ્રયાસ કર્યો હતો. આજીડેમ પોલીસ મથકના વિસ્તારમાં દુષ્કર્મના ગુનામાં જેલવાસમાં રહેતા કેદીએ બાથરૂમના પાઈપ વડે ચડતી વેળાએ નીચે પટકાતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા પ્ર.નગર પોલીસે કાર્યવાહી કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સેન્ટ્રલ જેલમાંથી કાચાકામના કેદી રાહુલ ચંદુભાઈ વાઘેલા (ઉ.વ.૨૪) બપોરે જેલ બેરેકની દીવાલ પરથી પટકાતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા પ્ર.નગર પોલીસ મથકના જમાદાર કલ્પેશભાઈ ડાંગર સહિતે તપાસ કરતા રાહુલ આજીડેમ પોલીસ મથકના વિસ્તારમાં ૨૫ વારિયા કવાર્ટરમાં રહેતો હોવાનું અને પોલીસે તેની સામે તા.૧૧ના રોજ દુષ્કર્મની ફરિયાદ પરથી ગુનો નોંધી તેની તા.૧૩ના રોજ ધરપકડ કરી તપાસ બાદ તેને જેલ હવાલે કર્યો હોવાનુ બહાર આવ્યું હતું.

પોલીસની વધુ તપાસમાં જેલવાસમાં ગમતું નહીં હોય રવિવારે બેરેકમાંથી બહાર આવી પાઇપ વડે ચડીને નાસી જવાનો પ્રયાસ કરતા ગાર્ડનું ધ્યાન પડી જતા દેકારો કરતા ઝડપથી ચડવા જતા નીચે પટકાયો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવતા પોલીસે તેની વધુ પૂછતાછ હાથ ધરી હતી.

સૌરાષ્ટ્રના ૭ ડેમોમાં નવા પાણીની આવક

રાજકોટ તા. ૨૪

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં મેઘરાજાએ જમાવટ શરૂ કરી છે, જેના કારણે સૌરાષ્ટ્રના ૭ ડેમોમાં નવા પાણીની આવક થઇ હતી. રાજકોટના ન્યારી-૨ ડેમ ઉપર ધોધમાર ૨ ઈંચ વરસાદ પડતા ડેમમાં પોણા ફૂટ નવા પાણીનો વધારો થયો હતો. અને હાલની કુલ જીવંત સપાટી ૮૩ ફુટે પહોંચી છે. આવી જ રીતે ફોફળમાં ૦.૧૦ ફુટ, તો આજી-૧માં ૦.૧૦ ફુટ નવું પાણી આવ્યું છે. આજી-૧ની સપાટી ૨૦.૮૦ ફુટે પહોંચી છે.

આ ઉપરાંત મોરબીના મચ્છુ-૨ માં ૦.૬૯ ફુટનો વધારો થતા હાલ જીવંત સપાટી ૮.૧૦ ફુટ થઇ છે. જયારે બ્રાહ્મણી-૨ માં ૦.૧૬, વઢવાણ ભોગાવો-૨ માં ૦.૨૦ તથા લીંબડી ભોગાવો-૨માં ૦.૧૬ ફુટનો વધારો નોંધાયાનું ડેમના કન્ટ્રોલ રૂમના અધીકારીઓ ઉમેરી રહ્યા છે.

વરસાદે રાજકોટ મનપાના ભ્રષ્ટ તંત્રની પોલ ખોલી

અનેક વિસ્તારો તથા મુખ્ય માર્ગો પર પાણી ભરાયાઃ સીટી બસ બંધ પડી

રાજકોટ,તા.૨૪

ગઈકાલે રવિવારે રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં વરસાદી માહોલ જામ્યો હતો અને સાંજે રાજકોટમાં પોણો ઈંચ વરસાદ વરસ્યો હતો. પરંતુ માત્ર ધીમી ધારે પોણા ઈંચ વરસાદમાં પણ અનેક વિસ્તારો તથા મુખ્ય માર્ગો પર પાણી ભરાયાં હતાં. ૧૫૦ ફૂટ રીંગ રોડ પર નાના મવા સર્કલ પાસે બ્રિજ નીચે પાણી ભરાયા બાદ બીઆરટીએસ ઇલેક્ટ્રિક બસ બંધ પડી હતી.

માત્ર અડધા થી પોણા ઈંચ વરસાદમાં બસના ટાયર પાણીમાં ગરકાવ થયા અને બંધ પડી. સિનિયર સિટીઝન, મહિલાઓ સહિત મુસાફરોને બસ નીચે ઉતરી અને ગોઠણ ડૂબ પાણીમાં ચાલીને બહાર જવું પડ્યું હતું. એક પણ અધિકારી, કોર્પોરેટર કે તંત્ર તરફતી કોઈપણ વ્યક્તિ મદદે પહોચ્યું ન હતું. આ સાથે જ ૧૫૦ ફૂટ રિંગ રોડ પર આવેલ જેડ બ્લુ શો રૂમના સામે રેસ્ટોરન્ટની બહાર પાર્ક થયેલ બે ગાડીઓ રસ્તાની અંદર સરકી ગઈ. આ જગ્યાએ અઠવાડીયા પહેલા ડ્રેનેજનું કામ થયું હતું.

રાજયના અર્ધા કરતા વધુ ભાગો-૧૩૦ તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. પ્રથમ વરસાદ જ જીવલેણ બન્યો હોય તેમ અમરેલી જીલ્લામાં ત્રણ તથા રાજકોટના ધોરાજીમાં એક વ્યક્તિનું મોત નિપજયું હતું.

લાંબા વખત સુધી ભીષણ ગરમી-હીટવેવનો સામનો કરતા સૌરાષ્ટ્ર-કચ્છમાં છેવટે રવિવારથી મેઘરાજાએ એન્ટ્રી લીધી હતી. સાર્વત્રિક વરસાદનો માહોલ બંધાવા સાથે મેઘસવારી શરૂ થઈ હતી. જુનાગઢ, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા, જામનગર, બોટાદ, ભાવનગર, રાજકોટ, અમરેલી, મોરબી તથા કચ્છ સહિત તમામ જીલ્લાઓમાં મેઘરાજાની પધરામણી થવા સાથે હળવો ભારે વરસાદ નોંધાયો હતો. સૌરાષ્ટ્ર-કચ્છ ઉપરાંત દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં પણ વરસાદ થયો હતો.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે આજે સવારે પુરા થયેલા ચોવીસ કલાક દરમ્યાન રાજયના ૧૩૦ તાલુકાઓમાં સામાન્ય ઝાપટાથી માંડીને સાડા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ ૮૮ મી.મી. (સાડા ત્રણ ઈંચ) વરસાદ જુનાગઢ જીલ્લાના મેંદરડામાં નોંધાયો હતો. દેવભૂમિ દ્વારકાના ખંભાળીયામાં ત્રણ ઈંચ, ગીર સોમનાથના તલાલામાં અઢી ઈંચ, જુનાગઢ શહેર તથા જીલ્લા ઉપરાંત વંથલીમાં સવા બે ઈંચ, જામનગરના કાલાવાડમાં સવા બે ઈંચ, બોટાદ, વિસાવદર, પાલીતાણા, લોધીકામાં બે-બે ઈંચ વરસાદ હતો. સાવરકુંડલા, (જુઓ.પાનું.૫)

સૌરાષ્ટ્ર-કચ્છમાં વીજળી ગૂલ થવાની ૯૧૩ ફરિયાદ

રાજકોટ, તા.૨૪

રાજકોટ શહેરમાં વરસાદને કારણે ૧૧ વીજ પોલ ડેમેજ થયા છે. જૂનાગઢમાં ૪ વીજ પોલ અને ૧ ટીસી ડેમેજ થયા છે. અહીંના ૩ ગામોમાં વીજળી બંધ હોવાથી લોકો ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે. આ ઉપરાંત ભાવનગરમાં ૧૩, અમરેલીમાં ૧૧ અને સુરેન્દ્રનગરમાં ૨૦ વીજ પોલ ડેમેજ થઈ ગયા છે. આ સાથે જ રાજકોટ પીજીવીસીએલ હેઠળ આવતા સૌરાષ્ટ્ર અને કચ્છના ૫૯ ગામોમાં વીજ પોલ ડેમેજ થયા છે.

છેલ્લા ૨૪ કલાકમાં આવેલ ભારે વરસાદને કારણે સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાંથી પીજીવિસીએલનાં કસ્ટમર કેર સેન્ટરમાં વીજળી જતી રહેવાની કુલ ૯૧૩ ફરિયાદ નોંધાઈ હતી, જેમાં હાલ ૩૧૭ ફરિયાદો પેન્ડિંગ છે. જ્યારે રાજકોટ શહેરમાં કુલ ૨૪૯ ફરિયાદ નોંધાઈ હતી, જેમાં હાલ ૮૮ ફરિયાદ પેંડિંગ છે. બાકી રહેતી ફરિયાદો આજ બપોર સુધીમાં સોલ્વ કરવા ટેકનિકલ ટીમો ફરજ પર હાજર છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફકત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.